શ્રી

પંચ મંગલ મહાશ્રુત સ્કંધ

# શ્રી નમસ્કાર મહામંત્ર




## શ્રી નમસ્કાર મહામંત્ર નું
# અનુપ્રેક્ષાત્મક વિજ્ઞાન

— મુનિરાજ શ્રી અરૂણવિજય મ.

卐 "નમો ભાવની આવશ્યકતા" 卐

પ્રવચન ૨ [૨] અષાઢ વદ ૩

રવિવાર તા. ૧-૮-૮૮

# "નમસ્કાર ભાવની આવશ્યકતા"

નમસ્કરણીય...વંદનીય.... પૂજનીય....સ્મરણીય.... આદરણીય.... એવા પંચપરમેષ્ઠિ ભગવંતોના ચરણકમલમાં અનન્તવાર નમસ્કાર કરવા પૂર્વક....

ताणं अन्नं तु नो अत्थि, जीवाणं भवसायरे ।
वूडुताणं इमं मुत्तुं, नमुक्कारं सुपोययं ॥

ભવસાગરમાં ડૂબતા એવા જીવોને આ સંસારમાં બચાવનાર-રક્ષાકરનાર કે ત્રાણદાતા નવકાર મહામંત્ર સિવાય બીજો કોઈ નથી. નવકાર મહામંત્ર રૂપી નાવા (નૌકા) જ ત્રણ રક્ષણ આપનાર છે.

આત્મા અનાદિ-અનન્ત શાશ્વત છે. અને નવકાર મહામંત્ર પણ અનાદિ-અનન્ત શાશ્વત છે. બન્ને નિત્યભાવે શાશ્વત છે. નિત્ય પદાર્થો તત્ત્વની ગણતરીમાં આવે છે. ક્ષણિક કે નાશવંત કરતાં નિત્ય-અવિનાશી ભાવોની વિશેષતા જગતમાં વધુ રહે છે. નમસ્કાર ધર્મ છે, અને તેનો ધર્મી તે આત્મા છે. ધર્મ-ધર્મી, ગુણ-ગુણી અન્યોન્યાશ્રયી છે. ગુણી નિત્ય હોય તો તેના ગુણો પણ શાશ્વતા જ હોય છે. આત્મા અનાદિ-અનન્ત, અજર-અમર નિત્ય-શાશ્વત-અવિનાશી દ્રવ્ય-ગુણી કે ધર્મી છે; તો તેનો ધર્મ-ગુણ નમસ્કાર પણ નિત્ય-શાશ્વત-અવિનાશી જ રહેવાનો છે. એમ તો નથી કહી શકતા કે....લાખ વર્ષ પહેલાં સૂર્ય તો હતો, સૂર્ય ઊગતો પણ હતો પરન્તુ અજવાળું નહોતું થતું. સૂર્યનો તેજ, પ્રકાશ નહોતો. અને પછી ધીમે-ધીમે કાળાન્તરે સૂર્યમાં તેજ-કે પ્રકાશ વધતો ગયો. પછીથી આવ્યો ? ના....આ પ્રમાણે ન જ કહેવાય. કપડું જ્યારથી મીલમાં બન્યું છે ત્યારથી જ તે કપડાની સાથે તેની સફેદી સાથે જ બની છે. એટલા માટે મૂળભૂત દ્રવ્યની સાથે જ તેનો ગુણ રહે છે. એવી જ રીતે નમસ્કાર શું છે ? નમસ્કાર ગુણ છે, ધર્મ છે. કોનો ધર્મ ? કોનો ગુણ ? આત્માનો -જીવનો ધર્મ કે ગુણ છે. નમસ્કાર અજીવ કે જડ પદાર્થ નથી કરતા. અજીવ-જડમાં નમવાનો

ગુણ નથી. તે સ્વયં નમી શકે તેમ નથી. જ્યારે જીવ નમી શકે છે. નમસ્કાર સ્વયં કરી શકે છે. નમસ્કારએ ભાવાત્મક સ્વરૂપ છે. ભાવાત્મક ગુણ છે. ધર્મ છે. ભાવનાની પ્રાધાન્યતા નમસ્કારમાં રહેલી છે. ભાવુક્તા પ્રધાન ગુણ છે. સ્વયં જીવની ભાવના થાય છે નમવાની, નમસ્કાર કરવાની. અજીવ–જડ પદાર્થ જ્ઞાનાદિ ભાવ રહિત છે. માટે ભાવુક્તા પણ તેમાં નથી રહેતી. જ્યારે નમસ્કાર જ્ઞાનાદિ ગુણોથી સંલગ્ન છે. નમસ્કારમાં આત્માના જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ ભાવો કામ કરે છે. માટે નમસ્કાર જ્ઞાનાદિ ગુણોનું સમુહાત્મક સ્વરૂપ છે. ભાવનાઓમાંથી બનેલ છે. આત્માના જ્ઞાનાદિ ગુણો તો એક–એક સ્વતંત્ર ગુણો છે. જ્ઞાન ગુણ જુદો, દર્શન ગુણ જુદો, ચારિત્ર ગુણ જુદો, અનન્ત વીર્ય ગુણ જુદો. જો કે બધાજ આત્મા સાથે આત્મભાવે રહેલા છે. જ્યારે નમસ્કાર એક એવો ગુણ છે કે જેમાં જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્યાદિ બધા ગુણો સમાઈ જાય છે. આ બધાનો બનેલો છે. બધાનો સામૂહિક–સંયુક્ત રૂપ છે. નમસ્કાર જ્ઞાન પ્રધાન છે. જ્ઞાન યુક્ત છે. દર્શન યુક્ત છે. ચારિત્ર યોગમાં રહેલો છે. અને તપોવૃત્તિમાં પણ છે એજ પ્રમાણે આ નમસ્કાને વીર્ય ગુણવાન પણ ગણ્યો છે.

**પંચાચારમય નમસ્કાર**

ગુણોનું આચરણ જ ધર્મ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ પાંચે આત્માના મૂળભૂત ગુણો છે. જે અનન્ત સ્વરૂપે આત્માની સાથે સંલગ્ન રહેનારા છે. એ જ ગુણો જે કર્મથી દબાયેલા આવરાયેલા ઢંકાયેલા છે ત્યાં સુધી આચ્છન્નભાવે છે. પરન્તુ છે તો ખરા....નથી એમ નહીં. છે એમાં શંકા નથી. કારણ કે આત્મ ગુણોની ક્રિયા લોકવ્યવહારમાં દૃષ્ટિગોચર થાય છે. પ્રત્યક્ષાનુભૂત છે. દા. ત. જ્ઞાન ગુણની ક્રિયા જાણવું, સમજવું, હેય–જ્ઞેયાદિનો વિવેક કરવો વગેરે જ્ઞાનની ક્રિયા છે. બોલવું, સાંભળવું, જોવું, પાંચે ઇન્દ્રિયોનો વ્યવહાર દર્શન ગુણને આધારે થાય છે. જાણવું અને જોવું બંને સ્વતંત્ર ક્રિયા છે. એટલે જ્ઞાન અને દર્શન પણ સ્વતંત્ર ગુણો છે. ચારિત્ર એ સ્વસ્વરૂપની સાધના રૂપે છે. આત્મા સ્વસ્વરૂપે છે. અનન્તકાળ વીતી ગયો. કાળની ભયંકર થપાટોમાં પણ

જીવ-જડ નથી બની ગયો. ઘણા ભયંકર કર્મો લાગ્યા. અને ખપાવ્યા. આવ્યા અને ગયા, પરન્તુ આત્માની સ્વરૂપાવસ્થામાં કોઈ ફરક નથી પડયો. એજ એનો ચારિત્ર ગુણ છે. આના આધારે, આચરણ સ્વરમણતાનું થાય છે. સ્વસ્વરૂપની સ્વભાવદશામાં જવાની ક્રિયા પ્રાધાન્ય છે. વ્રત, વિરતિ, નિયમ કે પચ્ચકખાણ પણ સરવાળે આત્માને આત્માભાવ-સ્વભાવમાં લઈ જનારા છે. માટે તેની ક્રિયા, તેનું આચરણ પણ આત્મ ક્રિયા સ્વરૂપ છે. ક્રિયા પ્રાધાન્યતા ચારિત્રગુણમાં છે અને જ્ઞાન પ્રાધાન્યતા જ્ઞાન ગુણમાં છે. માટે નમસ્કાર કરવો જોઈએ. આ નમસ્કરણીય છે. વંદનીય-નમનીય છે. નમસ્કાર યોગ્ય છે આ નિર્ણય જ્ઞાન ગુણે કર્યો. અને તેથી ક્રિયાપ્રાધાન્યતારૂપે નમસ્કાર ચારિત્રગુણે કર્યો. નમસ્કારની ક્રિયાશીલતા ચારિત્ર ગુણના કારણે રહી છે.

એજ પ્રમાણે તપ ગુણ પણ આત્માનો છે. આત્માના આ ગુણો નવતત્ત્વમાં સ્પષ્ટ જણાવ્યા છે—

नाणं च दसणं चेव चरित्तं च तवो तहा ।

वीरियं उवओगो य एअं जीवस्स लक्खणं ॥– નવતત્ત્વ પ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, અને ઉપયોગ એ છ ગુણો આત્માના ગુણો છે. એમ નવતત્ત્વકાર ફરમાવે છે. તપ ગુણના ૬ બાહ્ય અને ૬ આભ્યન્તર કક્ષાનાં ગુણો બતાવ્યા છે. તેમાં આભ્યન્તરના ૬ ભેદોમાં વિનયને બીજા ક્રમે દર્શાવ્યો છે. વિનય એ ગુણ સ્વરૂપે ગણીએ તો તેનો ક્રિયાત્મક વ્યવહાર કરનાર નમસ્કાર છે. નમસ્કારની ક્રિયા વિનય-ગુણ દ્યોતક છે. પાંચમાં નંબરે વીર્ય ગુણ આત્મ શક્તિના અર્થમાં બતાવવામાં આવ્યો છે. આત્મા અનન્ત વીર્યવાન છે. નમસ્કાર ક્રિયાત્મક બને છે ત્યારે તેમાં પણ આત્માની વીર્ય શક્તિનો ઉપયોગ થાય છે. શ્રીકૃષ્ણ ૧૮૦૦૦ સાધુઓને વંદન કેવી રીતે કરી શકયા ? કેટલી શક્તિ હતી ? નમસ્કાર પણ શક્તિ ઉપર આધારિત છે. આ પ્રમાણે પાંચે આત્મ ગુણોથી બનેલો નમસ્કાર ગુણ છે. નમસ્કારમાં આત્માના પાંચે ગુણોનો સમાવેશ થાય છે. માટે નમસ્કાર આત્મ ભાવ છે. આત્મગુણ

છે. જીવાશ્રયિ, જીવવિપાકી ગુણ છે. અજીવ–જડમાં નથી. આ ગુણે કે નથી એના ભાવો ભલે ને એક યંત્ર માનવ Robote-હાથ જોડીને આગંતુકોનું સ્વાગત કરતો હોય. આવો–પધારો well Come કહેતો પણ હોય.... પરન્તુ એ જડ નિર્જીવ છે. માટે એનામાં નમસ્કારની ભાવાત્મક્તા નથી રહેતી. માત્ર જડ ક્રિયાત્મકતા રહી શકે છે. અને તે પણ જીવે પાછળથી ગોઠવી છે માટે રહી શકે છે. પરન્તુ જડ ને નમસ્કારની ક્રિયાના આધારે નિર્જરાનું ફળ નથી મળતું. નિર્જરાકારક નમસ્કાર તો જ્ઞાન–દર્શનાત્મક હશે તો જ થશે. અને તે નમસ્કાર જીવાશ્રયિ ગુણ છે. નમસ્કાર જ્ઞાનાદિ યોગે ગુણ સ્વરૂપ છે. અને ચારિત્ર-વીર્યાદિયોગે ક્રિયાત્મક છે.

એક નમસ્કારમાં આ જ્ઞાનાદ પાંચે ગુણો પોતપોતાનો હિસ્સો દેખાડે છે. પોતાનું રૂપ સ્વરૂપ દેખાડીને નમસ્કાર કરાવે છે. જ્ઞાનનું કામ છે.–કોને નમસ્કાર કરવો ? નમસ્કરણીય કોણ છે ? કેવા છે ? એમને અથવા એવાને નમસ્કાર કરવો કે નહીં ? આ નિર્ણય જ્ઞાન ગુણ લે છે. અને એકવાર જ્ઞાન ગુણ પોતે જો લીલી ઝંડી દેખાડી દે કે હા આ નમસ્કરણીય છે. વંદનીય છે. પૂજનીય છે. આ ગ્રીન સિગ્નલ મળ્યા પછી દર્શનાદિગુણો સક્રિય બને છે. તેઓ પણ પોતાની ક્રિયા ચાલુ કરે છે. દર્શન ગુણ નજર સમક્ષ જોઈને આને નમસ્કાર કરવો જોઈએ. આને કરીએ. અહીં સામેથી કરીએ. વગેરે ઈન્દ્રિયોનો વ્યવહાર ઉપ-યોગાદિ શરૂ કરે છે. ચારિત્ર ગુણ નમસ્કારમાં ક્રિયાશીલતા લાવે છે. નમસ્કારને સક્રિય બનાવે છે. શ્રદ્ધા સંપન્ન બનાવે છે. શ્રદ્ધાયુક્ત નમ-સ્કાર જ લાભદાયિ છે. એજ નિર્જરા કરાવી શકશે.

અનન્ત ચારિત્ર ગુણ ઉપર આવેલ આવરણ તે મોહનીય કર્મ છે. મોહનીય કર્મના મુખ્ય બે ભાગ છે. (૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય. દર્શનમોહનીય સમ્યગ્ દર્શન શ્રદ્ધાને દબાવીને બેઠું છે. એના ઉપર આવરણ કરી દીધું છે. એટલે દર્શન

મોહનીય કર્મ નમસ્કારને શ્રદ્ધા સંપન્ન થવા નહીં દે. અને બીજી બાજુ ચારિત્ર મોહનીય કર્મ આચરણ ઉપરનું આવરણ છે. ક્રિયાશીલતાને અટકાવનાર છે. એટલા માટે ચારિત્ર મોહનીય કર્મની પ્રબળતાના કારણે નમસ્કાર કરવાનું મન જ નથી થતું માટે જેમ-જેમ આ કર્મ ઘટતા જશે એનો ક્ષયોપશમ વધશે તેમ તેમ નમસ્કારની ક્રિયા સક્રિય બનશે. નમસ્કાર પ્રવૃત્તિ વધશે. માટે સર્વ પ્રથમ આ બન્ને કર્મોને ઢીલા શિથિલ કરવા જરૂરી છે. તો નમસ્કારમાં ક્રિયાશીલતા અને શ્રદ્ધાસંપન્નતા બન્ને આવી જાય. એટલા માટે નમસ્કારમાં ચારિત્ર ગુણની પ્રધાનતા છે. એ જ પ્રમાણે તપ ગુણ યુક્ત પણ નમસ્કાર છે. નમસ્કાર જો ક્રિયાશીલ હોય તો 'તપ' ગુણ તેમાં ભાવ ભરે છે. ભાવપૂર્ણ બનાવે છે. વિનય એ ભાવપ્રધાન ગુણ છે. વિનયની ગણતરી આભ્યંતર તપમાં થાય છે. ભાવનામય-ભાવ વિનયનો ગુણ નમસ્કારમાં આવવાથી નમસ્કાર માત્ર ક્રિયાશીલ જ નહીં રહે પરન્તુ તે ગુણ પ્રધાન બની જશે. નમસ્કાર એ જીવની વૃત્તિમાં આવી જશે નમસ્કારની પ્રવૃત્તિ ક્રિયા પ્રધાન હોય છે. જ્યારે નમસ્કારની વૃત્તિ ગુણ પ્રધાન હોય છે. નમો ભાવ યુક્ત નમસ્કાર થશે. અન્યથા નમો ભાવ રહિત ઔપચારિક ભાવે નમસ્કાર માત્ર ક્રિયાપ્રધાન બની જશે. આવા નમસ્કારથી નિર્જરા સંભવ નહીં બને. જ્યારે નમોભાવ યુક્ત વિનયી નમસ્કાર નિર્જરાકારક બની શકશે. માટે નમસ્કારની પ્રવૃત્તિની સાથે નમસ્કારની વૃત્તિ પણ સાથે જોડવી જોઇએ. એક ચારિત્રના ઘરમાંથી આવે છે બીજી વૃત્તિ તપના ઘરમાંથી આવે છે. ચારિત્ર દૂધ સ્વરૂપે હોય તો તપ તેમાં સાકરનું કામ કરે છે. એવી રીતે નમસ્કારમાં ગુણવત્તા લાવવાનું કામ તપ કરે છે. ચપ્પુ છે પણ ધારદાર ન હોય તો શું કામ આવે? એ જ રીતે ચારિત્રના ઘરમાં સક્રિય-ક્રિયાશીલ નમસ્કારની પ્રવૃત્તિ છે પરન્તુ તપના ઘરમાંથી વિનમ્રભાવ, વિનય સંપન્નતાની, વૃત્તિ એમાં ન ભળે ત્યાં સુધી એવો નમસ્કાર તેજ ધારદાર નથી બનતો. માટે નમસ્કાર કરવા છતાં નિર્જરા નથી થતી. બાહુબલીને નમસ્કાર ભાવમાં કેવળજ્ઞાન થયું. એકલો નમસ્કાર માત્ર

ચારિત્રભાવનો જ હશે. તો તે સંવર પ્રધાન, બનીને પુણ્યોપાર્જન ઉપયોગી બની જશે પરન્તુ જ્યારે તપ પ્રધાન વિનય ગુણ સમ્પન્ન ભાવ યુક્ત બનશે ત્યારે તે જ નમસ્કાર નિર્જરાકારક બનશે.

## વીર્યગુણ સંપન્ન નમસ્કાર

જેમ નમસ્કાર જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપાદિ ભાવ યુક્ત છે. એ જ રીતે વીર્યગુણ યુક્ત પણ આ જ નમસ્કાર છે. વીર્યશક્તિ વગરના નમસ્કારમાં કંઈજ ભલીવાર નહીં. વીર્યાન્તરાય કર્મ આત્માના વીર્યગુણને ઢાંકી દે છે. અન્તરાયનું કામ વિઘ્ન કરવાનું છે. "विघ्नकरणमन्तरायस्य" તત્ત્વાર્થકાર આ સૂત્રથી સ્પષ્ટ કરે છે. કે વિઘ્ન ઊભું કરવું એ અન્તરાય કર્મનું કામ છે. એમ નમસ્કાર જો વીર્યાન્તરાય કર્મના ઘરનો રહેશે તો તે માત્ર શારીરિક રહેશે. અને એજ નમસ્કાર જો વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમ ભાવથી આત્મિક વીર્યગુણથી પ્રેરાયેલો રહેશે તો તેવા નમસ્કારમાં ઉત્સાહ-ઉમંગ અને આનન્દ આવશે. ઉત્સાહ-ઉમંગ, આનંદાદિ આત્માના વીર્યગુણને આધારે રહેલા છે. અને ઉત્સાહાદિ ભાવો મન ઉપર અસર કરનારા છે. અને પછી મન જોડે સંકળાયેલ શરીર પોતાની ક્રિયા-પ્રવૃત્તિમાં એ પ્રકારનો ઉત્સાહ-દેખાડી શકશે. એટલા માટે નમસ્કાર માત્ર કાયિક ન રહેવો જોઈએ. તે મનોયોગનો માનસિક નમસ્કાર થવો જોઈએ. મનોયોગમાં વીર્યગુણ જન્ય ઉત્સાહ-ઉમંગ-આનન્દ આવશે. ભળશે ત્યારે નમસ્કાર વધુ તેજ ધારદાર બનશે. અને એજ નમસ્કાર દશગણી વધારે નિર્જરા કરાવી આપશે. માટે નમસ્કારને વીર્યગુણ યુક્ત બનાવવો જોઈએ.

## નમો ભાવની ઘનતા—

ઉપયોગ પણ આત્માનો ગુણ છે. અને નમસ્કાર ઉપયોગ પ્રધાન હોવો જરૂરી છે. ક્રિયારત નમસ્કારમાં ભાવનો ઉપયોગ રહેવો જોઈએ. ઉપયોગ જ્ઞાન-દર્શનાત્મક ચેતના સ્વરૂપ છે. માટે ઉપયોગ પ્રધાન ક્રિયાવાળા નમસ્કારમાં ચેતના આવે છે. જ્ઞાનાત્મકતા-દર્શનાત્મકતાની


ઉપસ્થિતિ જણાય છે. એવો ઉપયોગ ભાવ આત્માને નમસ્કારની બહાર નહીં જવા દે. માટે ઉપયોગયુક્ત નમસ્કાર પ્રવૃત્તિરૂપ નહીં પણ વૃત્તિરૂપ જ રહેશે. ક્રિયારૂપ કરતાં પણ ગુણરૂપતા તેમાં વધારે રહેશે. એટલે આત્મા નમસ્કારની ક્રિયા કરતાં પણ નમ્રતાનો ભાવ વધુ રાખશે. નમ્ર બનશે. મનોયોગથી નમ્રપણું પ્રગટશે. નમસ્કાર જ્યારે ક્રિયામાંથી ગુણમાં સ્થિર થાય છે અર્થાત્ નમસ્કારમાંથી નમ્રતા. અને નમ્રતામાંથી પણ નમોભાવ સુધી આત્મામાં અંદર પહોંચાશે. આ પ્રક્રિયા વિભાવમાંથી સ્વભાવમાં જવાની છે. સામાન્યૌષધિનું ઘનસત્ત્વ બનાવવાની પ્રક્રિયા છે. નમસ્કાર સામાન્યૌષધિસ્વરૂપે રહેશે તો નમ્રતા તેનો અર્ક રહેશે. અને તેમાંથી પણ આગળ જતાં "નમો ભાવ"માં અર્કનું પણ ઘનીકરણ થશે. એટલે ઘનસત્ત્વ નમોભાવમાં પ્રગટશે. બધા જ જીવો નમોભાવવાળા નથી હોતા– અલ્પસંખ્યક જીવો નમોભાવવાળા હોય છે. અને બહુ સંખ્યક જીવો નમસ્કાર પ્રવૃત્તિવાળા હોય છે. કારણ કે નમસ્કારની પ્રવૃત્તિ બાહ્ય છે, કાયિક છે. વ્યાવહારિક છે, સામાન્ય છે, જ્યારે નમોભાવ આભ્યન્તર છે, આત્મિક છે. નૈશ્ચયિક છે, વિશેષગુણ પ્રધાન છે. નમસ્કાર ક્રિયા પ્રાધાન્ય હશે ત્યાં સુધી પણ વિભાવદશામાં જવાની સંભાવના રહેશે જ્યારે નમ્રતાના દરવાજે જો તે જ નમસ્કાર નમો–ભાવમાં પરિણત થઈ જશે તો જ તે સ્વભાવ દશામાં લીન રહેશે. નમસ્કારની ક્રિયા. નિરર્થક નથી. એકવાર નહીં હજારો લાખો વારના નમસ્કાર ક્રિયાશીલતામાં ઉપયોગી બનશે ત્યારે તેનો અર્ક ખેંચાઈ ને આવ્યા પછી તેમાંથી ઘનસત્ત્વરૂપે નમોભાવ જ પ્રગટશે. બાહુબલી નમસ્કારથી નહીં પણ નમોભાવથી કેવળજ્ઞાન પામ્યા હતા. નમસ્કારની ક્રિયા કાયિક ક્રિયા રહેશે. માટે નમસ્કાર કાયિક કહેવાશે. કાયપ્રધાન કહેવાશે, નમ્રતા માનસિક કહેવાશે. તેનું સ્થાન મન રહેશે જ્યારે નમોભાવ આત્મિક કહેવાશે. આત્માનો ભાવ નમોભાવ પ્રધાન બનશે. માટે જ નવકાર મહામંત્રમાં "નવકાર અરિહંતાણું" કે નમસ્કાર અરિહંતાણું" નથી કહ્યું પણ ણમો (નમો) અરિહંતાણું કહ્યું છે. અહીં

ણમો (નમો) આ અર્થમાં ધનસત્વભાવ પ્રાધાન્યતા અને આત્મિકભાવ સુચવનાર છે. 'નમો અરિહંતાણુ'નો અર્થ એ છે કે માત્ર અરિહંતો ને નમસ્કાર જ કરતા ન રહો પણુ તેથી પણુ આગળ વધીને અરિહંતો પ્રત્યે નમો ભાવ પ્રગટ થઈ જવો જોઈએ. આત્મિક નમોભાવ લાભદાયિ છે. પૂજ્યભાવ, સદ્ભાવાદિ બધા જે છે તે બધા નમો ભાવમાં છે. આવો નમસ્કાર આપણે લાવવો છે... આ પ્રમાણે નમસ્કારને જ્ઞાન દર્શન–ચારિત્ર–તપ–વીર્ય અને ઉપયોગ એમ આત્મગુણુ યુક્ત કહ્યો છે. અને તેથી નમસ્કાર પણુ આત્મગુણુ છે. આત્માધીન છે. જીવ વિપાકિ ગુણુ છે. ચેતન ગુણુ છે. ચેતના શક્તિ છે. માટે તે ગુણુનો આધાર ગુણી આત્મા શાશ્વત–નિત્ય છે તો પછી તેના આશ્રયે રહેનાર નમસ્કાર ગુણુ પણુ નિત્ય શાશ્વત જ હોય. અને છે. માત્ર કાળ સાથે મળીને તે આત્મા સાથે ચાલે તેજ ઉપયોગી છે.

### કાળ સાથે ચાલતો નમસ્કાર

આત્મા પણુ અનાદિ અનન્તકાળથી આ સંસારમાં છે. અને નમસ્કાર પણુ નિત્ય–શાશ્વત હોવાથી અનાદિ–અનન્તકાળથી સંસારના વ્યવહારમાં પ્રચલિત રહ્યો છે. કાળનો પ્રવાહ અનાદિ–અનન્ત છે. કાળ તત્ત્વની પણુ આદિ નથી. કે અન્ત નથી. અનાદિ–અનન્ત દ્રવ્યો જરૂર નિત્ય–શાશ્વત રહેવાના અને કાળની સાથે જોડાયેલા રહેશે. અનાદિ–અનન્ત આ સંસારમાં અનન્તા જીવો ચારે ગતિમાં પરિભ્રમણુ કરતાજ આવ્યા છે. સંસારચક્રમાં પરિભ્રમણુ કરતાજ રહ્યા છે. એક ગતિમાંથી બીજી ગતિમાં, એક ભવમાંથી બીજા ભવમાં અને એક જન્મમાંથી બીજા જન્મો ધારણુ કરતાં કરતાં અનન્ત કાળ વીતાવતા જ આવ્યા છે. એમાં એકેએક જીવના અનન્ત–અનન્ત ભવો થયા છે. ભૂતકાળ જે વીત્યો છે તેમાં તમારા અને મારા બધાના અનન્તાનન્ત ભવો વીત્યા છે.

ચિત્રમાં દર્શાવ્યા મુજબ ચૌદરાજલોકમાં રહેલા અસંખ્ય નિગોદના
ગોળામાંથી એક ગોળામાં જે અનન્તા જીવો રહેલા છે તે જીવો નિગોદના



ગોળામાં પણ અનન્તા ભવો વીતાવે છે અને તે ગોળામાંથી બહાર નિકળીને પણ જીવ સંસારચક્રમાં પરિભ્રમણ કાળમાં પણ અનન્તા ભવો વીતાવે છે. એ અનન્તા ભવો કંઇ એક જ ગતિમાં નથી થતા ચારે ગતિમાં થાય છે. જીવ ચારે ગતિયોમાં જાય છે. અને આવે છે. જન્મ મરણ થતા જ રહે છે. અને એના આધારે પરિભ્રમણ ચાલ્યા જ કરે છે. આ અનન્તા ભવોમાં આપણે અનન્તવાર એક એક ગતિમાં જઇને આવ્યા છીએ. અનન્તવાર તિર્યંચગતિમાં ગયા અને અનન્તવાર પશુ-પક્ષીના જન્મો ધારણ કર્યા. એજ પ્રમાણે અન્ય ગતિઓમાં સમજવાનું છે. મનુષ્ય ગતિમાં મનુષ્યોના ભવો પણ જીવે અનેક વાર કર્યા છે.

## નમસ્કાર મળ્યો કે પંચપરમેષ્ઠિ ?

આવા અનેકવારના મનુષ્ય જન્મોમાં આપણને કોણ મળ્યું ? નમસ્કાર મળ્યો ? કે પંચ પરમેષ્ઠિ મળ્યા ? વધારે કે ઓછાનો અથવા પહેલા કે પછીની દૃષ્ટિથી પણ વિચાર કરી શકાય છે. વિચાર કરતાં એમ લાગે છે કે-પંચપરમેષ્ઠિ ન મળ્યા એવા ભવોની સંખ્યા પણ અનન્ત ગણી વીતી હશે. જ્યારે પંચપરમેષ્ઠિ મળ્યા એવા ભવોની સંખ્યા તો કદાચ પહેલાના અનન્તની સામે અનન્તમાં ભાગનીજ રહી હોય. પરંતુ માનો કે પંચપરમેષ્ઠિ અરિહંતાદિ મળ્યા, પરન્તુ આપણે તેમને નમસ્કાર પણ ન કરી શકયા તો મળ્યા શું કામના ? થાળી ભરીને રસોઈ સામે આવે ખરી, ખાવાનું મળ્યું ખરું, પણ બિલ્કુલ એક કોળીયો પણ ખાધો જ નહીં તો મળ્યું શું કામનું ? ખાધા વિના પેટ કયાંથી ભરાવવાનું હતું ? એજ પ્રમાણે નમસ્કાર વિના પંચપરમેષ્ઠિ મળે તો પણ કેવી રીતે ફળે ?

એટલે હજી વિચાર કરીએ કે.... શું થયું ? શું બન્યું હતું ? શું નમસ્કાર વધુ વખત વધુ ભવોમાં મળ્યો હતો ? કે પછી પંચ-પરમેષ્ઠિ ભગવંતો વધુ વખત મળ્યા હતા ? અને બન્ને વધુ વખત

મળ્યા એમ પણ માની લઈએ પરન્તુ જે ભવમાં નમસ્કાર મળ્યો હતો એ જ ભવમાં પંચપરમેષ્ઠિ મળ્યા હતા કે નહીં ? કે પછી બન્ને અલગ–અલગ ભવોમાં મળ્યા હતા ? શું થયું હતું ? અમુક જન્મોમાં નમસ્કાર મળ્યો હતો અને પછીના અમુક જન્મોમાં પંચપરમેષ્ઠિ મળ્યા હતા. મતલબ કે જે જન્મમાં નમસ્કાર કરતાં આવડતો હતો તે જન્મમાં પંચપરમેષ્ઠિ જ નહોતા મળ્યા અને જે જન્મમાં પંચપરમેષ્ઠિ અરિહંતાદિ મળ્યા તે જન્મમાં નમસ્કાર ભાવ જ ન મળ્યો. ન આવ્યો નમસ્કારની ભાવના જ ન જાગી. હા. એવા પણ ઘણાં ભવો થયા છે. અનન્તના ભૂતકાળમાં આવા ઘણાં ભવો થયા હોય એમાં કંઈ જ આશ્ચર્ય નથી લાગતું.

જે ભવોમાં નમસ્કાર મળ્યો હતો, અને અરિહંતાદિ પંચપરમેષ્ઠિ નહીં મળ્યા તે જન્મોમાં નમસ્કાર કરીને પણ આપણે શું કર્યું ? કોને નમસ્કાર કર્યા ? એ અને એવા નમસ્કારો શું લાભદાયિ બન્યા ? શું કર્મ નિર્જરા થઈ ? કે ઉપરથી કર્મ બંધ થયા ? કારણ કે પંચપરમેષ્ઠિ વિના આપણે નમસ્કારો ચોક્કસ રાગી–દ્વેષીઓને જ કર્યા હશે ? સંસારના ત્યાગીઓને નહીં, પણ સંસારના રાગી અને સંસારીઓને જ કર્યા હશે ? માટે એ નમસ્કારો આપણને ફળ્યા નહીં, પણ ઉપરથી આપણી સંસારવૃદ્ધિ કરાવનારા જ બન્યા. માત્ર સંસારી–રાગી–દ્વેષીઓને કરાયેલા નમસ્કાર સંસારની વૃદ્ધિ કરનારા જ થાય છે. એમાં કોઈ આશ્ચર્ય નથી ? રાગી–દ્વેષી દેવ–દેવીઓ મળ્યા હશે ? બાવા–ફકીરો જ મળ્યા હશે. અને મિથ્યાત્વી દેવ–દેવીઓની માન્યતામાં જ હું પડી ગયો હોઈશ. એ પ્રમાણે એવાઓને કરેલા નમસ્કાર પણ લાભદાયિ ન થયા. એથી મારામાં સમ્યક્ શ્રદ્ધા તો ન જ વધી પરન્તુ મિથ્યાત્વનું જ પોષણ થયું. મિથ્યાભાવ જ વધી શક્યો હતો અને વાત પણ સાચી છે. તેમની પાસેથી તેજ સંભવ છે. બીજી અપેક્ષા પણ શું રખાય ?

હા ! એવા પણ અનેક ભવો થયા હશે. કે જે ભવોમાં અરિહં-તાદિ પંચપરમેષ્ઠિ મળ્યા હશે. એમાં પણ ના નહીં ? પરન્તુ મળેલા અરિહંતાદિ પંચપરમેષ્ઠિ ને નમસ્કાર જ નહીં કર્યો હોય ? કાં તો મિથ્યાઅભિમાનના નશાની કાફી અસર થઈ હશે જેથી નમસ્કાર કરવાના ભાવ જ નહીં જાગ્યા હોય ? પંચપરમેષ્ઠિઓ ભૂલાઈ ગયા હશે ? અથવા જાણી જોઇને ભૂલવાની કોશીશ કરી હશે ? મિથ્યાત્વના નશામાં ચઢીને એમ પણ બોલતા હશું કે ના....ના.... હું તો માનતો જ નથી. હું તો આવા પંચપરમેષ્ઠિ અરિહંતાદિને માનતો જ નથી. એમાં પણ શંકા વ્યક્ત કરૂં છું. આ બધા વિચારોથી મળેલા પંચ-પરમેષ્ઠિ પણ નમસ્કારના અભાવમાં નિરર્થક ગયા.

અને ફરી કાળાન્તરે ભવિતવ્યતાયોગે કદાચ એવા પણ જન્મો થયા હશે કે જે જન્મોમાં નમસ્કાર ભાવ પણ જાગ્યો અને બીજી તરફ અરિહંતાદિ ભગવંતો પણ મળ્યા. બન્ને યોગો મળ્યા. છતા સંભવ છે, કે રસ ન આવ્યો. ભાવ ન જાગ્યા. અને માનસિક કે કાયિક પાપા-ચારમાં એવા ગળાબૂડ ફસાઈ ગયા કે જેથી પ્રમાદમાં જ પડી ગયા. પ્રમાદ વશ પ્રભુને ભૂલી ગયા ? પંચપરમેષ્ઠિ આંખ સામેથી વિસરાઈ ગયા. અને આપણે અભિમાનમાં એટલી હદે પહોંચી ગયા કે જેથી મિથ્યાત્વે માઝા મૂકી અને ભાષા વિકૃત બની ગઇ, અરિહંતાદિ કંઇ છે જ નહીં. સિદ્ધો નથી કે મોક્ષ જેવી કોઈ વસ્તુ જ નથી. વગેરે સત્તર વાતો કરવા લાગ્યા. અને જોતજોતામાં નાનકડી જિન્દગી સમાપ્ત થઇ ગઈ. નિરર્થક માથા ઉપર દુનિયાભરનું પાપ સાથે લેતા ગયા.

**નમસ્કારથી પણ સંસાર વૃદ્ધિ :**

આ પ્રમાણે નવકાર પામ્યા વગરના કેટલાય ભવો એળે ગયા ? નમસ્કાર પામ્યા. નમસ્કાર કર્યા પણ જેને કરવા જોઇતા હતા એને ન કર્યા. જે પંચપરમેષ્ઠિયો નમસ્કરણીય હતા એને નમસ્કાર ન થયા. એને ન કરતાં બીજાઓની પાછળ પડ્યા. એમને ઘણાં નમસ્કાર કર્યા. ઘણીવાર કર્યા. શું એમ નથી લાગતું કે નમસ્કારે પણ આપણને ફસા-

ડયા છે. આવા નમસ્કારો કરવાથી પણ આપણો સંસાર વધ્યો છે. ભવ વૃદ્ધિ થઈ છે, ઘણું વધારે ભટકવું પડ્યું છે. આ વાત સાંભળીને આશ્ચર્ય થાય છે કે શું આવું બની શકે ? શું નમસ્કારથી પણ સંસાર વધે ? ના.... પણ કહી શકાય અને હા માં પણ ઉત્તર આપી શકાય. જો આવા અયોગ્ય અનુચિત નમસ્કારો કરવામાં આવે તો સંસાર વધે. ભવ પરંપરા વધે. પરન્તુ યોગ્ય નમસ્કાર યોગ્ય નમસ્કરણીય મહાપુરૂષોને જ જો યોગ્ય રીતે કરાય તો સંસાર ન જ વધે. ઉપરથી સંસાર ઘટે. કર્મની નિર્જરા થાય. સંસારનો અન્ત પણ આવે.

**ઉભયથી સમ્યગ્ સાધના**

ભૂતકાળના ભવોમાં જે બન્યું તે બન્યું. પરન્તુ ભૂતકાળના ભવોની ભૂલ આ ભવમાં ફરીથી ન સેવાઈ જાય તેની કાળજી રાખવાની છે. ભૂતકાળની ભૂલોથી બગડ્યું છે એનું આપણને આજે ભાન થઈ ગયું છે. પ્રત્યક્ષ પુરાવાથી આપણને ખ્યાલ આવી ગયો છે કે હજુ આપણે જ્યાં છીએ ત્યાં જ છીએ. જેવા છીએ તેવાજ છીએ. હજી પણ આપણે ભટકી રહ્યા છીએ. હજુ પણ પંચપરમેષ્ઠિ ભગવન્તોનો અનાદર કરી રહ્યા છીએ. અથવા સંપૂર્ણ સચોટ સાચી શ્રદ્ધા હજી સોએ સો ટકા જાગી નથી. માટે હજી કંઈક વિશેષ પ્રયત્ન–વધુ પુરૂષાર્થ આપણે સાચા માર્ગે કરવો પડશે.

હવે આ ભવ જે મળ્યો છે. એમાં આપણી અનેક જન્મોની સંચિત પુણ્યાઈ ફળી છે. જેના યોગે મનુષ્ય જન્મ મળ્યો છે; આર્ય ક્ષેત્ર મલેલ છે; વીતરાગના ધર્મવાળા કુળ–જાતિમાં જન્મ થયો છે. અને દેવ–ગુરુ–ધર્મની પ્રાપ્તિ થઈ છે. ધર્મનું શ્રવણ પણ કરી રહ્યા છીએ. મા–બાપે જન્મથી નવકાર મહામંત્ર શિખવાડયો પણ છે. આપણને કેડે તેડીને લઈ જઈને દેરાસરના દર્શન કરાવ્યા છે. જે. જે. દાદાની ઓળખ કરાવી છે. આપણા હાથે ભંડારમાં પૈસા નંખાવ્યા છે. આપણા હાથે ગરીબોને અનુકંપાનું દાન અપાવરાવ્યું છે. આપણા હાથે સુપાત્ર દાન

મહાપુરૂષોના પાત્રે અપાવરાવ્યું છે. આપણે ઘણાં ભાગ્યશાળી છીએ ! કે આ બધું જન્મથી જ મલ્યું છે.

થોડીક સરખામણી ભગવાન મહાવીરના જીવ નયસાર જે પહેલા ભવે હતા તેમની સાથે કરીએ તો આપણને આશ્ચર્ય થશે કે નયસારને કંઈજ નહોતું મળ્યું જ્યારે આપણને એમાંનું બધું જ મળ્યું છે. ઉપર જેટલી વાત કરી છે તેમાંનું નયસારને કેટલું મળ્યું છે ? શું નયસાર જન્મે જૈન હતો ? શું જન્મથી નવકાર મહામંત્ર વગેરે કંઈ જ મળ્યું છે ? સાધુ મહાત્મા કોણ કહેવાય છે ? કેવા હોય છે ? કેવી રીતે સુપાત્ર દાન દેવાય છે ? અરિહંત ભગવાન કોણ ? જૈન ધર્મ શું ? વગેરે કશી ખબર છે ? એ તો સદ્ભાગ્ય છે આપણાં કે પૂર્વ જન્મોમાં આ બધું મળ્યું હશે ! અને પૂર્વ જન્મોમાં થોડી ઘણી પણ સાધના કરી હશે ! એનું આ ફળ છે કે આ ભવે અનેક જન્મોની સંચિત પુણ્યાઈ યોગે આ બધું જન્મથી જ મળ્યું છે. મળ્યાનો ગૌરવ લઈએ. મળ્યાનો સંતોષ અને આનન્દ અનુભવીએ.

## પૂર્વારાધનાનો પ્રભાવ

આ ભવમાં મળ્યું છે એ જ પુરાવો છે કે ગયા ભવોમાં આપણે આરાધ્યું છે. આ ભવમાં ધર્મપ્રત્યે રૂચિ સહજ સ્વાભાવિક ભાવે જાગે છે, થાય છે, એ જ દેખાડી આપે છે કે ગયા ભવોમાં સાધના કરી છે. આરાધ્યું છે, એનું પરિણામ છે કે આ જન્મે બધું ફરીથી પામ્યા છીએ. સહજમાં ભાવ થાય છે. શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. શ્રદ્ધાલુ ભાવથી આપણે ધર્મ પ્રત્યે આકર્ષાઈએ છીએ. દેવ-ગુરૂ અને ધર્મને નજરે નિહાળતાં જ સહજભાવે માથું નમી જાય છે. અહોભાવ જાગે છે. ભલે કદાચ કરાય કે ન પણ કરાય કદાચ પોતાની શારીરિક કમજોરી પણ હોય, અથવા તો સંયોગ પરિસ્થિતિ પ્રતિકૂળ હોય એ કારણે પણ થઈ ન શકતું હોય પણ હૈયામાં ભાવ પડયા છે. મન-ઈચ્છા થાય છે. એટલું જ નહીં બીજાને ધર્મારાધના કરતા જોઈને પણ હૈયું

નાચી ઊઠતું હોય, અહોભાવ અને અનુમોદના જાગે. તો પણ સમજી લેવું કે ભૂતકાળના ભાવોમાં ક્યારેક આવી સુંદર આરાધના–ઉપાસના કરી છે. જેનું આ પરિણામ છે. આપણી ભૂતકાળની સાધના આજે વર્તમાનમાં ફળી છે. અને ભૂતકાળની સાધના કરતી વખતે આપણે ક્યારેક એવી ભાવના પણ દર્શાવી હશે. કે...."ભવોભવ તુમ ચરણો ની સેવા, હું તો માગું છું દેવાધિદેવા"...હે દેવાધિદેવ પ્રભુ ! ભવો ભવ જન્મો જન્મ તારા ચરણ કમળની સેવા મને મળે એવી હું માંગણી કરૂં છું, ભક્તિભાવે પ્રાર્થના કરૂં છું.... આજે જે કંઈ પણ જન્મથી જ મળી ગયું છે તેની પાછળ આપણો આ પ્રબળ પ્રાર્થના અને માંગણીનો પણ આધાર રહેલો છે. બીજા કોઈ ને નહીં પણ આપણે આપણી જાત ને જ ધન્યવાદ આપીએ. આપણા જીવને જ ધન્યવાદ આપતાં અનુમોદનાના ભાવથી આત્મસંતોષ અને શાન્તિ અનુભવતાં કહીએ કે હે જીવ ! સારૂં થયું તે ગયા ભવોમાં આવી સુંદર ધર્મારાધના કરી અને નવકાર મહામંત્રનો જાપ વગેરે કર્યા.... કે જેના પ્રભાવે, જેના યોગે આ ભવમાં પણ આ બધું હું પામી શકયો. નહીંતર આ બધું કેવી રીતે મળત ? અને ધર્મ વિના મારૂં શું થતે ? માટે પામ્યા છીએ એની ધન્યતા અનુભવીએ અને આત્માનન્દના ભાવે ગૌરવ લઈએ. રાજી એ રીતે થઈએ કે આ ભવે આ બધું હું પામી શકયો છું.

### ધર્મ કરવાની આપણી ફરજ

આ તો વાત કરી આપણા પોતાની; પરન્તુ બીજી રીતે આપણે વિચાર કરશું તો આપણને સમજાશે કે આપણે જે ધર્મી મા–બાપ ના ઘરે જન્મ લીધો છે તેની પાછળ પણ આપણી સંચિત પુણ્યાઈ કામ કરી રહી છે. નહીંતર આવું ઘર મળે નહીં. સાત પેઢીથી જે ઘરમાં ધર્મ થતો આવ્યો છે. સતત થઈ રહ્યો છે, આપણા બાપ–દાદા–પરદાદા વગેરે બધાએ જે ધર્મ સતત કર્યો છે. જે

ધર્મના સંસ્કારો વંશ-વારસાગત ઉતર્યા છે. અને વર્ષોથી જે રીતે દેવ-ગુરૂ-ધર્મની આરાધના-ઉપાસના સમસ્ત પરિવારમાં થતી આવી છે. તેમાં પરિવારના કેટલાય લોકોએ ધર્મની ઉપાસના કરી હશે ? કેટલી-વાર કરી હશે ત્યારે આવું સરસ વાતાવરણ નિર્માણ થયું હશે ? એવું કુળ-ખાનદાની, જાતિ, વંશ-વારસો અને વાતાવરણ આ બધું સુંદર યોગ્ય અને સારૂં તથા સાચું મળવું એ શું ઓછી પુણ્યાઈ છે ? કદાચ કલ્પના કરો કે આપણે રસ્તા ઉપર ઝૂંપડપટ્ટી કે નીચકુળ-ગોત્રમાં જન્મ્યા હોત તો આપણે જન્મથી શું પામત ! શું પામ્યા હોત ? અને આજે પણ શું કરતા હોત ? માટે આ બધું આટલું સુંદર જે કંઈ પણ મળ્યું છે તેની પાછળ આપણા પોતાના ઉચ્ચ ગોત્ર કર્મની પુણ્ય પ્રકૃતિ કામ કરી ગઈ છે. અને એ પણ વિચાર કરો કે આવી ઉચ્ચ ગોત્ર કર્મની પુણ્યપ્રકૃતિ કેવી રીતે ઉપાર્જન થઈ ? કયારે કરી ? કેવી રીતે થઇ ગઈ ? એની મેળે નથી થઈ. આપણે ધર્મોપાસનાની સખત મહેનત કરી હશે ત્યારે થઈ હશે. પુણ્ય પ્રકૃતિ બાંધવાની પાછળ પણ શુભ પ્રવૃત્તિની આવશ્યકતા પડે છે. એ પ્રવૃત્તિ વગર પુણ્ય પ્રકૃતિ પણ નથી બંધાતી. માટે પ્રવૃત્તિ કરવી અને તે પણ પુણ્ય યોગ્ય શુભ પ્રવૃત્તિ કરવી જરૂરી છે. નહીંતર જો અશુભ પાપ પ્રવૃત્તિ કરી તો અશુભ પાપ પ્રકૃતિ જ બંધાશે.

કર્મમાં તો શુભ-અને અશુભ બન્ને પ્રકૃતિઓ છે. અને તેને યોગ્ય સંસારમાં બન્ને પ્રકારની શુભ અને અશુભ પુણ્ય અને પાપની પ્રવૃત્તિઓ પણ છે. જેવી પ્રવૃત્તિ કરશું તેવી પ્રકૃતિ બંધાશે. માટે બન્ને આપણા હાથમાં છે. જે ધારીએ તે કરી શકીએ. જેવી ધારીએ તેવી બાંધી શકીએ છીએ. આ કર્મનો સિદ્ધાંત છે. સારા-ખરાબ-કુળ-જાતિ-કે ગોત્રમાં જન્મ આપવો એ ઉપરવાળા-ઈશ્વરના હાથમાં નથી. આપણા પોતાના હાથમાં છે. આપણે કયાં જન્મ લેવો ? એને માટે કર્મ સિદ્ધાંત સચોટ અને સાચો છે. કર્મની શ્રદ્ધા રાખીને એ મુજબ વર્તીએ તો લાભ થશે.

આ રીતે વિચાર કરતાં જે સાત કે સત્તર પેઢીથી કુળજાતિ–વંશ–ગોત્ર અને ખાનદાનીમાં વારસાગત રીતે જે ધર્મ આપણને મળ્યો છે તે ક્યારે મળ્યો? કેવી રીતે મળ્યો? આપણા બાપ–દાદાઓ અને પરદાદાઓ બધા એ કેવી ઉત્તમ કક્ષાની ધર્મારાધના કરી હશે? અને ધર્મ કરીને ધર્મને સતત ટકાવી રાખ્યો હશે. ત્યારે આજે આપણને મળ્યો છે? ધર્મ કેવી રીતે ટકે છે? ધર્મ તો ધર્મ કરવાથી જ ટકે છે. આપણી ખાનદાનીમાં ધર્મ ટક્યો છે એનો અર્થ જ એ છે કે આપણા વડવાઓ સતત આ ધર્મ કરતાં આવ્યાં છે, કરતાં રહ્યા છે; ત્યારે ટક્યો છે. અને એવા કુળમાં આપણે જન્મ લીધો છે જેની સત્તર પેઢીઓ ઉજળી છે. અને આપણે અત્યારે કંઈજ ધર્મ નહીં કરીએ તો કેમ ચાલશે?

ભરસમુદ્રમાં નાવ ચાલતી હોય. અને તેમાં સફર કરનારા મુસાફરો બેઠા હોય અને વારા ફરતી હલેસા ન મારે તો નાવ ચાલવાની છે? જ્યારે હલેસા મારીને કાંઠેથી નાવ મધ્ય સુધી લઈ ગયા અને પછી હવે જો હલેસા ન મારે તો શું હાલત થાય? મધદરીયે જ કદાચ ડૂબવાનો વખત આવે. એવી રીતે આપણા વડવાઓ–વડીલો બાપ–દાદાઓ ધર્મ કરતા આવ્યા છે. ધર્મ કરીને જ ધર્મને ટકાવ્યો છે. અને એવા કુળ–ગોત્રમાં આપણે જન્મ લીધો છે એ આપણી પ્રબળ પુણ્યાઈ છે. એના યોગે આવા ઉચ્ચ ગોત્રમાં આવ્યા અને છતાં જો ધર્મ ન કર્યો, ફરજ સમજીને પણ જો ન કર્યો તો શું પરિણામ આવશે? એક તો આપણે ધર્મથી વંચિત રહીશું. અને બીજું આપણી ભાવિ પેઢીને પણ ધર્મથી વંચિત રાખીશું. ત્રીજું ધર્મને ટકાવવા આપણો ફાળો કંઈ જ નહીં રહે. અને જે ધર્મ કરીને આપણા વડીલોએ ટકાવી રાખ્યો છે તે ધર્મ નહીં કરીને આપણે ડુબાડી દેશું. માટે ધર્મ ભાવિ કાળમાં સદા ટકી રહે આગળ પણ બધાને મળતો રહે. એ હેતુથી પણ ધર્મ કરવો આવશ્યક છે. ધર્મ પ્રત્યે આપણે આપણી ફરજ સમજીએ તો પણ ઘણું સારૂં છે. ભૂતકાળમાં આટલા

બધા હજારો લાખો લોકોએ ધર્મ ટકાવવા માટે અને વધારવા માટે પોતાનો જે અમૂલ્ય ફાળો આપ્યો છે અને એજ ધર્મ આજ આપણને મળ્યો છે અને વિચાર કરો કે એ ફાળામાં આપણે કેટલું ઉમેર્યું ? આપણે શું ઉમેર્યું ? શું આપણી ફરજ નથી ? ધર્મથી પુણ્યોપાર્જન કરીને અહીં સુધી આપણે પહોંચ્યા, ઉપર ચઢયો અને હવે એ ધર્મ પ્રત્યે આપણી શું કંઈજ ફરજ નથી રહેતી ! ધર્મની સાથે આવો વિશ્વાસઘાત કરીને આપણો ઉદ્ધાર કયાં થવાનો છે. આ હેતુથી પણ ઉપેક્ષા કરવી પાલવે એમ નથી. ધર્મ ક્ષેત્રે પણ નિયમ એવો છે કે— "ધર્મો રક્ષતિ રક્ષિતઃ" જે ધર્મની રક્ષા કરે છે તેની ધર્મ પણ રક્ષા કરે છે: આપણી રક્ષા ધર્મ કરે એમ આપણે ઇચ્છીએ છીએ પણ આપણે ધર્મની રક્ષા ન કરીએ તો ન ચાલે. આવી એક પક્ષી સ્વાર્થી વિચારણા તો કેવી રીતે ચાલે ? ન જ ચાલે.

**નવકાર કેવી રીતે ટકયો છે ?**

ઉપર જે રીતે આપણે ધર્મની વાત કરી તેજ વિચારણા નવકાર મહામંત્રના વિષે કરીએ. કારણ કે નમસ્કાર એ ધર્મ છે. અને આવો નમસ્કાર પ્રધાન ધર્મ ટકયો તો કેવી રીતે ટકયો ? નવકાર મહામંત્ર ભીંત ઉપર લખી રાખવાથી, તામ્રપત્ર ઉપર લખીને જમીનમાં ગાડવાથી નથી ટકયો. પત્થરની શીલા ઉપર કંડારવાથી નવકાર નથી ટકયો. કે ચોપડા–પુસ્તકોમાં લખી રાખવા માત્રથી નવકાર નથી ટકયો. નવકાર તો એકમાત્ર ગણવા–ગણાવાથી જ ટકયો છે. આની સતત આરાધના–ઉપાસના અવિરતપણે ચાલતી રહી માટે આ નવકાર ટકી શકયો છે. હજારો–લાખો નહીં પણ અનન્તા વર્ષોથી એકધારો–અવિરત અને સતતપણે નવકાર આરાધાતો રહ્યો છે. માટે નવકાર ટકી શકયો છે. એટલું જ નહીં પણ ચારે ગતિમાં ત્રણે લોકમાં, ૧૫ કર્મભૂમિ ક્ષેત્રમાં સર્વત્ર આરાધાતો રહ્યો છે. ભરત–ઐરવત ક્ષેત્રમાં જરૂર છઠ્ઠા–છઠ્ઠા આરા સાથે સાથે એ ભેગા આવી જાય છે. એટલે ઘણો લાંબો ગાળો વચ્ચે ધર્મ વિનાનો નીકળી જાય છે. છતાં પણ નવકાર મહાવિદેહ ક્ષેત્રમાં

સતત આરાધાતો હોય છે. એટલે એ દૃષ્ટિએ આ શાશ્વત મંત્ર છે. આત્મા પણ અનાદિ–અનન્ત શાશ્વત છે. અને આત્માના જ આધારે નવકાર મહામંત્ર અનાદિ–અનન્ત શાશ્વત છે. તો પછી નવકાર શાશ્વતતાની દૃષ્ટિએ આપણી જ જાતીનો થયો. માટે પણ આપણે આરાધવો જ જોઈએ. બન્ને એક જાતીના સમાન ધર્મી આપણે જ એક બીજાનો આશ્રય લેવો જોઈએ.

થોડોક વિચાર કરીએ કે "નવકાર આપણા આધારે છે કે આપણે નવકારના આધારે છીએ ? કોણ કોના આધારે ટકી શકયો છે ? જો એક તરફી વિચાર કરીશું તો આપણને અભિમાનનો દોષ લાગશે. કે આપણા આધારે નવકાર ટકી રહ્યો છે ? ના....ના.... હકીકતમાં તો આપણે નવકારના આધારે ટકી રહયા છીએ. આજે દુર્ગતિમાં ન પડતા સદ્‌ગતિમાં ઊંચી મનુષ્ય ગતિમાં ટકી રહયા છીએ એનો અર્થ જ એ થાય છે કે ભૂતકાળમાં કયાં–કયારે અને કેટલીવાર નવકારનું સ્મરણ–રટણ કર્યું હશે ? કયા ભવની સાધના આજે આપણને તારવા સક્ષમ બની છે ? કયારની કયી ધર્મારાધના આજે ઉદયમાં આવી છે એ આપણને કયાં ખબર છે ? નવકાર મારા આધારે નથી ટકયો. આપણા ઘરના આધારે નથી ટકયો કારણ કે નવકાર ગણનારા તો લાખો–કરોડો નહીં પણ પણ સંખ્યાત–અસંખ્યાત છે. ભૂતકાળમાં પણ નવકાર ગણનારા ઘણા હતાં. આજે છે અને ભવિષ્યમાં રહેવાના જ છે. એટલે નવકાર તો સતત ટકવાનો જ છે. આપણે નવકાર ટકાવવાનું અભિમાન લેવાની કોઈ જરૂર નથી. અને આપણે ૧–૨ કે પાંચ–પચ્ચીશ નવકાર ન પણ ગણીએ તો કયાં ફરક પડી જવાનો છે ? કે નવકાર ડૂબી જવાનો છે ? કે આ ધર્મ ડૂબી જવાનો છે ? નષ્ટ થવાનો છે ? એવો કયો નવકાર આપણા ઉપર જીવી રહયો છે કે ટકી રહયો છે ? માટે એવો વિચાર કરવાની પણ જરૂર નથી.

હા. એક વાત ચોક્કસ છે કે નવકાર ટકયો છે. એક માત્ર નવકાર ગણનારાઓથી, રટવાથી, સ્મરવાથી, જાપ ધ્યાન કે આરાધનાથી ટકયો

છે. તે પણ કરવાથી ટક્યો છે. એટલે વિચાર કરો કે આપણા પૂર્વજોએ–વડીલો અને બાપ–દાદા અને પરદાદાઓએ બધાઓએ સતત આ નવકાર મહામંત્રની આરાધના ઉપાસના કરી હશે. અને વારસાગત રીતે કરતાં કરાવતાં રહ્યા હશે ત્યારે આપણા સુધી આજે નવકાર પહોંચી શક્યો છે. જન્મ્યા પછી બાલ્યાવસ્થામાં જ મા–બાપે નવકાર આપણને શિખવાડયો છે. અને આપણે એની આરાધના કરતાં આવ્યા છીએ. માટે એક વાત નિશ્ચિત છે કે નવકાર તો આરાધના–ઉપાસનાથી જ ટકવાનો છે. માટે આપણે એ જ માર્ગે જવું ઉચિત છે. આપણે પણ આ માર્ગે આપણો કીંમતી ફાળો આપીએ. અને એમાં અભિમાન ન લેતાં કર્તવ્ય અને ફરજબુદ્ધિ રાખીએ તો જ આપણને લાભ છે. કારણ કે આપણા થકી નવકાર ધર્મનો ઉદ્ધાર કે કલ્યાણ નથી પણ નવકાર ધર્મ થકી આપણો ઉદ્ધાર કે કલ્યાણ છે. જે પ્રયત્ન આપણા પૂર્વજોએ કર્યો છે તે જ પ્રયત્ન આપણે પણ કરવો પડશે. અને એ પ્રયત્ન ઘણો જ આસાન અને સરલ છે. માત્ર પંચપરમેષ્ઠિઓને નમસ્કાર કરવો એ જેટલી વાત ઘણી મોટી અને ગંભીર લાગે છે એટલી જ વાત પ્રયત્નથી આસાન સરલ અને સુગમ છે. માત્ર અરિહંતાદિ પંચપરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનો છે.

**નમસ્કાર ધર્મ**

નવકાર મહામંત્રમાં સર્વ પ્રથમ "નમસ્કાર"નું મહત્વ બતાવવામાં આવ્યું છે. અરિહંત–સિદ્ધાદિ ધર્મ નથી. તે તો મહાધર્મી છે. માત્ર તેમને નમસ્કાર કરવો એ ધર્મ છે. માટે આ મહામંત્રનું નામકરણ પણ નમસ્કાર મહામંત્ર કર્યું છે. જગતમાં નમસ્કારનો જ વ્યવહાર મોટો છે, અને ધર્મ પણ નમસ્કારનો જ મોટો છે. સર્વ પ્રથમ નમસ્કાર. પછી બીજી બધી વાત. માટે આપણે તો બીજુ કંઈજ કરવાનું રહેતું નથી. માત્ર નમસ્કાર કરવાનો રહે છે. આ નમસ્કાર ધર્મના સૂચક શબ્દો "નમો" ના છે. જે વારંવાર નવકારમાં પ્રયુક્ત થયા છે.

**નવકારનું નામકરણ—**

આ જગતમાં દરેક વસ્તુનું નામકરણ થાય છે. કોઈ પણ વસ્તુ એવી નથી કે જેનું નામ ન હોય. અને કોઈ પણ નામ એવું નથી કે જેની વાચી વસ્તુ ન હોય. આ સંસારનો નિયમ છે. વસ્તુ હોય અને નામ ન હોય એ કેમ બને? એનો વ્યવહાર કેવી રીતે ચાલે ? આપણે જન્મ્યા એટલે આપણું પણ નામ પાડયું. નહીંતર આપણને બોલાવવા કરવા આદિ વ્યવહાર કેવી રીતે થાત ? અને નામકરણ જન્મની રાશી નક્ષત્રના ચરણના આધારે માતા–પિતાએ નામો પાડયા. એટલે એ નામથી દુનિયામાં આપણો વ્યવહાર ચાલી રહ્યો છે. પરંતુ નવકારનું નામ શું પાડવું ? કારણ કે નવકાર કોઈ રાશી કે નક્ષત્રમાં નથી તો જન્મ્યો અને નથી બન્યો. તેનો રચનાકાળ પણ નથી....પછી સવાલ જ ક્યાં થાય છે? માટે નવકારના નામકરણની રીત જુદી છે. આપણે ત્યાં નામકરણની બે પદ્ધતિઓ છે.

નામકરણ

(૧) આદ્યાક્ષરી (આદ્યશબ્દાનુસારી) — (૨) વિષયાનુસારી

(૧) આદ્યાક્ષરી–આદ્યશબ્દાનુસારી—અર્થાત્ જે સૂત્રનો જે પહેલો આદ્ય શબ્દ હોય તેના આધારે નામ પાડી દેવું–તે આદ્ય શબ્દાનુસારી કહેવાય છે. દા. ત. "નમુત્થુણં સૂત્ર", લોગસ્સ સૂત્ર, સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર, એજ પ્રમાણે નવકાર મંત્ર. આ બધા સૂત્રોમાં નમુત્થુણં, લોગસ્સ, આદિ પહેલા આદ્ય શબ્દો છે. માટે આ શબ્દોથી જ એના નામો પડી ગયા. આ શબ્દોથી જ આ સૂત્રો શરૂ થતા હોય છે. ચાલે છે. માટે લોકોની સામાન્ય યાદશક્તિમાં સરલતા–અને સુવિધા રહે એ હેતુથી આ નામો સૃહેલા પડે છે. કોઈને પણ કહીએ ભાઈ ! લોગસ્સ સૂત્ર બોલો. નમુત્થુણં બોલો. એટલે એ તુરંત લોગસ્સ ઉજ્જોઅગરે....એમ શરૂ કરીને જલ્દીથી બોલવા માંડે છે. એટલે યાદ શક્તિને યાદ રાખવામાં

સરલતા પડતી હોવાથી આ પદ્ધતિ વ્યવહારમાં પ્રચલિત થઇ ગઈ છે. આ પદ્ધતિ મુજબ નવકારનું નામ "ણમોકાર" મંત્ર, કે 'ણમોકાર સૂત્ર' એવું નામ પડ્યું. 'ણમો' પ્રથમ શબ્દ છે એટલે એના આધારે ણમોકાર સૂત્ર નામ પડી ગયું. અને પ્રચલિત પણ થઇ ગયું.

(૨) વિષયાનુસારી—બીજી પદ્ધતિ છે વિષયાનુસારી. આ પદ્ધતિમાં સૂત્રમાં જે મુખ્ય વિષય હોય તે પ્રમાણે નામ પાડવામાં આવ્યા છે, દા.ત. નામસ્તવ, શ્રુતસ્તવ, સિદ્ધસ્તવ, શક્રસ્તવ સૂત્ર વગેરે. હવે આ નામો લઇને આપણે કોઇને કહીએ કે ભાઈ! શક્રસ્તવ સૂત્ર બોલો? નામસ્તવ સૂત્ર બોલો? તો તે પહેલા માથું ખંજવાળવા બેસી જશે. યાદ શક્તિને પરિશ્રમ પડશે. વિચારમાં પડી જશે. કે શું બોલું? આ વળી કયું સૂત્ર છે? જવાબ પણ આપી દે કે સાહેબ! આ સૂત્ર મને નથી આવડતું, મેં નથી કર્યું. પરન્તુ તેને સૂત્રોના બન્ને નામો સમજાવી દઇએ કે ભાઈ! આ તો એજ સૂત્ર છે જે તમને સારી રીતે આવડે છે. નામસ્તવ-એટલે 'લોગસ્સ સૂત્ર', લોગસ્સનું જ બીજું નામ છે નામસ્તવ સૂત્ર, શક્રસ્તવનું જ બીજું નામ છે નમુત્થુણં સૂત્ર.... જો એટલો સંકેત આપીએ તો કોઈ પણ ઝડપથી બોલી શકે. કારણ કે તેની યાદ શક્તિ ઉપર જે આધારિત પદ્ધતિ હતી. તે તેની સામે આવી ગઈ એટલે સ્મરણ શક્તિ તરત જ કામ કરી જાય છે.

આ બીજી વિષયાનુસારી પદ્ધતિ પ્રમાણે નવકારનું નામકરણ—"શ્રી પંચમંગળ મહાશ્રુતસ્કંધ" કરવામાં આવ્યું છે. શ્રી મહાનિશીથસૂત્ર વગેરે આગમોમાં આ નામ જ ખાસ આપવામાં આવ્યું છે. પંચ=એટલે અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિ ભગવંતો, અને મંગળ=એટલે મહામંગળકારી, અને એવા આ મહામંગળકારી પંચપરમેષ્ઠિ ભગવંતોને કરવામાં આવતો નમસ્કાર તે સૂત્ર શ્રુત શાસ્ત્ર, એટલે શ્રુતજ્ઞાનક્ષેત્રે મહાશ્રુતસ્કંધ છે.

સમસ્ત શાસ્ત્રોના જ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવાય છે. તેમાં ૧૪ પૂર્વ અને દ્વાદશાંગી વગેરે સમસ્ત શ્રુતશાસ્ત્ર સમાઈ જાય છે. એવા

દ્વાદશાંગીરૂપ મહાશ્રુતના સ્કંધ આધાર સ્તંભ રૂપે નવકાર મહામંત્રને ગણવામાં આવ્યો છે. એટલે દ્વાદશાંગીને એક ભવ્ય પ્રાસાદ મહેલરૂપે સ્વીકારીને તેના મૂળાધાર સ્તંભરૂપે શ્રી નમસ્કાર મહામંત્રને ગણવામાં આવેલ છે.

**નવકારનો શબ્દાર્થ**

નવકાર એ લોકભાષામાં પ્રચલિત અને પ્રસિદ્ધ નામ થઈ ગયું છે. લોક મોંઢે મોટા ભાગે નવકાર શબ્દ વધુ બોલાય છે. નવકાર શબ્દનો શું અર્થ કરીશું.? ગમ્મત માટે પણ લોકો જે તે અર્થ કરી દેતા હોય છે. નવકાર, નવ એટલે નવી, નવીન New, અને કાર. ને વળી અંગ્રેજીમાં લખીને CAR એટલે કાર એમ કહે તો તો નવ-કારનો અર્થ New Car નવીકાર થઈ જાય છે. આ અર્થ આપણને અભિપ્રેત નથી. નવકાર શબ્દમાં નવને સંખ્યાવાચી અર્થમાં લઈને કહીએ કે નવ-એટલે ૯ અને કાર એટલે ફરી CAR ગાડી. તો નવકાર એટલે નવ-૯-ગાડીઓ. એ પણ ગમ્મતના નિરર્થક અર્થો છે. પરન્તુ મુખ્ય અર્થ કંઈક જુદો જ છે.

હકીકતમાં નવકાર એ પ્રાકૃત ભાષાનો શબ્દ છે. એનો જ સંસ્કૃત શબ્દ છે 'નમસ્કાર'. નમસ્કારનો જ વાચી અને નમસ્કાર અર્થમાં જ 'નવકાર' શબ્દ વપરાય છે. પ્રાકૃત વ્યાકરણના નિયમ પ્રમાણે સંયુકતા-ક્ષર- જોડાક્ષર સ્વજાતીય અક્ષરો જ બન્ને સાથે આવી શકે છે. અને જોડાક્ષર બની શકે છે. દા. ત. નમુક્કારો, સવ્વેસિં, પરન્તુ અન્ય વિજાતીય, ભિન્ન અક્ષરો સાથે મળીને સંસ્કૃત ભાષાની જેમ જોડાક્ષરો પ્રાકૃત ભાષામાં નથી વપરાતા. નવકાર મહામંત્ર મૂળભૂત પ્રાકૃતભાષામાં છે. પ્રાકૃતભાષા એક કાળે આમ લોક ભાષા તરીકે પ્રચલિત હતી. માટે પ્રાકૃત ભાષાની દૃષ્ટિએ નમસ્કારનો જ નવકાર શબ્દ બને છે. નવકારનો અર્થ નમસ્કાર જ થાય છે. માટે નવકાર મંત્ર કહીએ કે નમસ્કાર મંત્ર કહીએ વાત એક જ છે.

**નવકાર કે ણુમોકાર**

ન કે ણ. નવકાર પણ બોલાય છે. અને ણુમોકાર પણ બોલાય છે. બન્નેમાં સાચા–ખોટાનો વિચાર કરવાની જરૂર નથી. કારણ કે બન્ને સાચા જ છે. પ્રાકૃત ભાષાનો વ્યાકરણના નિયમ મુજબ ન નો ણ વિકલ્પે થાય છે. ન પણ બોલાય અને ણ પણ ચાલે. વિકલ્પનો અર્થ જ એ થાય છે કે એક વાર થાય અને ન પણ થાય. માટે નમોકાર બોલો કે ણુમોકાર બોલો. બન્ને એક જ વાત છે. સાચા–ખોટાનો પ્રશ્ન જ નથી. બન્ને સાચા જ છે નવકાર મહામંત્રની શરૂઆત 'નમો' થી થતી હોય છે. એટલે 'નમોકાર' મંત્ર અને ણુમોકાર મંત્ર એમ બન્ને શબ્દો–નામો વપરાય છે. એટલે ણુમોકાર મંત્ર પણ કહેવાય છે. માટે દિગમ્બર સંપ્રદાયમાં ણુમોકાર મંત્ર એમ આ નામ પ્રચલિત અને પ્રસિદ્ધ થઈ ગયું છે. 'ણુમોકાર મંત્ર' શબ્દ નામ તરીકે બોલવાની રૂઢિ પડી ગઇ છે. અને શ્વેતાંબર સંપ્રદાયમાં નવકાર શબ્દ વધારે પ્રચલિત થઈ ગયો છે.

એ જ રીતે 'નમો અરિહંતાણં' પદ સાચું ? કે—"ણમો અરિહંતાણં" પદ સાચું ? આમાં પણ ઉપરોક્ત નિયમ જ લાગુ પડશે. ન નો ણ વિકલ્પે થાય છે. માટે ન પણ ચાલે અને ણ પણ ચાલે. છતાં પણ એક પક્ષ ણ ઉપર વધુ ભાર મૂકે છે. પરન્તુ ન ખોટો નથી. માટે જ બન્ને પ્રચલિત છે. જો 'ન' ખોટો હોત તો ક્યારનોય ન ચાલ્યો ગયો હોત.

**નમસ્કારાર્થક 'નમો'નો પ્રયોગ—**

આ નમસ્કાર મહામંત્રમાં નમસ્કાર ભાવની જ પ્રાધાન્યતા છે. નમસ્કાર કરવાનો કહ્યો છે. અને એ માટે નમસ્કાર ભાવ સૂચક 'ણમો' એ પહેલાં મૂક્યો છે. જે નવકાર મહામંત્રમાં પદની સંખ્યા, લઘુ અક્ષરો, સંયુક્તાક્ષરો (જોડાક્ષરો) તેમજ સંપદા ગાથા આદિ બધાની ગણતરી રાખવામાં આવી છે. ગણિતની દૃષ્ટિએ એ બધાની સંખ્યાનું ઘણું મહત્ત્વ છે, અને માટે એમાં શબ્દોની ગણતરી સીમિત્ મર્યાદિત

છે. છતાં પણ આ નવકાર મંત્રમાં અંદર જોતાં એમ લાગશે કે "ણમો" શબ્દ કેટલી વાર વાપર્યો છે? "ણમો" શબ્દ પાંચ વાર વાપર્યો છે. અને નમસ્કારાર્થક સૂચક શબ્દો કેટલા? ૬. છે. પાંચ પદોમાં પાંચ વાર જે નમો વાપર્યા છે તે અને છઠ્ઠી વખત 'એસો પંચ નમુક્કારો' ના છઠ્ઠા પદમાં જે 'નમુક્કારો' શબ્દ વાપર્યો છે તે બધાય નમસ્કાર અર્થમાં જ વપરાયા છે. પરન્તુ આ ૬ વાર વપરાયેલા શબ્દોની અક્ષર સંખ્યા ગણીએ તો કેટલી છે? ઉત્તર ૧૪. ણમો-ણમો પાંચવાર એટલે દશ અક્ષરો થયા. અને 'નમુક્કારો' શબ્દના ૪ અક્ષરો છે. એટલે ૧૦ + ૪ = ૧૪ અક્ષરો થયા. ૬ શબ્દના ૧૪ અક્ષરો. નમસ્કાર અર્થમાં નમસ્કાર વાચી શબ્દ ૫-અને ૧ એમ ૬ વાર અને અક્ષરો ૧૪ નવકાર મહામંત્રમાં વાપરવામાં આવ્યા છે.

જ્યાં મંત્રમાં શબ્દે-શબ્દ અને અક્ષરે અક્ષરોની ગણતરી રાખવામાં આવી છે. દ્વિરૂક્તિ દોષ ન સેવવો જોઈએ. એક શબ્દ-બે ચાર વાર—વારંવાર ન વપરાવો જોઈએ છતાં પણ નવકારમાં 'ણમો' શબ્દ વારંવાર વાપરવામાં આવ્યો છે. અને છતાં પણ કોઈ દોષ નથી બતાવવામાં આવ્યો? તો કહે છે ના. ઉપરથી ગુણ બતાવવામાં આવ્યો છે. નમસ્કાર ભાવની વૃદ્ધિ. નમસ્કારની આરાધના, તેનું લક્ષ દર્શાવવામાં આવ્યું છે. જીવનમાં પહેલાં નમસ્કારની આવશ્યક્તા છે.

**સર્વ પ્રથમ નમસ્કાર ધર્મ—**

જગતમાં ઘણાં પ્રકારના ધર્મો છે. તપ-તપશ્ચર્યા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દર્શન-પૂજા અને દાન શિયળ, તપ, ભાવનાઆદિ ઘણાં પ્રકારના ધર્મો છે. અને એજ પ્રમાણે ક્ષમા, સમતા, સરલતા, નિર્લોભતા, વિરાગતા-વૈરાગ્ય આદિ આત્મધર્મો પણ ઘણાં છે. છતાં પણ બધા કરતાં પહેલાં માત્ર નમસ્કાર ધર્મની આવશ્યક્તા છે બધા પ્રકારના ધર્મોમાં નમસ્કારધર્મની જ પ્રાથમિક કક્ષાએ ઉપયોગિતા છે. પહેલાં કયો ધર્મ શિખવાડવો ઊચિત છે? નાનો બાળક છે. બાળકના

જીવનમાં ધર્મની શરૂઆત કરવાની છે. એની માતા એને ધર્મ શિખવાડે છે. તો સર્વપ્રથમ બાળકને શું શિખવાડવું ? પહેલાં સામાયિક કે પૂજા ? તપશ્ચર્યા કે પ્રતિક્રમણ ? અથવા પહેલાં ક્ષમા, સમતા કે પછી સરલતા વગેરે ધર્મોમાંથી કયા ધર્મો શિખવાડવા ? બાળકની અલ્પવય.... યોગ્યતા, પાત્રતા, ઉંમર વગેરેનો બધો વિચાર કરતાં એમ લાગે છે કે 'નમસ્કાર ધર્મ' જ પહેલા શિખવાડવો વધુ જરૂરી છે પહેલાંથી જ બાળક સામાયિક કે સમતા રાખવાનું કેવી રીતે શિખી શકશે ? અથવા તપ–તપશ્ચર્યા કરી શકશે ? અથવા દાન–પુણ્ય કરી શકશે ? ના સંભવ નથી.

સર્વ પ્રથમ બાળકને નમસ્કાર ધર્મ જ શિખવાડવામાં આવે છે આ જ પ્રચલિત વ્યવહાર છે. એ પ્રમાણે જ સમસ્ત જગતમાં ચાલે છે. માતા પહેલાં બાળકને બે હાથ જોડીને માથું નમાવીને નમવાનુ શિખવાડે છે. આ નમસ્કારની ક્રિયા છે. અને પછી આ ક્રિયાનું નામ "જે. જે." છે એવું સાથે નામવ્યવહાર પણ શિખવાડે છે. જેથી દરેક વખતે બાળકના હાથ પકડવાનો અને માથું નમાવવાની ક્રિયા માતાને કરવી ન પડે. નામ–શબ્દથી વાચી એ ક્રિયા બની જાય. એ પ્રમાણે બાળકના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય છે. નિશ્ચિત થાય છે કે...અ પ્રમાણે હાથ જોડીને માથું નમાવવાની ક્રિયાને જે. જે. કહેવાય છે માટે 'જે. જે.' શબ્દનો અર્થ શુ થાય છે ? શું થતો હશે ? કોઈ પણ કોષ કે Dictionary માં નથી મળવાનો આ જે. જે. શબ્દ છતા પણ વ્યવહારમાં પ્રચલિત હેતુ, ભાવ, કે અર્થ નમસ્કારનો જ છે એવ રીતે વ્યક્તિના જીવનમાં બાલ્યાવસ્થાથી જ સર્વ પ્રથમ નમસ્કા ધર્મનાં બીજ જ વાવવામાં આવે છે. એ પ્રમાણે જીવનમાં પહેલેથી જ નમસ્કાર ધર્મ શિખવાડવામાં આવે છે. નમસ્કારના જ સંસ્કાર પાડવામ આવે છે. જેથી બાળક નમ્ર, વિનીત, વિનયી બને એવો મા નો પા ભાવ હોય છે. અને નમ્ર વિનીત બાળક સર્વ પ્રિય બધાનો લાડકે બધાનું મનમોહનાર બની શકે છે. આજ સારા સંસ્કારો ભવિષ્યમ

સુદૃઢ થઇ જશે તો જીવન વિનયી થઈ જશે. બાળક મોટો થઈને ઉદ્ધત અવિનયી નહીં થાય. સર્વેને પ્રિય થશે આ હેતુથી ક્ષમા–સમતા આદિના ધર્મો ધીમે ધીમે પછીથી શિખવાડવામાં આવશે. પરન્તુ સર્વ પ્રથમ તો નમસ્કાર ધર્મની જ શિક્ષા આપવામાં આવે છે. એજ યોગ્ય પણ છે. એ વિષે એક પ્રસંગ એ પ્રમાણે આવે છે.

**નમસ્કારની શિક્ષા**

મગધ દેશના શાલિગ્રામનગરના શેઠ પુષ્પશાલનો પુત્ર ફલશાલ બાલ્યાવસ્થાથી જ નમ્ર, વિનયી, અને સરલ સ્વભાવી હતો. યોગ્ય ભૂમિમાં પડેલા બીજ જેમ હવા–પાણી–પ્રકાશાદિના સંયોગો પામતા ઉગી નીકળે છે અને વૃદ્ધિ પામે છે. એવી જ રીતે પૂર્વજન્મથી સંસ્કારાવસ્થામાં પરેલા બીજ દેવ–ગુરૂ આદિના શુભ યોગે પ્રગટ થાય છે. અને વૃદ્ધિ પામે છે. ફલશાલ કુમારે બાલ્યાવસ્થામાં જ ધર્મગુરૂના મુખે વિનય–નમસ્કાર ગુણની વાતો સાંભળી, અને સાંભળેલું માત્ર સાંભળવા પુરતું જ મર્યાદિત નહીં પણ બીજા દિવસથી વડીલ વર્ગનો બહુમાન તેમને નમસ્કાર. વિનયાદિનું સુંદર આચરણ કરવા લાગ્યો.

વાત સાચી જ છે કે મનુષ્ય દાગીના–આભુષણ આદિથી નથી શોભતો, પરન્તુ એના જીવનના વિશિષ્ટ ગુણો જ એને શોભાવનારા આભુષણો બની જાય છે. ફલશાલકુમાર પણ પોતાની શોભા નમસ્કાર પ્રવૃત્તિથી વધારતો ગયો. નિત્ય પ્રતિદિન માતા–પિતા વગેરેને નમસ્કારાદિ કરી તેમનો વિનય સાચવવા લાગ્યો. એક દિવસ પિતાને ગામના સરપંચને નમસ્કાર કરતા જોયા એટલે પુત્રે પણ નમસ્કાર કર્યા. વડીલો ને મળવા માટે, વડીલો પાસે જવા માટે નમસ્કાર એજ શ્રેષ્ઠ ઉપાય છે. વ્યવહાર છે. પિતાએ સમજાવ્યો. પુત્ર! નમસ્કાર કરનાર નાનો અને જેને નમસ્કાર કરાય છે તે નમસ્કરણીય વ્યક્તિ મોટી હોય છે. આ નિયમ મુજબ જે જે મોટી વ્યક્તિ મળે તેમને ફલશાલ નમસ્કાર કરતો જાય છે. નમસ્કરણીય વ્યક્તિ ઉત્તમ અને ઊંચી ગણાય છે. હોય છે.

અવસરે પિતા–પુત્ર રાજગૃહીએ ગયા. ત્યાં રાજપુરૂષ મંત્રી આદિને નમસ્કાર કરતા લોકોને જોયા. એટલે પિતા ને પૂછયા વગર જ બાલક નમસ્કારના નિયમ ઉપરથી સમજી ગયો કે આ મોટી વ્યક્તિ છે. પછી રાજદરબારમાં મગધના અધિપતિ સમ્રાટ શ્રેણિકને તે મંત્રીઓ આદિ સમસ્ત નગરજનો વડે નમસ્કાર કરાતા વંદાતા જોયા એટલે ફલશાલ સમજી ગયો કે આ સર્વ શ્રેષ્ઠ ઊંચી વ્યક્તિ હશે. એને પણ હાથ જોડી નમસ્કાર કર્યા. અને પિતાને પૂછે છે પિતાજી! હવે એમના કરતા તો મોટા કોઇ નહીં હોય ને ? પિતાએ કહ્યું પુત્ર ! આપણે તો નમસ્કારના નિયમ પ્રમાણે સમજીને ચાલવું, જે નમનાર છે તે નાનો, અને નમસ્કરણીય મોટો. માટે જો આ રાજા પણ કોઇને નમે તો તે મોટા અને રાજા નાનો.

યોગાનુયોગ એક દિવસ સમ્રાટ શ્રેણિક હાથીની અંબાડીએ રાજ-માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ભવ્ય ચતુરંગી સેના વગેરેથી પરિવરેલા હતા. એટલામાં એક ત્યાગી મુનિમહાત્માને રાજમાર્ગ ઉપર આવતા દેખીને સમ્રાટ હાથી ઉપરથી નીચે ઉતરીને મહાત્માને નમ્યો, વંદન કર્યા. આ જોઇને ફલશાલ આભો બની ગયો. કોણ મોટા ? રાજા પાસે તો કેટલો ઠાઠ છે ? અને આ મહાત્મા પાસે તો કંઈ જ નથી. શું સમજવું ? પરન્તુ ફરી પિતાએ નમસ્કારનો નિયમ યાદ કરાવ્યો. મુનિ મહાત્માને ઉપાશ્રયમાં ગુરૂને વંદન કરતા જોયા. ગુરૂ ઉપાધ્યાયજી મહારાજને વંદન કરી નમતા હતા તે અને પછી ઉપાધ્યાયજી મહા-રાજને આચાર્ય ભગવંતને નમતા–વંદતા જોયા. આ જોઈને નમસ્કરણીય વ્યક્તિઓ કેટલી છે ? કેટલી મોટી વ્યક્તિઓ છે. અને અન્તે આચાર્ય મહારાજોને સમવસરણમાં બિરાજમાન ત્રણલોકના નાથ તીર્થંકર મહાવીર પરમાત્માને પ્રદક્ષિણા સહિત વંદન કરતા જોયા. એટલે ફલશાલ સમજી ગયો કે આ ભગવાન જ બધાથી મોટા હોવા જોઈએ.

ફલશાલ પ્રભુને નમ્યો. પૂછયું પ્રભો ! હું આપને સેવવા માંગુ છું. ભગવંતે કહ્યુ હે ભાગ્યશાલી ! હું તો ક્ષત્રિય વેષ તલવાર શસ્ત્રાદિથી

નથી સેવાતો પણ ઓઘા (રજોહરણ), મુહપત્તિથી સેવાઉં છું. માટે એ રીતે સેવો તો યોગ્ય છે. વ્યવહાર વિનયનો નમસ્કાર આત્માને આજે કેટલા ઊંચા પરમાર્થને માર્ગે લઈ આવ્યો? સરલ વિનીત આત્મા ફૂલશાલે સર્વસ્વનો ત્યાગ કરી સમવસરણમાં પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. ખૂબ વિનીત ભાવે પ્રભુની સેવા ભક્તિ આદિ કરતા ફૂલશાલ મુનિ સદ્ગતિ પામ્યા. આત્મોદ્ધાર સાધ્યો.

**મહત્તા કોની? અરિહંતની કે નમોની?—**

નવકાર મહામંત્રમાં—णमो अरिहंताण" આ પ્રમાણે પદની; વાકયની રચના કરી છે. અને એ જ પ્રમાણે પાંચે પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં णमो પદ પહેલા રાખ્યો છે. અને પછી અરિહંત આદિ પરમેષ્ઠિઓના નામો રાખ્યા છે. ગુજરાતી ભાવાર્થ પણ એ પ્રમાણે જ અર્થવાચી રાખ્યો છે. નમસ્કાર હો (થાઓ) અરિહંતોને, નમસ્કાર થાઓ સિદ્ધોને, નમસ્કાર થાઓ આચાર્યોને, નમસ્કાર થાઓ ઉપાધ્યાયોને, અને નમસ્કાર થાઓ લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને. આ પ્રમાણે પાંચે પદની શબ્દ રચના છે. ક્રમ રચનાની દૃષ્ટિએ વિચાર કરતાં સ્પષ્ટ દેખાય છે કે....નમોશબ્દ પહેલાં મૂકયો છે અને અરિહંત શબ્દ પછી વાપર્યો છે. "णमो अरिहंताण" કહ્યું છે પણ "अरिहंताणं णमो" નથી કહ્યું. જો આપણે અરિહંતને મહત્વ આપીએ, અને એજ પ્રમાણે પાંચે પરમેષ્ઠિ ભગવંતોની જ મહત્તા વિશેષ ગણીએ અને નમસ્કાર ભાવને ગૌણ કરીએ તો નમો શબ્દને પાછળ મૂકીએ અને અરિહંતાદિ પંચ પરમેષ્ઠિના નામો આગળ મૂકીએ તો નવકારનું સ્વરૂપ કેવું થશે?

अरिहंताण णमो ।१। सिद्धाण णमो ।२।
आयरियाणं णमो ।३। उवज्झायाणं णमो ॥४॥
लोए सव्व साहूण णमो ॥५॥

આ પ્રમાણેની નવકારમંત્રની શબ્દ રચના થઈ જાય. પરન્તુ આ પ્રમાણે નવકારમંત્રની રચના ન રાખતા णमो પદને આગળ મૂકયું છે.

અને પંચ પરમેષ્ઠિના નામો નમો પછી રાખ્યા છે. અને એ રીતે નવકારની મંત્ર રચના કરી છે. નવકારનો શબ્દ દેહ-અક્ષરદેહ આ પ્રમાણે સ્થાયી રાખવામાં આવ્યો છે.

णमो अरिहंताणं ॥१॥ णमो सिद्धाणं ॥२॥
णमो आयरियाणं ॥३॥ णमो उवज्झायाणं ॥४॥
णमो लोए सव्व साहूणं ॥५॥

આ રચનાને જ સ્થાયી સ્વરૂપે આપવામાં આવેલ છે. અને એજ સાચું છે. આપણે એમાં પરિવર્તન કરવાની જરૂર નથી રહેતી. નમો ને પાછળ મૂકવાની જરૂર નથી. નમો આગળ છે તે જ સાચું છે. આમાં ક્રમનું પણ રહસ્ય છે. જો કે નમો શબ્દ પહેલાં મૂકવાથી અરિહંત-કે સિદ્ધાદિ પરમેષ્ઠિઓની મહત્તા ઘટી નથી જતી. ઉપરથી વધે છે. કારણકે નમસ્કાર કોને કરાય છે? અરિહંતાદિને જ કરાય છે.

પ્રશ્ન-તો પછી નમો પાછળ મૂકવાથી પણ કયાં અર્થ બદલાઈ જવાનો છે? ના અર્થ તો એનો એજ રહેશે. પરન્તુ નમો આગળ મૂકવાથી જે નવકારની મહત્તા-વિશેષતા રહેલી છે, તે રહસ્યો જળવાય છે.

"નમો"—એ નવકારનું પ્રવેશ દ્વાર છે—

એક ઘર-કે મકાન હોય છે ગમે તેટલું મોટું હોય કે વિશાળ હોય. પરન્તુ તેનું પ્રવેશ દ્વાર તો અવશ્ય હોય જ છે. એ દ્વાર નાનું હોય છે. મકાન મોટું હોય છે. એ પ્રમાણે કલ્પના કરો કે નવકાર એ એક વિશાળ અર્થવાળુ ઘર કે મોટું મકાન છે. એમાં માલિક અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ ભગવંતો રહે છે. એવા મકાનમાં એ માલિક પાસે પહોંચવું છે, જવું છે. તો એક માત્ર "નમો" નમસ્કારના પ્રવેશ દ્વારથી જ નવકારમાં પ્રવેશ કરી શકાશે પ્રવેશ દ્વાર મકાનની આગળ

હોય છે. એમ નમો'ને અરિહંતાદિની આગળ મૂકયો છે. પહેલા ક્રમે રાખ્યો છે.

'નમો' એ મકાનની આગળ આગળના ભાગના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ ઊભા રહેલા ચોકીદાર, કે પહેરેદાર (Watch man)નું કામ કરે છે. એ ચોકીદાર નમો આપણને સૂચના આપે છે. કહે છે કે–નમીને અંદર જાઓ. અરિહંત સિદ્ધાદિની પાસે જવું હોય તો નમીને જાઓ. પહેલાં બહારથી જ નમસ્કાર કરીને પછી અંદર જાઓ. નમતા જાઓ. નમીને પછી આગળ વધો. એટલા માટે નમો શબ્દ સૂચક–પ્રેરક બની ગયો છે. આત્માને ડગલેને પગલે નમાવવાનો પ્રયત્ન કરે છે. અરિહંતાદિ પંચપરમેષ્ઠિઓ પાસે જતાં નમવાનું કદાચ ભૂલાઈ ન જાય, રહી ન જાય, માટે આગળ પહેલાં જ રહેલો "નમો" પદ આપણી ચોકીદારી કરે છે.આપણો હિતેચ્છુ ભાવમિત્ર છે. આપણને અવિનય, આશાતનાથી બચાવવાનું કામ કરે છે. ડગલે ને પગલે આપણને જાગૃત કરે છે. સાવધાન કરે છે કે હે ચેતન! નમતો રહે જે નમીને જજે.

## ન નમવાનું પરિણામ

પ્રાચીન કાળની વાત છે. પિતાએ પુત્રને ઘણું કહ્યું–બેટા ! રોજ જિનમંદિરે જઇને પ્રભુને નમસ્કારાદિ કરવા જોઇએ. એ ઘણું સારૂં છે. ઘરના બધા જાય છે. પ્રભુને નમસ્કાર કરે છે. અને તું કેમ નથી જતો ? નમસ્કાર બધી રીતે આપણા સારા માટે છે. પરન્તુ શું થાય ? પૂર્વજન્મના ભારે કર્મના ઉદયના કારણે પુત્રને આ વાત રૂચતિ નથી. એ સ્વભાવે પણ અવિનયી, કલેશ–કષાયેની વૃત્તિવાળો હતો. એટલે પિતાની સામે પડયો જીદે ચઢયો. મંદિર તો નહીં જ જાઉં. ભગવાનને પણ નહીં નમું તમને પણ હાથ નહીં જોડું. આવા વિચારથી પિતા બહુ દુઃખી થતા હતા. ધર્મી આત્માને અધર્મીનો વ્યવહાર ન ગમે, પણ શું કરવું ? સંસાર બગાડવો કે ધર્મ સુધારવો ? ધર્મસંકટની પરિસ્થિતિ સામે હતી. અવિનયી ઉદ્ધત જીવને જેમ જેમ સમજાવો તેમ તેમ

તે જીવો ક્લેશ કષાયની વૃત્તિમાં વધુ દઢ બનતા હોય છે. સાચું જ કહ્યું છે કે....

उपदेशो ही मुर्खाणां प्रकोपाय न शान्तये ।
पयः पानं भुजंगानां केवलं विष-वर्धनमेव ॥

—જેમ સાપ ને દૂધ પાવા છતાં પણ વિષ (ઝેર)ની જ વૃદ્ધિ થાય છે. તેજ પ્રમાણે મૂર્ખ મનુષ્યોને ઉપદેશ આપવા છતાં પણ કોપ-ક્લેશ કષાય જ વધે છે. શાંતિ નથી વધતી. માટે મહાપુરૂષોએ સમભાવ સાથે માધ્યસ્થ ભાવનાનું આલંબન લેવાનું કહ્યું છે.

સમજદાર પિતાએ પુત્રની સાથે ક્લેશ કષાય કરવાનું ટાળીને યુક્તિ કરી.... ઘરની આગળ દેરાસર બાંધ્યું. આગળ દરવાજો સાવ નાનો અને નીચો રાખ્યો. જેથી જ્યારે પણ કોઈ ને પણ અંદર આવવું હોય તો માથું નીચું નમાવીને જ આવવું પડે. માથું ફૂટવાની બીકથી પણ જે માથું અનિચ્છાએ પણ નમ્યું તે સન્મુખ રહેલ પ્રભુજીને નમે છે. એવો ભાવ આવે માટે દરવાજાની સામે જ પ્રભુ પ્રતિમા બિરાજમાન કરી. અને પાછળ પોતાનું ઘર રાખ્યું. એટલે મંદિરમાં થઈને પ્રભુને નમીને જ ઘરમાં અવાય. પિતાની આ યુક્તિ પાછળ પુત્રને નમસ્કાર કરાવવાનો ભાવ હતો. યોજના ઘડાઈ ગઈ.

પરન્તુ કષાયવૃત્તિમાં જીદ્દનો સવાલ હતો. પુત્ર પણ અભિમાનમાં અડગ હતો. નહીં નમું તે નહીં જ નમું. પિતાએ ભલેને ગમે તે કર્યું ? હું તો નહીં જ નમું. અવિનીત અભિમાની પુત્ર માથું ન નમાવવાની વૃત્તિમાં નાના દરવાજામાંથી નીકળતાં પણ નહીં નમું. સીધો અક્કડ જ જઈશ. એમ કરવા જતા પત્થરની સાથે માથું ભટકાયું. માથું ફૂટયું. લોહી લોહાણ થઈ ઢળી પડયો. અને કાળનો કોળીયો થઈ ગયો.

અભિમાન તો પતન જ કરે છે. એમાં તો શંકા નથી. આ પુત્રનો જીવ મૃત્યુ પામી તિર્યંચની ગતિમાં સમુદ્રમાં જલચર માછલા

તરીકે ઉત્પન્ન થાય છે. જીવ સ્વ-સ્વ કર્માનુસારે તે તે ગતિમાં જાય છે. જન્મે છે. કાળ નિર્ગમન કરે છે અને મૃત્યુ પામીને ફરી બીજી ગતિમાં જાય છે.

કહેવાય છે કે સમુદ્રમાં બધી જાતના માછલાઓ હોય છે. એક માત્ર ગોલ બંગડીના આકારના માછલા નથી હોતા. વલયાકાર નથી હોતા. બાકી સંસારના લાખો આકારના માછલાઓ હોય છે. મનુષ્યાકૃતિના પણ હોય છે અને પદ્માસનસ્થ જિન પ્રતિમાની આકૃતિવાલા માછલાઓ પણ સંભવે છે. પુત્રનો જીવ જે સમુદ્રમાં માછલો થયો છે તેને એક દિવસ દરિયામાં પોતાની સામે એક જિન પ્રતિમાની આકૃતિવાલા માછલાને જોયો. પોતે આશ્ચર્યચકિત્ત થઈ ગયો. વિસ્મયી મન ઉહાપોહના માર્ગે ચઢયું. શું હશે? શું છે? અરે! આવું તો મેં પૂર્વે કયાંય જોયું છે, હા....હા.... મને ચોક્કસ યાદ આવે છે. ગમે તેમ તો સંજ્ઞિ પંચેન્દ્રિય જીવ છે. ખ્યાલ તો આવી જ જાય છે. અને તેમાં પણ કર્મના સંસ્કારો પ્રબલ છે. અચાનક આ ઉહાપોહમાં નિમિત્ત મળતાં જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. અર્થાત્ પૂર્વના ભવની સ્મૃતિ ઉપસ્થિત થઇ. એ સ્મૃતિ પટલ ઉપર પૂર્વનો જન્મ આંખ સામે સ્પષ્ટ દેખાવા માંડયો. ઓહો....! અરે! મારા પિતાએ ઘણું કહ્યું હતું કે બેટા ભગવાનને માથું નમાવ! પરન્તુ કમનસીબ હું... ન નમ્યો તે ન જ નમ્યો. આવો અનાદર અહવૃત્તિ એ કરીને મેં મારો કીંમતી જન્મ બગાડયો; અને આજે હું અહીં તિર્યંચ ગતિમાં જળચર તરીકે માછલો થયો છું. અરે.... રે! ત્યાં જ નમ્યો હોત તો કદાચ અહીં આવવું ન પડયું હોત?

ભૂતકાળની ભૂલ ભાવિમાં પણ સુધરી જાય તો પણ લાંબુ ભવિષ્ય કષ્ટદાયિ-દુઃખદાયિ ન બને. આજે જ સહી... સમુદ્રમાં દેખેલા જિન પ્રતિમાની આકૃતિવાલા એ માછલાને જ આકૃતિ સાદૃશ્યથી ભગવાન સ્વરૂપ માની નમવાની શરૂઆત કરી. નમવાની શરૂઆત તો જ્યારે પણ થશે ત્યારે લાભ જ થવાનો છે. જ્યાં કયાંય પણ થશે ત્યારે લાભ

જ થશે. માછલાના જીવે અનશન કરી પશ્ચાતાપમાં કર્મ ખપાવવાની શરૂઆત કરી. ત્યાંથી મૃત્યુ પામીને સદ્ગતિમાં ગયો. ભાવિમાં પોતાનું કલ્યાણ સાધી શકાય.

વિચાર કરો. પ્રતિમાને પરમાત્મા નહીં પણ પત્થર માનીને ન નમનારા, ન પૂજનારા જીવોની શી ગતિ થશે? તેમની તો ભાવ દયા જ ચિંતવવાની રહી. પ્રતિમા તો જિનની બનાવવામાં આવી છે. શિલ્પીએ કંડારીને પાષાણમાંથી સુંદર પ્રતિમા બનાવી છે. અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠાથી પ્રાણારોપણ કરવામાં આવ્યું છે. ગઈ કાલે જે પત્થર હજારોના પગમાં આવતો હતો; આજે એજ પાષાણ પ્રતિમાનું રૂપ લઈને હજારો લાખોથી પૂજાવા માંડયો છે. આજે એ પ્રતિમાના પગમાં (ચરણમાં) હજારો લાખોના મસ્તકો નમે છે. છતાં પણ પત્થર માનવાની પ્રતિમા વિરોધિઓની પત્થરદિલની પાષાણ બુદ્ધિ કેટલી જડ હશે? એ જડબુદ્ધિ જીવોના મન-દિલ અને દિમાગ પણ પત્થર જેવા જ કઠોર હોય છે. પરન્તુ પ્રતિમામાં પ્રભુમાનીને પૂજનારા ભક્તિપ્રધાન ભક્તહૃદયવાળા કોમલ-નરમ નથી હોતા. અશ્રદ્ધા કઠોરતા જન્માવે છે. જ્યારે શ્રદ્ધા-ભક્તિ નમ્રતાને લાવે છે. એવા પ્રતિમા વિરોધિઓની ભાવ દયા ચિન્તવો. આપણે ભલે એમને ના સુધારી શકીએ પરંતુ કર્મ સત્તા જ સુધારશે. એ આજે પ્રતિમાને હાથ નહીં જોડે પરન્તુ એક દિવસ તિર્યંચ ગતિમાં પ્રતિમાની સાદૃશ્યતાને હાથ જોડીને કંઈક પામશે અને પછીના ભવોમાં ફરી સાચા માર્ગે વળશે. ચાલો ભવિ જીવો છીએ તો સંતોષ માનીને તેમના કલ્યાણની પણ કામના કરીએ.


### નમસ્કાર કે અભિમાન?

ચરાચર વિશ્વમાં અનાદિ કાળથી અભિમાન અને નમસ્કાર આ બન્નેના વ્યવહારો પ્રચલિત છે. બન્ને પરસ્પર વિરોધિ વિપરીત ધર્મો છે. એક ગુણરૂપ છે. તો બીજો દોષ રૂપ છે. એક સદાચાર છે. તો

બીજો વિપરીતાચાર છે. ઉભય વૃત્તિવાળા જીવો સંસારમાં છે. ઘણાં સ્વભાવે જ અભિમાની હોય છે. તેમનો માન કષાય જોર કરતો હોય છે. જ્યારે વિરલા સ્વભાવે જ નમ્ર–વિનીત હોય છે. એમનો માન કષાય ઓગળી ગયો હોય છે. નમોભાવનો દ્યોતક નમસ્કાર વ્યવહાર છે. નમોભાવનો ગુણુ આત્મામાં પડયો હોય છે ત્યારે જ નમસ્કારનો વ્યવહાર જીવનમાં સંભવ બને છે. મૂળભૂત ગુણની સત્તા વિના તેને અનુરૂપ વ્યવહાર કેવી રીતે સંભવે ? નમસ્કારની ક્રિયામાં બાહ્ય-દૃષ્ટિથી દેખાય છે કે કોઈ નીચે નમે છે. નમનારો નીચે જતો કે નીચો થતો દેખાય છે પરન્તુ હકિકતમાં તે જીવ નીચગોત્રનો કે નીચ કુળ જાતિ તથા નીચ દુર્ગતિનો નાશ કરીને ઉપર જતો હોય છે. જ્યારે અભિમાની જીવ થોડી વાર માટે અક્કડ થઈને ઉપર ચઢતો દેખાય છે પરન્તુ સરવાળે તે જીવ નીચગોત્ર કર્મ બાંધીને નીચકુળ–જાતિમાં ઉત્પન્ન થતો હોય છે. દુર્ગતિમાં જતો હોય છે.

અભિમાન નીચે પાડનાર છે. નમસ્કાર ઉપર ચઢાવનાર છે. આપણે અભિમાન કરીશું તો નીચે તો પડશું. પરન્તુ આપણામાંથી નમસ્કારવૃત્તિ દૂર થઈ જશે. નમ્રતાનો ભાવ, નમોનો ગુણ અને નમસ્કાર-વૃત્તિ આ બધા જીવનમાંથી નિકળી ગયા પછી પ્રાણ નિકળેલા મૃતક જેવી સ્થિતિ બનશે.

જો અભિમાન વધારે સતાવતો હોય, અને એ ચોર ઘરમાં ઘૂસી ગયો હોય એવું ભાન થઈ ગયું હોય તો વહેલી તકે નમ્રતાના નમોભાવથી એને કાઢવાની કોશિષ કરવી જોઈએ. નમો ભાવમાં જાગૃતિ છે. સાવધાની છે. આત્માની ઉપયોગ દશા જાગૃત છે. જ્યારે અભિમાનમાં ક્લેશ–કષાયની જાગૃતિ છે. અનુપયોગદશા છે. પ્રમાદ છે. નમોભાવમાં આત્માની સ્વભાવદશાની રમણુતા છે. જ્યારે અભિમાનમાં વિભાવદશાની વૃત્તિ છે. નમોભાવમાં જીવ કર્મની નિર્જરા કરે છે. પુણ્યોપાર્જન કરે છે. જ્યારે અભિમાનવૃત્તિમાં જીવ કર્મ બાંધે છે. પાપોપાર્જન કરે છે. નમસ્કારથી પણ પુણ્ય બંધાય છે એમ શાસ્ત્રોમાં કહ્યુ છે.


"जिन पूजा"
"ज्ञान पूजा"
"वंदन"
सात क्षेत्र
"वस्त्र दान"
"स्थान दान"
"आहार अन्न दान"
"जल दान"
"शयन दान"

**નમસ્કારથી પુણ્ય બંધાય છે—**

પુણ્ય એ શુભાશ્રવ છે. શુભ પ્રવૃત્તિ કરનારા જીવો પુણ્યોપાર્જન કરે છે. પુણ્ય બાંધવું અને બાંધેલું પુણ્ય ભોગવવું બન્ને અલગ-અલગ વાતો છે. પુણ્યનું ફળ જરૂર સુખ રૂપ છે. પરન્તુ પુણ્યનું ફળ મેળવવા માટે શુભાશ્રવી પ્રવૃત્તિ કરીને પુણ્ય બાંધવું પણ એટલું જ જરૂરી છે. ભોગવાય છે ૪૨ પ્રકારે. પરન્તુ બેંકમાં બેલેંસ વગર તો રકમ કે વ્યાજ ક્યાંથી મળશે? માટે પુણ્યના ફળની ઈચ્છાવાળાએ એ પ્રથમ પુણ્યોપાર્જન કરવું જરૂરી છે. શાસ્ત્રોમાં પુણ્ય ઉપાર્જન કરવાના મુખ્ય નવ પ્રકારો-રસ્તા-બતાવવામાં આવ્યા છે.

(જુઓ ચિત્ર પાના નં. ૧૦૬ ઉપર)

(૧) યોગ્ય પાત્રને અન્ન આપવું, (૨) પાત્રને જળ-પાણી આપવું (૩) પાત્રને રહેવા-બેસવાદિ માટે વસતિ-જગ્યા સ્થાનાદિ આપવું. (૪) પાત્રને સૂવા કરવા માટે ગાદી-બિસ્તર-પલંગ-શયનાદિ આપવા. (૫) પાત્રને વસ્ત્ર-પાત્રાદિ આપવા. (૬) આગંતુકાદિનું કોઇ પણ નિમિત્તે મનોયોગથી શુભ ચિંતવવું, સારા વિચારો કરવા. (૭) આગંતુકાદિ પ્રત્યે વચનયોગથી આવકારાદિની શુભ સારી-મધુર કર્ણપ્રિય આદિ ભાષા બોલવી. (૮) કાયયોગથી આપણી જાતે સેવા-પરોપકાર ભલાઈ આદિના શુભ પ્રશસ્ત કાર્યો કરવા. (૯) દેવ-ગુરૂ-ધર્મ, વાલી, વડીલ, ગુણવાન પદસ્થાદિને વંદન-નમસ્કાર કરવા. તેમનું સન્માન-સત્કાર આદિ કરવા.

ઉપરોક્ત નવ પ્રકારો જે બતાવ્યા છે તેનું શુદ્ધાચરણ કરવાથી, તે માર્ગે પ્રવૃત્તિ કરવાથી પુણ્ય બંધાય છે. પુણ્યોપાર્જન થાય છે. આ નવ પ્રકારોમાં બાહ્ય અને આભ્યન્તરના વિભાગ કરતાં પ્રથમના ૫ પ્રકારો બાહ્ય છે. દ્રવ્ય પુણ્ય તરીકે ઓળખાશે. કારણ કે તે પાંચેમાં દ્રવ્ય-વસ્તુઓ વસ્ત્ર-પાત્ર-અન્ન-જલ જગ્યા આદિ આપવાની વાત છે. તે દ્રવ્યોથી દ્રવ્ય પુણ્યોપાર્જન થાય. પરન્તુ શેષ ચાર ભાવ પુણ્યો-

પાર્જનના માર્ગો છે. યોગ્ય પાત્ર સુપાત્રાદિ જે આવનાર છે તેને બધું આપતા તો આપી દઈએ. વસ્તુઓ આપવી સહેલી છે. પરન્તુ, મન-વચન અને કાયાના યોગોથી શુભ ચિન્તનાદિ કરવા અઘરા છે. મનમાં ચિન્તવવું કે બહું સારૂં થયું તમે આવી ગયા. આનંદ થયો. વચન યોગથી આવકાર આપવો—આવો-પધારો અને કાયયોગથી ઉઠીને સામે જવું. આસનાદિક પાથરી આપવા, યોગ્યાસને બેસાડવા. વગેરે. આ રીતે મન-વચન-કાયાના શુભયોગોની શુભ પ્રવૃત્તિ પુણ્ય બંધાવનારી છે. અને અંતમાં નવમું અંતિમ પ્રકાર નમસ્કાર પુણ્યનું છે. દેવ-ગુરૂ-ધર્મ-સાધર્મિક બંધુ, વડીલ વર્ગ માતા-પિતા વિદ્યા દાતા-શિક્ષાગુરૂ આદિને વંદન-નમસ્કાર દર્શન પૂજન આદિ કરવા. જેને જેજે યોગ્ય તે તે વંદનાદિ કરવામાં પણ પુણ્ય બંધાય છે.

જો પુણ્યના હેતુથી ક્રિયા કે પ્રવૃત્તિ કરવામાં આવે તો પુણ્ય બંધાય છે અને જો પુણ્યનો હેતુ જ કાઢી નાંખ્યો અને કર્મક્ષય-નિર્જરા કરવાનો ભાવ રાખીએ તો નિર્જરા થાય છે. જેવો હેતુ એવું કર્મ. આ પ્રમાણે નમસ્કારથી ભાવપુણ્ય બાંધી શકાય છે. નમસ્કાર કરવામાં ક્યાં પૈસા-ટકા લાગે છે? શું કામ પુણ્યને જતું કરવું? માટે દેવ-ગુરૂઓને વંદન-નમસ્કારાદિ કરવા.

જય-જિનેન્દ્ર અવશ્ય કરો—

પ્રાયઃ જગતમાં મોટા ભાગના ધર્મી લોકો જ્યારે અરસ-પરસ એક બીજાને મળે છે ત્યારે પોતપોતાના ભગવાનના નામ સાથે 'જય' શબ્દ જોડીને નમસ્કાર ભાવ પ્રગટ કરતા હોય છે. યદ્યપિ સ્પષ્ટ નમસ્કાર અથવા પ્રણામ બોલીને પણ નમસ્કારના વ્યવહાર કરી શકાય છે. છતાં પણ સ્વાભિપ્રેત ભગવાનનું નામ જોડીને અને તેની સાથે 'જય' શબ્દ સંલગ્ન કરીને નમસ્કાર કરી શકાય છે. ઘણાં લોકો આ પ્રમાણે કરતા હોય છે. "જય રામજી કી", "જય શ્રી કૃષ્ણ", જય કેશરીયાજી કી, "જય સીતારામ", જય શ્રી ગણેશ", આદિ વાકયો

હિન્દુધર્માવલમ્બીઓ અરસ-પરસ મળતાં બોલે છે. સરદારો-પંજાબીઓ "જય ગુરૂ" ના નામની સાથે ગુરૂનાનકનું નામ જોડીને બોલે છે.

એવા ઘણાં વર્ગમાં આ પ્રમાણેનો વ્યવહાર પ્રચલિત છે. એની પાછળ પણ એવી માન્યતા છે કે એક સ્વધર્મી ભાઈ મળે તો તેને જોતાં કે તેના નિમિત્તે ભગવાનનું નામ તો એટલીવાર લેવાય છે. એટલીવાર પ્રભુનું નામસ્મરણ થાય છે. માટે સારું છે. શિષ્ટાચાર-સભ્યાચાર જ છે. વ્યક્તિ આ પ્રમાણે બોલીને પોતાની શ્રદ્ધા પણ વ્યક્ત કરે છે. ધર્મને પણ પ્રકાશિત કરે છે. અને સાથે સાથે પોતે ધર્મીપણાની છાપ ઉપસાવે છે. માટે આ વ્યવહાર અનુચિત ન કહી શકાય.

શું આપણે જૈનોએ આનું અનુકરણ નથી કરવું? શા માટે ન કરવું? કયો હેતુ ખરાબ છે? વિપરીત છે? કે પછી અસભ્યાચાર છે? પાશ્ચાત્ય સંસ્કૃતિના Good Morning, Good Night ના શબ્દોનો વ્યવહાર કરવો. જે શબ્દોમાં અર્થ પણ મજાના નથી. માત્ર રાત-કે દિવસ કાળવાચી શબ્દોને યાદ કરવા પડે. અને પરમાત્માનું નામ લેવામાં સંકોચ થાય છતાં શું એને શિષ્ટાચાર, કે સભ્યાચાર સારૂં કહેવું? જૂના માણસોમાં ઘણા મોટા વર્ગમાં આજે પણ "જય જિનેન્દ્ર" બોલવાનો રિવાજ છે. ચાલી આવતી પરંપરા જયારે વડીલો પાસેથી નવી પેઢીને મળતી હોય છે ત્યારે જ પરંપરાગત સંસ્કારો ટકી શકતા હોય છે. "જય જિનેન્દ્ર" શબ્દ પ્રયોગમાં અન્યોન્ય મળતી વખતે જિનેશ્વર ભગવાનનું સ્મરણ તો કરાય છે. પ્રભુને યાદ તો કરાય છે. એટલો સમય ભગવાનનું શુભ નામ તો લેવાય છે. કયા અગમ્ય કારણોસર કોઈ આ સંસ્કારનો વિરોધ કરીને માત્ર 'પ્રણામ' બોલવાનું કહે છે એનો આશય કે અપેક્ષા સમજાતી નથી. આ તો પ્રથમદર્શી શિષ્ટાચારનો વ્યવહાર છે. કુમારપાલ જેવા ગુર્જરેશ્વર પણ ઘોડા ઉપર જતા હોય અને એમાં કોઈ જિનાજ્ઞાનો તિલકધારી શ્રાવક સામે દેખાતો ત્યારે તરત ઘોડા ઉપરથી નીચે ઉતરીને સ્વધર્મી સાધ-

મિક બંધુને હાથ જોડીને નમસ્કાર કરતા હતા. આ શિષ્ટાચાર તો રહેવો જોઇએ. નમ્ર ભાવનાનો દ્યોતક છે. નમ્રતાના ગુણને પ્રગટ કરાવનાર છે.

"નમો"માં પૂજ્યભાવ છે—

જો કે નમસ્કાર એ નમ્રતા, નમ્રભાવનો સૂચક જરૂર છે. પરન્તુ સાથે સાથે પૂજ્યભાવનો દ્યોતક છે. નમસ્કાર કર્તા નમસ્કરણીય પ્રત્યેનો બહુમાન ભાવ પ્રગટ કરે છે. પૂજ્યભાવ પ્રગટ કરે છે. નમસ્કાર કરતી વખતે એ પોતાને પૂજ્યભાવ છે એની ઓળખ મૌન પણે નમસ્કારની ક્રિયાથી પ્રગટ કરે છે. જ્યાં જ્યાં પૂજ્યભાવ હોય ત્યાં ત્યાં નમસ્કાર હોય ? કે પછી જ્યાં જ્યાં નમસ્કાર હોય ત્યાં ત્યાં પૂજ્ય ભાવ હોય ? અધિક દેશવૃત્તિ કોણ છે ? અને ન્યૂન દેશવૃત્તિ કોણ છે ? એવી જ રીતે વ્યાપ્ય-વ્યાપક ભાવ સંબંધ તથા અવિનાભાવિપણું જોવું જોઇએ. નમસ્કાર અધિક દેશવૃત્તિ છે. પૂજ્યભાવ ન્યૂનદેશવૃત્તિ છે. માટે નમસ્કાર વ્યાપક છે અને પૂજ્યભાવ વ્યાપ્ય છે. નમસ્કારમાં પૂજ્યભાવ રહેલો છે. પરન્તુ અવિનાભાવિત્વની દૃષ્ટિએ વિચાર કરતાં એમ સ્પષ્ટ લાગે છે કે--જ્યાં જ્યાં નમસ્કાર હોય ત્યાં ત્યાં પૂજ્યભાવ રહે અથવા ન પણ રહે, નક્કી નહીં. રહે જ છે. એમ આપણે જકાર પૂર્વક નક્કી નથી કહી શકતા. કારણ કે--અવિનીત-ઉદ્ધત અને માયાવી જીવો કપટવૃત્તિથી પણ નમસ્કાર કરતા હોય છે. કોઇ દેખાવમાત્રથી પણ નમસ્કાર કરતા હોય છે, કોઈ વ્યવહારમાત્રથી કરતા હોય છે. કોઈ કરવા ખાતર જ કરી લેતા હોય છે. પરન્તુ મન કરવાનું નથી. એવી રીતે માયાની કપટવૃત્તિવાલા જીવો નમસ્કારનો દેખાવ કરીને પણ સ્વાર્થ સાધવાની તૈયારીમાં હોય છે. આવા નમસ્કારોમાં પૂજ્યભાવ નથી હોતો.

પૂજ્યભાવ હશે ત્યાં નમસ્કાર અવશ્ય હોય છે. હા. પૂજ્યભાવ, અહોભાવ, એ નમસ્કાર દ્યોતક છે. બહુમાન ભાવમાં નમસ્કારવૃત્તિ અવશ્ય રહે છે. મનમાં જ જો પૂજ્યભાવ હોય તો તે જીવ નમસ્કાર ન કરે

એવું ન બને તે અવશ્ય કરે જ છે. નમસ્કાર એ મનોગત પૂજ્યભાવને પ્રગટ કરવાની ક્રિયા છે, આભ્યંતર ભાવને બાહર દર્શાવવાનું સાધન છે. વ્યવહારમાં આવનાર છે માટે વ્યાવહારિક સ્વરૂપ નમસ્કારને જરૂર આપવામાં આવે છે પરન્તુ આભ્યંતર કક્ષામાં મનમાં રહેલા પૂજ્યભાવની જ નિપજ નમસ્કાર ભાવ છે.

જેમ અનુમાન માટે ભૂયો દર્શનનું પ્રત્યક્ષ તથા લિંગ-લિંગી જ્ઞાન હોવું જરૂરી છે. એના વિના અનુમાનની પ્રક્રિયા પાંગળી છે એમ ન્યાય શાસ્ત્ર કહે છે. એજ પ્રમાણે અમુક વ્યક્તિમાં પૂજ્યભાવ--અહોભાવ, કે બહુમાનભાવ છે કે નહીં ? એ અનુમાન ગમ્ય કરવા માટે પણ પ્રથમદર્શી વ્યવહાર સ્વરૂપ નમસ્કારનું પ્રત્યક્ષ દર્શન ઉપયોગી છે. એટલે એ નમસ્કારની ક્રિયા ભૂયોદર્શનની જેમ લિંગ–લિંગી જ્ઞાનની ગરજ સારશે. અને જેના આધારે પૂજ્યભાવનું અનુમાન થઈ શકશે. આ રોજ નમસ્કાર કરે છે માટે એનામાં પૂજ્યભાવ હોઇ શકે છે. એમ કહેવાય જ્યારે આનામાં પૂજ્યભાવ હોઈ શકે છે. એમ કહેવાય જ્યારે આનામાં પૂજ્યભાવ છે માટે આ રોજ નમસ્કાર કરે છે આ વાકયનો પ્રયોગ વધારે ઉચિત લાગે છે.

**"નમો" એ માનસ પૂજા છે—**

- નમસ્કાર
  - દ્રવ્યનમસ્કાર
  - ભાવનમસ્કાર
  - કાયિકનમસ્કાર
  - માનસિકનમસ્કાર
  - બાહ્યનમસ્કાર
  - આભ્યંતરનમસ્કાર

આ રીતે જુદી-જુદી અપેક્ષાએથી આપણે નમસ્કારના ભેદો પાડી શકીએ છીએ. દ્રવ્યનમસ્કાર એ બાહ્યનમસ્કાર છે. અને ભાવ· નમસ્કારના અર્થમાં આભ્યન્તર નમસ્કાર છે. કાયિક નમસ્કાર ક્રિયાત્મક છે. શરીર વડે કરાતી નમસ્કારની ક્રિયા એ કાયિક નમસ્કાર છે. જ્યારે

માનસિક નમસ્કાર એ ભાવનમસ્કાર છે. મનમાં પૂજ્યભાવ હોય અને માનસ નમસ્કાર થતો હોય તો એને જ્ઞાનીઓ માનસપૂજા કહે છે. કાયિક નમસ્કારો હજારવાર થવા છતાં પણ જો ભાવનમસ્કાર માનસપટ ઉપર ન આવે તો તે નિરર્થક જાય છે. નમસ્કારમાં ભાવુક્તા રહેવી જોઇએ--હોવી જોઇએ. દ્રવ્ય તો ભાવ માટે કારક છે. સહાયક છે અને કારણ બને છે. ભાવ લાવવા માટે દ્રવ્ય નિમિત્ત કારણ છે. ભૂખ તો પેટમાં લાગે છે. ત્યારે ખાવાનું માનસ બને છે. પછી ખાદ્ય પદાર્થો ખાવાની કાયિક ક્રિયા થાય છે. એ જ પ્રમાણે પૂજ્યભાવ મનમાં પ્રગટે પછી તે પૂજ્યભાવની દ્યોતક નમસ્કારની કાયિક ક્રિયા થવી જોઈએ. પરન્તુ નમસ્કાર માત્ર કાયિક બનીને ક્રિયાત્મક જ રહી જાય અને ભાવકક્ષામાં માનસ સુધી ન પહોંચે અને પૂજ્યભાવમાં ન પરિણમે તો તેની ઉપયોગિતા સિદ્ધ થતી નથી. પૂજ્યભાવ એ પૂજા ને પ્રગટ કરે છે. "પૂજ્યભાવ" એ ગુણ છે. પૂજ્યપણું ગુણ છે. પૂજાએ ગુણાત્મક છે. એનું સ્થાન મન છે. અને હજી આગળ વધીએ તો આત્મા છે. ચેતનજીવ પોતે એનું સ્થાન છે.

લોકવ્યવહારમાં પણ પત્ર વગેરે લખતાં આપણે પરમ પૂજ્ય, આદરણીય, સન્માનનીય, પૂજનીય, વગેરે શબ્દો લખીને સંબોધન કરીએ છીએ. કારણ કે જેને પત્ર લખાઈ રહ્યો છે તે પ્રત્યક્ષ સામે ઉપસ્થિત નથી. દૂર છે. એમને પણ આપણા પૂજ્યભાવનો અનુભવ થાય એ માટે પત્રમાં આવા સારા શબ્દો વાપરવામાં આવે છે. આ શબ્દો આપણા માનસ ભાવને પ્રગટ કરે છે. કે આપણા મનમાં સામે વાળી વ્યક્તિ પ્રત્યે કેટલો પૂજ્યભાવ છે? એવી જ વાત પરમાત્મા પ્રત્યે છે. પ્રભુના દરબારમાં ગયા ત્યાં પ્રભુ પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ કરવો છે. પૂજ્યભાવ મનમાં છે. તેને બહાર લાવવા માટે નમસ્કારનો વ્યવહાર, નમ્રભાવની ગુણસ્તુતિ, દ્રવ્યથી પૂજા, વગેરે એજ સાધનો પૂજ્યભાવ પ્રગટ કરવાના સાધનો છે. સાધન પણ સાધનાનું જ ઉપયોગી અંગ છે. સાધન વિના પણ સાધના નથી થઈ શકતી નમસ્કારની સાધના કરવાની છે. તેના

માટે દ્રવ્યનમસ્કાર, હાથ–માથું પગાદિ સાધનભૂત અંગો છે. હાથ–પગ માથું નમાવીને નમસ્કાર કરીએ છતાં પણ મનોયોગથી માનસભાવ પૂજા–પૂજ્યપણું ભાવમાં પ્રગટ થાય તેજ વધુ ઉપયોગી છે.

**દ્રવ્ય–ભાવ સંકોચ નમસ્કાર**

નમસ્કાર
- દ્રવ્યસંકોચનમસ્કાર
- ભાવસંકોચનમસ્કાર,

આ પ્રમાણે બે ભેદે નમસ્કાર કહ્યા છે. દ્રવ્ય સંકોચનમસ્કારમાં જ બાહ્યનો સમાવેશ થાય છે. શરીર વડે કાયિક નમસ્કાર કરવો પણ બાહ્ય ભેદે છે. આત્મા માટે કાયા બાહ્ય તત્ત્વ છે. બાહ્ય દ્રવ્ય છે. અને શરીરના અંગો હાથ–પગ–માથું આદિ નમાવવાની નમસ્કારની ક્રિયાને આપણે દ્રવ્ય નમસ્કાર જ કહીશું. અહીંયા સંકોચ શબ્દ જોડયો છે. 'સંકોચ' શબ્દ સંકુચન અર્થમાં છે. સંકોચવું. ન રાખવાનું છોડીને રાખવાનું સીમિત કરી લેવું, ઓછા પ્રમાણમાં સરખી રીતે વસ્તુનો ઉપયોગ કરવો. ન જરૂરિયાતની વસ્તુઓને છોડી દેવી. અને આવશ્યકમાં સ્થિર થવું આ સંકોચ છે. સંકોચન અર્થમાં સંકોચ છે. ક્ષોભ અર્થમાં સંકોચ નથી. દ્રવ્ય સંકોચમાં માત્ર બાહ્ય દ્રવ્ય ભૂત જે કાયાશરીર છે. તેના અંગોને સંકુચિત કરવા તે દ્રવ્ય સંકોચ. હાથ, પગ વગેરે જે લાંબા છે તેનો વિસ્તાર તજીને સંકોચન કરીને વાળવા આ અંગોનું સંકોચન છે તે જ કાયિક દ્રવ્યસંકોચ નમસ્કાર છે. એનો જ અર્થ થશે હાથ–પગ–માથું વગેરે પાંચે અંગોને સંકોચીને નમાવવા. એટલે દ્રવ્યસંકોચ નમસ્કારમાં શરીરનો સંકોચ થયો, અંગો સંકોચાયા, અંગોનું વિસ્તરણ સંકોચાયું, એટલે દ્રવ્યસંકોચ નમસ્કાર થયો.

બીજો ભેદ ભાવસંકોચ નમસ્કારનો છે. અહીં પણ સંકોચ શબ્દનો અર્થ એજ રહેશે. શબ્દાર્થ નહીં બદલાય. માત્ર દ્રવ્યના સ્થાને ભાવ શબ્દ છે. ભાવ શબ્દ કોઈ અંગ કે કાયાનું સૂચન નથી કરતો. દ્રવ્યસંકોચ

શરીરને અનુલક્ષીને છે તો ભાવ સંકોચ મનને અનુલક્ષીને છે. દ્રવ્ય-સંકોચમાં તે દેખાતા હાથ-પગ-આદિ બાહ્ય અંગોને સંકોચી શકાય છે એ વાત તો માનવામાં આવે એવી છે. પરન્તુ ભાવ સંકોચમાં શું સંકો-ચશો ? કારણુ કે બાહ્ય અંગાદિ દ્રવ્યો નથી. એટલે ભાવસંકોચમાં મનને લીધું છે. મન આભ્યંતર છે. અને મન પણુ શરીરની જેમ જ પૌદ્ગલિક છે. તો તે દૃષ્ટિએ તો મનની ગણુતરી પણુ ભાવસંકોચને બદલે દ્રવ્યસંકોચમાં જ થશે. ત્યારે ભાવસંકોચમાં શું બચશે ? એટલે કહે છે કે ભાવ સંકોચમાં આભ્યંતર કક્ષાના આત્મ સ્વરૂપની પાસે પોતાની અંદર રહેલા અહંભાવ અભિમાન, દ્વેષ, માનકષાય, માયા કષાય, જન્યકપટવૃત્તિ વગેરે નમસ્કારમાં બાધક ભાવવાલા કષાયો વગેરેનું સંકોચન કરવાનું રહેશે અર્થાત્ નમસ્કાર કરવામાં નડતાં-અંતરાયભૂત થતા અહંભાવ, અભિમાન, માયા, દ્વેષ, દુર્બુદ્ધિના ભાવોને વચ્ચેથી કાઢવાના રહેશે. એનો સંકોચ કરવાનો રહેશે. એ સંકોચનથી મનમાં નમ્રતા, નમો ભાવ અને તે વડે માનસપટ પર પૂજ્યભાવ. નમસ્કાર ભાવ પ્રગટ થશે. 'નમો અરિહંતાણું'માં આગળ મૂકાયેલો 'નમો' શબ્દ અરિહંતને નમસ્કાર કરાવવામાં આ બે પ્રકારના નમસ્કાર કરાવે છે. દ્રવ્યસંકોચ નમસ્કારમાં શરીરના અંગ-હાથ-પગ આદિના સંકોચન પૂર્વક પંચાંગ પ્રણિપાતનું "ખમાસમણું" દેવા પૂર્વકનો નમસ્કાર કરાવે છે. અને એનો જ ભાવસંકોચ નમસ્કાર ભેદ મનની અશુદ્ધિઓ અભિમાન આદિ કર્મની પ્રકૃતિઓને કાઢીને નમસ્કાર કરાવે છે. આ રીતે બન્ને પદ્ધતિઓના સંયુક્ત આચરણથી શુદ્ધ કક્ષાનો નમસ્કાર થાય છે. આ બેમાંથી એક પણુ ઓછી નથી કરવાની. બન્નેની પૂરી આવશ્યકતા છે.

## વંદન સ્વરૂપ નમસ્કાર

વંદન અને નમસ્કાર સમાનાર્થક છે. માત્ર સંસ્કૃતના ધાતુકોષમાં બન્ને વંદ, અને નમ્ ધાતુઓ ભિન્ન ભિન્ન આપ્યા છે. નમ્ ધાતુ નમ-

વાના અર્થમાં છે. અને વન્દૂ ધાતુ વંદન કરવાના અર્થમાં છે. નમન અને વંદન બન્નેના સરવાળે અર્થ અને ભાવ તો સમાનાર્થક છે. છતાં પણ વ્યવહારમાં વંદન ને મોટા અર્થમાં અને નમસ્કાર ને નાના અર્થમાં લેવામાં– જોવામાં આવે છે. અર્થાત્ નમસ્કારની ક્રિયા નાના સ્વરૂપે છે. નાનો છે. જ્યારે વંદનની ક્રિયા મોટી છે. વિસ્તૃત છે. નમસ્કાર તો માત્ર હાથ જોડીને કર્યા તો પણ ચાલ્યું. જ્યારે નમસ્કાર કરતાં વંદનની વિશિષ્ટ ક્રિયામાં હાથ જોડીને માથું નમાવવાનું, કે અર્ધું શરીર નમાવવા વગેરેની વધારે ક્રિયા થાય છે.

એવી જ રીતે નમસ્કારની ક્રિયા ઘણીવાર માત્ર વાચિક કે શાબ્દિક બની જાય છે. દા.ત. નમોસ્તુ, નમસ્કાર, પ્રણામ એવા શબ્દો બોલીને ચાલતા થયા, અથવા ચાલતાં–ચાલતાં જ બોલતા ગયા. જ્યારે વંદનમાં તો વિધિ સાચવવા પૂર્વક ખમાસમણુ આદિ દીધા. વંદન વાચિક નહી કે શાબ્દિક નહી તે તો ક્રિયાત્મક હોય છે. વંદન કરૂં છું, વંદના કરી રહયો છું. વંદામિ. આ રીતે ક્રિયાત્મકતા વંદનમાં સિદ્ધ થાય છે.

એવી જ રીતે નમસ્કાર ઘણી વખત માત્ર સાંકેતિક થઈ જાય છે. સંકેત માત્ર ઈશારામાં થઇ જાય છે.

જેમાં વાચિક શબ્દો પણ નથી રહેતા. માત્ર હાથ ઊંચો કરીને દેખાડતા જઈએ છીએ. અથવા માત્ર માથું નમાવતા ચાલ્યા જઇએ છીએ. બસ–ટ્રેન–કે સ્કૂટર ઉપર પણ જતાં જતાં કોઇને હાથ ઊંચો કરીને ઇશારો કરતા જઈએ છીએ. સ્કૂટર ઉપર જતાં કોઈને માથું નમાવતા જઈએ છીએ. મંદિર સામેથી નિકળતાં માથું નમાવવું કે હાથ જોડતાં જઈએ ત્યારે વાચિકતા કે માનસિકતા ગૌણ બની જાય છે. જ્યારે વંદન તો પોતાની નિર્ધારિત ક્રિયા રૂપે જ થવાનું. સ્કૂટર ઊભું રાખવું પડે, ગાડી ઊભી રાખવી પડે. ગુરૂ મહારાજને વિધિ પૂર્વક ખમાસમણા વગેરે દઇને સૂત્રોના શાબ્દિક ઉચ્ચાર પૂર્વક વંદન કરવું પડે છે. અથવા વડીલ બંધુ, માતા–પિતાદિ બીજી તરફ

જતા હોય અને આપણે આ તરફથી તેમને જોઈએ અને નમસ્કારને બદલે વંદન કરવાની ઇચ્છા થાય તો સામે જઈને હાથ જોડીને પછી પગે પડીએ છીએ. ચરણસ્પર્શ કરી મસ્તકે ચઢાવીએ છીએ. એ લોક વ્યવહારમાં વંદન થયા કહેવાય, કે દીકરાએ બાપને વાંદ્યા. ભાવિકોએ ગુરૂ મહારાજ ને વાંદ્યા.

**નમસ્કારથી વંદનમાં પ્રવેશ—**

નમસ્કાર પ્રથમદર્શી ક્રિયા છે. જ્યારે વંદન પછીની ક્રિયા છે. નમસ્કાર સંક્ષિપ્ત સ્વરૂપે છે જ્યારે વંદન વિસ્તૃત સ્વરૂપે છે. નમસ્કાર અલ્પ શબ્દાત્મક, અલ્પ સૂત્રાત્મક છે. જ્યારે વંદન અધિક શબ્દાત્મક, અધિકસૂત્રાત્મક છે. નમસ્કાર અર્ધ દ્રવ્ય સંકોચાત્મક છે. જ્યારે વંદન પૂર્ણ દ્રવ્ય સંકોચાત્મક છે. નમસ્કારમાં સર્વ અંગો નથી પણ નમતા, જ્યારે વંદનમાં સર્વાંગો નમવા જોઈએ. નમસ્કાર અને વંદનમાં બાહ્યોપચારથી જોતાં આ પ્રમાણેનો ફરક આપણને લાગશે એ સ્વાભાવિક છે. માટે નમસ્કાર સામાન્ય સ્વરૂપે છે. જ્યારે વંદન વિશેષ સ્વરૂપે છે. નમસ્કારને વારંવાર ઘુંટીને પછી તેમાંથી વંદન બનાવવામાં આવેલ છે. એટલે એમ કહી શકાય કે નમસ્કારમાંથી વંદનમાં જઈ શકાય છે. નમસ્કાર હજી બાલપોથીમાં બાલ્યાવસ્થામાં છે જ્યારે વંદન ભણતરના છેલ્લા વર્ષમાં છે. મોટી અવસ્થામાં છે. અબુધ બાળકના માટે નમસ્કાર સરલ પડશે. વંદન કપરૂં કામ થશે. આ પ્રમાણે નમસ્કાર કરતાં પણ વંદન ઘણી રીતે ચઢીયાતું ગણાય છે. આગળ ગણાય છે.

પ્રશ્ન એવો થશે કે—તો પછી નવકાર મહામંત્રમાં નમો શબ્દનો પ્રયોગ શા માટે કર્યો છે? જો નમસ્કાર કરતાં વંદન ઘણી રીતે ચઢિયાતું છે તો પછી વંદન શબ્દનોજ પ્રયોગ કરવો જોઈતો હતો? પરન્તુ એવું પણ નથી. પહેલા જ આપણે વિચાર કરી ગયા તેમ નમસ્કાર કે વંદન બન્ને સમાનાર્થક ધાતુઓ છે. સમ સ્વભાવી છે. શબ્દો બન્ને સમાન અર્થ સૂચવે છે. ક્રિયાત્મકતાના કારણે બન્નેમાં ભેદ દેખાય છે. પરન્તુ વન્દન ઘણી અપેક્ષાએ પાછળ પણ રહી જાય છે. અપેક્ષા બદ-

લાતાં ખ્યાલ આવશે કે....વંદનમાં ક્રિયા પ્રાધાન્યતા છે. જ્યારે નમસ્કારમાં ભાવ પ્રાધાન્યતા છે. વંદન જ્યારે કાયિક ક્રિયામાં રહેશે ત્યારે નમોનો વિનમ્ર ભાવ માનસપટ પર રહેશે. નમો ભાવ આત્મિક ગુણ છે, જ્યારે વન્દન કાયિક ક્રિયાત્મક સ્વરૂપે વધારે રહેશે. જો વંદન ચાલનાર ઘોડો છે તો નમસ્કાર તેની લગામ હાથમાં રાખી ઉપર બેઠેલો માલિક છે. ભાવાત્મકતામાં નમોભાવ રહેવું જરૂરી છે. એ રીતે જ્યારે જ્યારે અપેક્ષાઓ બદલાતી જશે ત્યારે ત્યારે તે દૃષ્ટિકોણથી જોતાં બન્નેની મહત્તા ભિન્ન ભિન્ન રીતે સમજાતી જશે.

**વંદનના પ્રકારો**

गुरुवंदण–मह–तिविहं, तं फिट्टा छोभ बारसावत्तं ।
सिरनमणाईसु पढमं, पुण्ण खमासमण दुगि बोग्रं ।।१।।

વંદણ

| ફેટાવંદન | થોભવંદન | દ્વાદશાવર્તવંદન |
|---|---|---|

ગુરૂવંદન ભાષ્યની આ પ્રથમ ગાથામાં આ પ્રકારે ત્રણ પ્રકારના વંદન બતાવ્યા છે. જો કે અહીંયા ગુરૂવંદન ભાષ્યમાં વિવક્ષા ગુરૂ વંદનની છે; છતાં પણ દેવ–ગુરૂ–ધર્મ અને ધર્મોપકરણ તથા વ્યવહારાદિમાં વંદન પ્રસિદ્ધ તથા પ્રચલિત છે. છતાં પણ વ્યવહારમાં પ્રસિદ્ધ રીતે આપણે નમસ્કાર અને વંદન બન્ને ને દેવ અને ગુરૂમાં વહેંચણી કરીને વહેંચી દીધા છે... અર્થાત્ દેવમાં નમસ્કારની પ્રાધાન્યતા રાખીને નમસ્કાર કરીએ છીએ. જ્યારે ગુરૂમાં વંદનની પ્રાધાન્યતા રાખીને વંદન કરીએ છીએ. કોઈને પણ કહેતાં ભાષાના વ્યવહારમાં આ રીતે પ્રચલિતતા આવી ગઈ છે. દાદાને, ભગવાનને નમસ્કાર કરીને આવો અને ઉપાશ્રયે ગુરૂવંદન કરીને આવો. ગુરૂ વંદન કર્યું ? ભગવાનને નમસ્કાર કર્યા ? આ રીતે વ્યવહારથી બન્નેની વહેં-

ચણી કરી દેવામાં આવી હોય એવું લાગે છે. અને જે રીતે દ્વાદશાવર્ત વંદન માત્ર ગુરૂ ને જ કરાય છે એ જ વંદન દેરાસરમાં પ્રભુને નથી કરાતું. છતાં પણ એવું કંઇ જ નથી.

જે ખમાસમણ ગુરૂને દેવાય એજ ખમાસમણનું સૂત્ર બોલીને ભગવાનને પણ નમસ્કાર કરાય છે. એ એક જ સૂત્ર દેવ અને ગુરૂ બન્ને સ્થાને તેમજ ધર્મ અને ધર્મોપકરણને વંદન કરતી વખતે પણ એક જ સુત્ર બોલીને ખમાસમણ દેવાય છે. એમાં ખોટું કંઈ જ નથી. નમસ્કાર-ભાવ છે. નમ્રતા અને વિનયની પ્રવૃત્તિ છે.

અહીંયા ત્રણ પ્રકારના વંદન કહ્યા છે. તેમાં



—(૧) ફેટાવંદન—"सिरनमणाइसु पढ़म"—

સિર-માથું-નમાવવાપૂર્વક જે વંદન કરાય છે તેને પહેલું ફેટા વંદન કહેવાય છે. રાજસ્થાની ભાષામાં પાઘડીને ફેંટો કહેવામાં આવે છે; એટલે તે ફેંટાને કાઢીને વંદન કરાય તેને ફેંટાવંદન કહેવાય છે. ફેંટો, પાઘડી, કે હેટ્-ટોપી આદિ અહંભાવ, મોટાઇ મોટાપણું સૂચક સાધનો છે. તે રાખીને નમસ્કાર-વંદનાદિ કરવામાં દોષ છે. જેમ એક મ્યાનમાં બે તલવાર એક સાથે રહી શકે નહીં; તે જ પ્રમાણે પરસ્પર વિરોધી વિરૂદ્ધ ધર્મો નમસ્કાર અને અભિમાન બન્ને એક સાથે કેવી રીતે રહી શકે ? સંભવ નથી. નમસ્કાર નમ્રતા સૂચક છે. નમોભાવનું પ્રદર્શન કરે છે. એ જ વખતે અહંકારના સૂચક સાધનો રાખવા શોભે નહી. સ્વાભાવિક છે બે માંથી એકની જ સત્તા પ્રધાનપણે રહેવાની છે. માટે ફેંટા-પાઘડી-ટોપો-ટોપી વગેરે સાધનો કાઢીને, દૂર કરીને પછી સિર-માથું નમાવીને નમસ્કાર કરવો તે ફેંટા વંદન કહેવાય. અહીંયા ક્રિયા નમસ્કારની અને નામ વંદનનું કહેવાય છે.



એજ અર્થમાં—'મત્થએણુવંદામિ' કહેવાય છે. પ્રાકૃતશબ્દનું સંસ્કૃત રૂપાન્તર —"मस्तकेन वंदामि" છે. અર્થાત્ મસ્તક–માથું નમાવવા પૂર્વક વંદન કરૂં છું. આમાં માથું નમાવવું એ ક્રિયા નમસ્કાર દ્યોતક ક્રિયા છે. મસ્તકવડે નો અર્થ જ માથું નમાવવાનો લેવાનો છે. નમસ્કારની ક્રિયા છે. પરન્તુ સમગ્ર ક્રિયાને વંદનમાં લઈ ગયા છે. એ એમ સૂચવે છે કે....નમસ્કાર પણુ વંદનાર્થક છે, અને વંદન પણુ નમસ્કારાર્થક છે. મત્થએણુ વંદામિ અને સિરનમણુઈસુ એ બન્નેમાં શબ્દ રચનાનો ભેદ છે. બાકી બન્નેનો એક જ અર્થ છે.



(૨) થોભવંદન—"खमासमण दुगि बीअं" બીઅં બીજું. વંદનનો બીજો ભેદ થોભવંદન તરીકે બતાવ્યો છે. આ થોભવંદન ખમાસમણુ પૂર્વક થાય છે. હકીકતમાં તો ખમાસમણુ એટલે ક્ષમાશ્રમણુ થાય છે. ખમાસમણુ પ્રાકૃત ભાષાનો શબ્દ છે. પ્રાકૃતભાષામાં 'શ્ર' નથી વપરાતો અને શ પણુ નથી વપરાતો. અર્થાત્ મૂર્ધન્ય 'ષ' અને તાલવ્ય 'શ' આ બન્ને પ્રાકૃત ભાષામાં નથી વપરાતા. સંસ્કૃત ભાષામાં વપરાય છે. સંસ્કૃતભાષામાં શ, ષ, સ એમ ત્રણુ સકાર વપરાય છે. પ્રાકૃતમાં માત્ર એક દન્ત્ય સકારજ વપરાય છે. અને 'શ્ર' માં સ અને 'ર' મળેલા છે, એટલે આવા સંયુક્તાક્ષરો જેમાં વિજાતીયનું મિશ્રણુ હોય છે તેવા મળેલા જોડાક્ષરો પ્રાકૃતમાં નથી વપરાતાં. શ્રી ની જગ્યાએ 'સિરિ' વપરાય છે.



અહીં ક્ષમા + શ્રમણ = ક્ષમાશ્રમણ શબ્દ છે. ક્ષમાના ધારક શ્રમણ એટલે સાધુ મહાત્મા તેમને વંદન કરવાના છે. માટે વંદન–નમસ્કાર કરવાનો છે. આ વંદનનું સૂત્ર હોવાથી એને થોભવંદન સૂત્ર કહેવાય છે. પરન્તુ આદ્યશબ્દ–પ્રથમાક્ષરી નામકરણની પદ્ધતિ પ્રમાણે એનું ખમાસમણ નામ પાડી દેવાયું છે. અને ઉચ્ચારણમાં અપભ્રંશ કરવા તરીકે ખમાસણું છે. ૧૨ ખામાસણાં દેવાના છે. એમ બોલાય છે.

હકીકતમાં થોભવંદનને પંચાંગ પ્રણિપાત કહેવાય છે. પાંચ અંગ નમાવીને દેવાતા વંદનને પંચાંગપ્રણિપાત કહેવાય છે. પંચાંગ–પંચ ÷ અંગ = પંચાંગ. પાંચ અંગો–તે આ પ્રમાણે છે. ૨ પગ–ઢીંચણ, બે હાથ–કોણી, અને ૧ (પાંચમું) મસ્તક. માથું. આ પાંચે અંગો ક્રમશઃ નમતાં જાય અને વંદન કરાતું જાય છે. પરન્તુ આ પ્રકારના વંદનમાં પણ પ્રથમ ફેટા વંદનની મુદ્રા આવી જવી જોઈએ. પંચાંગ પ્રાણિપાતને જ ખમાસમણ કહેવાય છે. આ સૂત્ર અને એનો અર્થ આ પ્રમાણે છે—

इच्छामि खमासमणो ! वंदिउं
जावणिज्जाए निसीहीआए मत्थएण वंदामि"

આને થોભવંદન સૂત્ર કહેવાય છે. આનો અર્થ આ પ્રમાણે છે. હે ક્ષમાદિ ગુણોના ધારક શ્રમણ એટલે સાધુ ભગવન્! શક્તિપૂર્વક આપને સુખ–શાતા પુછીને અવિનય–આશાતનાદિ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરીને માથું નમાવીને આપને વંદન કરૂં છું. શરીરના પાંચે અંગો–ક્રમશઃ પગ–હાથ–માથું નમાવતાં ક્રિયા સાથે સૂત્ર પાઠ બોલતા નમતા જઇએ. એ રીતે આ વંદન થાય છે. કાયયોગ ક્રિયાત્મક રીતે અંગો નમાવવા દ્વારા, અને વચનયોગ સૂત્રોચ્ચાર પૂર્વક તથા,

અનોયોગ નમ્રતા, નમોભાવપૂર્વક એમ ત્રણે મન-વચન-કાયાના ત્રિકરણ યોગ પૂર્વક વંદન નમસ્કાર કરાય છે.

(૩) દ્વાદશાવર્ત વંદન—

દ્વાદશ=એટલે ૧૨ (બાર) અને આવર્ત-ગોળાકાર ફેરવતા 'અહો કાયંકાય સંફાસં' બોલતા હાથ ચરણથી મસ્તકે અડાડવા પૂર્વક વાંદણાં લેતી વખતે જે કરાય તે આવર્ત. પહેલાં વાંદણાંમાં-અહો, કાયં, કાય સંફાસં, ના ૩ આવર્ત, અને "જત્તા ભે!, જવણિજ્જંચભે" આમાં પણ ૩ આવર્ત એમ પ્રથમ વખત વાંદણાં લેતી વખતે બોલાવામાં આવતા "સુગુરૂ વંદણ સૂત્ર"માં (વાંદણામાં) જે ૬ આવર્ત થયા, અને એજ પ્રમાણે બીજી વખતના વાંદણામાં ફરી ૬ આવર્ત થશે. ૩ + ૩, + ૩ + ૩ = ૧૨ આવર્ત થશે. એ બાર આવર્ત સાચવવા પૂર્વક જે વંદન કરવામાં આવે તેને દ્વાદશાવર્ત વંદન કહેવાય છે. આ ત્રીજા પ્રકારનું અંતિમ વિસ્તૃત વંદન છે. ઉપરોક્ત ત્રણે પ્રકારના વંદનો કોને કેવી રીતે કરાય છે તે ગુરૂવંદન ભાષ્યકાર સ્વયં ગાથાથી દર્શાવે છે—

तइयं तु छंदण दुगे, तत्थ मिहो ग्राइमं सयल संघे ।
वोयं तु दंसणीणं य, पंयट्ठियाणं च तइयं तु ॥

—ત્રીજું દ્વાદશાવંત વંદન જે બે વાંદણા પૂર્વક કરાય છે. આ ત્રણ પ્રકારના વંદનોમાં પહેલું ફેંટા વંદન જે મસ્તક નમાવવાથી, હાથ જોડવા પૂર્વક, અંજલી રચવાથી, તથા પાંચ અંગોમાંથી ૧-૨ અંગો યથાયોગ્ય નમાવવા પૂર્વક કરાય છે તે ફેંટાવંદણ શ્રી ચતુર્વિધ સંઘમાં ચારે વર્ગ અંદર અંદર અરસ-પરસ કરે છે. કરી શકાય છે. બીજુ પંચાંગ પ્રણિપાતના ખમાસમણા દેવા પૂર્વક પૂજ્ય સાધુ-સાધ્વીને કરાય છે. અને ત્રીજુ દ્વાદશાવર્ત વંદન "પયટ્ઠિયાણું ચ તઇયંતુ" પદ ઉપર બિરાજમાન મુનિને કરાય છે. તે પદ કહે છે—

आयरिय उवज्झाए, पवत्ति थेरे तहेव रायणिए ।
किइकम्म निज्जरट्ठा, कायव्वमिमेसिं पंचण्हं ।। १२ ।।

—આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, અને રત્નાધિક આવી પદવીઓના ધારક મહાત્માઓને સ્વનિર્જરાર્થે આ ત્રીજું દ્વાદશાવર્ત વંદન કરાય છે.

આ પ્રમાણે નમસ્કાર કરતાં પણ વિશેષ વિધિ યુક્ત જે વંદન કહેવાય છે તે કેવી રીતે કરવા? અને કોને કરવા? તેના અધિકારી વગેરે કોણ તે આપણને બતાવ્યા છે.

**વિનયની પરંપરા**

નમસ્કાર અને વંદન એ વિનયગુણના પ્રતીક છે. કે દ્યોતક છે. સરવાળે એમાં વિનયગુણ રહેલ છે, વિનમ્રતાનો ભાવ રહેલ છે. જીવ વિનીતભાવ દર્શાવી શકે છે. અને એ વંદન-નમસ્કારમાં જીવની વિનીત ભાવ, કે વિનયગુણથી યોગ્યતા, પાત્રતા, નમ્રતા આદિની ઓળખ છે. આપણે વિનયી થવું કે પછી અવિનયી ઉદ્ધત થવું? નમસ્કાર કરનારા થવું કે પછી તિરસ્કાર કરનારા થવું? ગુણવાન થવું કે દોષવાન થવું?

દોષવાન દુર્ગુણી શા માટે થવું? એમાં પ્રથમ કે પછી ક્યારેય કોઈ પણ પ્રકારનો લાભ નથી. જ્યારે વિનયાદિના આચરણમાં તો ઘણાં લાભો રહેલા છે. માટે વિનયગુણની પ્રશંસા શાસ્ત્રકાર મહર્ષિઓએ ખૂબ કરી છે. એટલું જ નહીં પણ એને પ્રાથમિક આવશ્યકતા ગણીને આચારની કક્ષામાં જ મૂકી દીધો છે અને કહ્યું છે કે

आयारस्सउ मूलं, विणओ सो गुणवओ य पडिवत्ती ।
सा य विहि वंदणाओ, विही इमो बारसावत्ते ।।३।।

ગુરુવંદણ ભાષ્યની આ ગાથામાં જણાવે છે કે "આચાર ધર્મનું મૂળ જ વિનય છે. અને આ વિનય ગુણવંત ગુરૂની ભક્તિરૂપ છે. અને ગુણવંત ગુરૂની આવી ભક્તિ વિધિપૂર્વક વંદના કરવાથી થાય છે. અને

એ વિધિ આ દ્વાદશાવર્ત વંદન આદિમાં કહેવાયેલ છે. આમાં ક્રમશઃ બતાવેલ છે. પ્રથમ આચારનું મૂળ વિનય ગુણ, અને વિનય ગુણથી ગુરૂ ભક્તિ–વિધિ પૂર્વક વંદનથી થાય છે.


આ પ્રમાણે વંદનમાં વિનયગુણની સત્તા દેખાડી છે. જો વિનય ગુણ હશે તો વંદન જરૂર થશે. પરન્તુ માત્ર વંદનની ક્રિયા હોય પણ વિનયગુણ ન હોય તો ક્રિયા-ક્રિયાની દષ્ટિએ થશે પરન્તુ આત્માને કર્મની નિર્જરાનો લાભ નહીં મળે. માટે ધર્મ ક્ષેત્રમાં સર્વ પ્રથમ વિનય ગુણની આવશ્યકતા ગણી છે. કહ્યું છે કે 'धर्मं प्रति मूलभूता ही वंदना' ધર્મ ક્ષેત્રે સર્વ પ્રથમ વંદન–નમસ્કારાદિ એ જ મૂળભૂત છે. પ્રથમ આવશ્યકતા એની જ છે.

જો કે વિનય સર્વ પ્રથમ ગુણ છે. અને એક વિનય ગુણની પ્રાપ્તિથી જ આગળ વધતાં વધતાં....ક્રમશઃ મોક્ષ સુધી પહોંચી શકાય છે. માટે વિનયથી મોક્ષ સુધીની ગુણોની નિસરણી બતાવી છે. એક એક સોપાન ગુણાત્મક રીતે આગળ વધતાં જવાય છે. આ ભાવને પ્રશમરતિકાર પૂજ્ય ઉમાસ્વાતિ વાચકવર્યે આ રીતે પ્રદર્શિત કર્યો છે—

विनयफलं शुश्रुषा, गुरूशुश्रूषा फलं श्रुतज्ञानम ।
ज्ञानस्यफलं विरतिर्विरतिफलं चाश्रवनिरोधः ॥७२॥
संवरफलं तपोबलमथ तपसो निर्जराफलं दृष्टम् ।
तस्मात् क्रियानिवृत्तिः क्रियानिवृत्तेरयोगित्वम् ॥७३॥
योगनिरोधाद् भवसन्ततिक्षयः सन्ततिक्षयान्मोक्ष ।
तस्मात्कल्याणानां सर्वेषां भाजनं विनयः ॥७४॥

विनय गुणनुं ફળ શુશ્રુષા એટલે શાસ્ત્રાદિનું શ્રવણ મળે છે. અને આવી સુંદર રીતે વિનયપૂર્વક ગુરૂ ભગવન્તોની સમીપમાં શાસ્ત્રાદિનું શ્રવણ કરવાથી શ્રુતજ્ઞાન–આગમોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એવા શ્રુતજ્ઞાનની ઉપાસનાથી વિરતિની પ્રાપ્તિ થાય છે. આ વિરતિથી આશ્રવ માર્ગ જે વડે પાપોનું આગમન થાય છે અને કર્મ બંધાય છે તે

રોકાય છે. એવા સંવરભાવની પ્રાપ્તિ થાય છે, આવા સંવરભાવથી તપ ગુણ પ્રગટે છે. અને તપથી નિર્જરા થાય છે. જબરદસ્ત કર્મોની નિર્જરા થાય છે. નિર્જરાના માર્ગે કર્મોને ખપાવી ને પછી આત્મા ક્રિયાની નિવૃત્તિ કરે છે. અને આવી ક્રિયાનિવૃત્તિથી ઘણો ઉપર ચઢતો જીવ યોગ નિરોધ કરે છે. બસ યોગ નિરોધ થવાથી ભવરૂપ જે સંસાર છે. પરિભ્રમણ છે તે ભવપરંપરાની નિવૃત્તિ સમાપ્તિ થાય છે. અને અન્તે ભવપરંપરા જ સમાપ્ત થઈ ગઈ એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ રીતે એક માત્ર વિનય ગુણની પ્રાપ્તિથી ઉપાસનાથી આગળ વધતાં વધતાં સરવાળે જીવ મોક્ષ સુધી પહોંચે છે. માટે કલ્યાણોની પરંપરાનું આ શ્રેષ્ઠ ભાજન કે પાત્ર વિનયગુણ છે. વિનયગુણની મોક્ષસુધીની નિસરણી આ પ્રમાણે સંભવ છે.




આ પ્રમાણે વિનયગુણની પ્રાપ્તિથી ઉત્તરોત્તર મોક્ષની નિસરણી ઉપર જીવ આગળ વધતો જ જાય છે. અને એકમાંથી બીજા ફળો પ્રાપ્ત કરતો જ જાય છે. એકનું ફળએ આગળ માટે ક્રિયારૂપ કારણ બની જાય છે. અને ફરી આગળનું કારણ ક્રિયારૂપ બનીને આગળના માટે કામ કરે છે. અને આગળનું ફળ પામતો જાય છે. એમ ક્રમશઃ પરંપરાએ મોક્ષ સુધી જીવ પહોંચી જાય છે. વિનય ગુણની આ પરંપરા

છે. બધી વાત સાચી. આટલા બધા ગુણોનો આધાર વિનય ઉપર છે. પરન્તુ વિનયનો આધાર કોના ઉપર છે ? ત્યારે કહેવું પડશે કે વિનય ગુણનો આધાર–નમસ્કાર અને વંદન ઉપર છે.

વિનય નમોભાવની દૃષ્ટિએ ગુણ પ્રધાન છે. અને એજ વિનય ગુણ નમસ્કાર અને વંદનની ક્રિયા ઉપર આધારિત છે. માટે વિનય ક્રિયાત્મક સાક્ય છે. નમસ્કાર અને વંદન તેની ક્રિયા છે. ગુણનું જ આચરણ તે ક્રિયા બની જાય છે. અને ક્રિયા કાર્ય બને છે. ક્રિયા ફળ અપાવે છે. નમસ્કાર અને વંદનની ક્રિયાએ વિનયનું ફળ અપાવશે. પછી વિનયનું ગુણ ઘુંટાતા ઘુંટાતા આગળ વધતા વધતા ઉપર ઉપરના વિશિષ્ટ ગુણો પ્રાપ્ત થશે. આ પ્રમાણે નમસ્કાર વંદનની ક્રિયા મહત્ત્વની છે. એજ વિનયસુધી પહોંચાડે છે. એકવાર મોક્ષની નિઃસરણી સુધી પહોંચવું જરૂરી છે. પછી તો ચઢવાનું જ છે. ચઢવા માટે પહોંચવું. અને પહોંચવા માટે નમોભાવ...નમસ્કાર નીવૃત્તિ–વંદનની ક્રિયા વગેરે સહાયક છે.

એક વાત ચોક્કસ છે કે આખો આધાર વિનય ગુણ ઉપર છે. મોક્ષપ્રાપ્તિનું મૂળ બીજ વિનય ગુણ છે. જેમ બીજમાંથી ફળની પ્રાપ્તિ થાય છે. તેમ વિનયના બીજમાંથી મોક્ષનું ફળ મળે છે. વિનય ગુણ ઉપર ઘણો મોટો આધાર છે.

**વિનય થકી શોભા છે—**

कुलरुपवचन यौवन धन मित्रैश्वर्य संपदपि पुंसाम् ।
विनय प्रशम विहीना न शोभते निर्जलेव नदी ।।६७।।
न तथा समहार्घ्यैरपि वस्त्राभरणैरलंकृतो भाति ।
श्रृत शील मूल निकषो विनीतविनयो यथा भाति ।।६६।।

આપણું કુળ, રૂપ, વચન, યૌવન, ધનસંપતિ, મિત્ર અને ઐશ્વર્ય સંપત્તિનો ઠાઠ આ બધા વિનય અને પ્રશમભાવ વિના નથી

શોભતા. જેવી રીતે પાણી વગરની નદી નથી શોભતી એ રીતે કુળ રૂપ આદિ બધા વિનય થકી શોભે છે. અર્થાત્ વિનય ગુણ વિનમ્ર ભાવ-સ્વભાવ વિના આ કુળ-આદિની કોઈ કિંમત નથી. એવી જ રીતે વર્તમાન કાળે મનુષ્યો કપડા અને દાગિનાથી પોતાની શોભા વધારવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. પરન્તુ હકીકતમાં તો માણસની શોભા આભુષણોં કે કપડાથી નહીં પરન્તુ શ્રુત અને શીલની કસોટીના પાષાણ રૂપી વિનય ગુણથી સુશોભિત થાય છે. અર્થાત્ ગુણથી શોભા છે. બાહ્ય દેખાવોથી નહીં. વસ્ત્ર-આભૂષણ તો માત્ર બાહ્ય શરીરની શોભા વધારશે. આત્માની શોભા કોણ વધારશે? વિનયાદિ ગુણ! રહિત વ્યક્તિ શોભતા નથી.

"નમોમાં ચુંબકીય શક્તિ—

નમસ્કારભાવમાં અને નમોગુણમાં Magnetic aenergy ચુંબકીય શક્તિ છે. જેમ એક ચુંબક પોતાની ચારે તરફ રહેલા લોહકણોને આકર્ષીને ખેંચી લે છે. એ જ રીતે નમોભાવથી વિકસિત થયેલો વિનયગુણ પણ ચુંબક બની જાય છે. તેનું કામ ચારે તરફના બધા ગુણોને આકર્ષીને ખેંચી લેવાનું છે. આથી વિપરીત જો વ્યક્તિમાં અભિમાન-કે અવિનય આદિ દુર્ગુણો હોય તો તે દુર્ગુણોં પોતામાં હોય તે અને તેટલા ગુણોને ફેંકી દઈને જીવન ખોખલું કરી નાંખે છે. માટે નમસ્કારભાવમાં ચુંબકીય શક્તિ છે.

નમસ્કારનો એવો નિયમ છે કે-જીવ જેને નમે છે તે નમસ્કરણીયના ગુણોંને ખેંચી લે છે. બીજાના ગુણોને ખેંચીને પોતામાં લાવવા, અથવા બીજામાં દેખાતા ગુણો પ્રત્યે આપણને લોભાવાનું કે આકર્ષાવવાનું કામ આ નમોભાવ, નમ્રતાનો ગુણ કરે છે. માટે નવકાર મહામંત્ર એમ કહે છે કે ગુણવાનને નમોં, ગુણોને નમો. નવકારમાં આવા મહાન ગુણવાન પાંખ-પાંચ પરમેષ્ઠિઓ છે. અને તેમના ગુણો પણ ઘણાં છે.

| | | | |
|---|---|---|---|
| (૧) અરિહંતના | — | ૧૨ | ગુણ. |
| (૨) સિદ્ધના | — | ૮ | ,, |
| (૩) આચાર્યના | — | ૩૬ | ,, |
| (૪) ઉપાધ્યાયના | — | ૨૫ | ,, |
| (૫) સાધુ પદના | | ૨૭ | ,, |
| પાંચ પરમેષ્ઠિના કુલ | | ૧૦૮ | ગુણો છે. |

એવા મહાન ગુણોના ધારક આપણાં પરમેષ્ઠિ ભગવંતો છે. એમને આપણે નમીએ છીએ. નમસ્કાર કરીએ છીએ. આપણો નમસ્કાર એક અને એમના ગુણોં કેટલા? ગુણોં અનેક અને એવા અનેક ગુણોં આપણા એક નમસ્કારથી ખેંચાઈને આપણામાં આવે છે. એ 'નમો ભાવની કેટલી મોટી ચુંબકીય શક્તિ કહેવાય? આને એક પ્રકારનો Megnetic force કહો કે Megnetie energy કહો. કે જે કહેવું હોય તે કહી શકાય છે. આ ચુંબકીય શક્તિ આકર્ષણનું કામ કરે છે.

આકર્ષણ પણ સજાતીયનું થાય છે. વિજાતીયનું નહીં. લોહ-ચુંબક જેમ લોહ કણ Iron Partical ને જ કરી શકે છે. પરન્તુ તે સિવાયના પત્થર કે પિત્તલ આદિને ગ્રહણ નથી કરતો. એ જ રીતે નમનાર–નમસ્કાર કરનાર સાધક જે નમસ્કરણીયને નમે છે. તે નમસ્કરણીયના જ ગુણોં આપણામાં આવે છે. ગુણોંનું જ આકર્ષણ થશે. ગુણોં જ સજાતીય છે. નમસ્કરણીય પરમેષ્ઠિ મહાત્મા પણ આત્મા છે. અને નમનાર આપણે પણ આત્મા જ છીએ. આત્મા તરીકે આપણે બન્ને સજાતીય કહેવાઈએ. અને આત્મ ગુણોની દષ્ટિએ પણ સાદૃશ્યતાના યોગે સજાતીય જ કહેવાઈએ. અરિહંત સિદ્ધાદિ પરમેષ્ઠિઓ આત્મ સ્વરૂપે છે. તે પરમાત્મા છે. અને આપણે નમનારા પામરાત્મા છીએ. પામર કે પરમ છેવટે તો બન્ને આત્મ સ્વરૂપે છે. દ્રવ્યથી તો સારૂપ્ય સાદ્રશ્ય છે. તો પછી ગુણની દૃષ્ટિએ પણ વિપરીતતા ન જ હોય. આત્માના જ ગુણો આત્મામાં આવે છે. જડના ગુણો ચેતનમાં

નથી આવતા. અને ચેતનના ગુણો જડમાં નથી જતા. આ સંક્રમણ નથી થતું માટે આ જગતનો અફર નિયમ છે. શાશ્વત સિદ્ધાંત છે. માટે નમો-નમસ્કારમાં રહેલી ચુંબકીય શકિત નમસ્કરણીયના ગુણોનું જ આકર્ષણ કરશે.

નમસ્કારની ચુંબકીય શકિત માત્ર ગુણોનું જ આકર્ષણ કરે છે એમ નહીં પરન્તુ સાથે સાથે નમસ્કરણીય અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ ભગવંતોનું પણ આકર્ષણ કરે છે. એમના વ્યકિતત્વ પ્રત્યે કરે છે. ઉભયાકર્ષક શકિત છે. જો આપણું આકર્ષણ એમના તરફ વધે તો આપણે બીજા દુન્યવી પદાર્થો ને ભૂલીને, અથવા જગતની અન્ય વ્યકિતઓને ભુલીને માત્ર એમના જ તરફ આકર્ષાઇએ. પછી બીજા તરફ જવાની કે નમવાની જરૂર પણ ન રહે. એવી જ રીતે વિચાર કરતાં લાગશે કે એમના ગુણોનું આકર્ષણ જો વધે તો પછી એમના સિવાય બીજા કોઈનાય ગુણો તરફ આપણું આકર્ષણ કયારેય નહીં વધે. જરૂર પણ નહીં પડે. કારણ કે ગ્રાહ્ય અને લેવા જેવા જે જે ગુણો આ જગતમાં છે તે બધા ગુણો સંપૂર્ણ પણે આ પંચપરમેષ્ઠિ ભગવંતોમાં જ છે. બીજે નથી. બીજે થોડા-ઘણાં નામ માત્ર માટે દેખાશે તો પણ તે ગુણો સંપુર્ણ પણે વિકસેલા નહીં દેખાય. માટે આપણને આટલો અદ્‌ભુત ગુણોનો ખજાનો એ નવકાર મહામંત્રમાં બિરાજમાન નમસ્કરણીય અરિહંતાદિ પંચપરમેષ્ઠિઓમાં જ મળ્યો છે પછી આપણે બીજે ભટકવાનું શેનું હોય? શા માટે બીજે જોવા જવાની પણ જરૂર પડે? બિલકુલ નહીં. જીવને સમજાવવો પડશે કે હે જીવ! જે છે તે બધું આ પંચપરમેષ્ઠિ નમસ્કાર સ્વરૂપ નવકાર મહામંત્રમાં જ પડ્યું છે. એમાં જ નિહીત છે. નવકારની બાહર કયાંય કંઇ જ નથી. જગતમાં કયાંય નથી. અર્થાત્ નવકાર મહામંત્રમાં ગુણ અને ગુણી સર્વે બિરાજમાન છે.

**નવકારમાં ગુણાનુરાગ છે.**

રાગ અને રાગને અનુસરનાર, એની પાછળ ચાલનાર અનુરાગ છે. અને તે પણ ગુણાનુરાગ અર્થાત્ ગુણોની પાછળ, ગુણોને અનુસરનાર તે ગુણાનુરાગ કહેવાય. નમસ્કાર કરનાર ગુણી છે કે નહીં? પરન્તુ નમસ્કરણીય જે ગુણી મહાત્માઓ છે તેમના પ્રત્યેનો જે ગુણાનુરાગ છે તેના કારણે સ્વયં નમનાર પોતે પણ ગુણી, ગુણીયલ કહેવાય છે. કારણ કે કોઇના ગુણો જોવાનો, ગુણો લેવાનો ભાવ પણ ગુણ છે એ અપેક્ષાએ નમનાર પણ ગુણવાન ગુણી છે. અને જેને નમી રહ્યો છે તે નમસ્કણીય પણ ગુણી છે. ઉભય પક્ષે ગુણસત્તા હોવાથી સાદશ્યતા આવે છે. એ રીતે નમનારાએ પણ ગૌરવ એ વાતનો લેવાનો છે કે છેવટે તો હું પણ એમની જ કક્ષામાં આવું છું. એમની જ જાતનો છું આજે એક ગુણવાલો છું અને એ પરમેષ્ઠિઓ અનન્ત ગુણવાલા છે. તો પછી હું પણ એક દિવસ એમના જેટલા અનન્ત ગુણોનો ધારક બની શકીશ.

એ માટે જોઈએ ગુણાનુરાગ કેળવવાનો રહે છે. અને ગુણાનુરાગ માટે નમસ્કારની પ્રવૃત્તિ ઘણી ઉપયોગી તથા આવશ્યક છે. જેને કોઇને ગુણાનુરાગ કેળવવો હોય તેમને નમો ભાવ-નમસ્કારની વૃત્તિ-પ્રવૃત્તિ વધારવી જ જોઈએ. જેમ સૂર્ય વિના દિવસ ટકી શકતો નથી. સૂર્ય હોય તો જ દિવસ ટકે છે. તેમ નમસ્કાર વિના ગુણાનુરાગ ટકી શકતો નથી. નમસ્કાર વૃત્તિ નમોભાવ હોય તો જ ગુણાનુરાગ ટકી શકે છે. ગુણાનુરાગી પણું એજ વિનમ્રભાવ છે. વિનયી વૃત્તિ છે.

માત્ર ગુણો પ્રત્યે અનુરાગ જાગવો, ગુણો ગમવા પછી તે ગુણો સ્વયં પોતાના જીવનમાં લાવવા કે નહીં? જોતાં સારા લાગ્યા, સારા છે ગુણો! પણ માત્ર સારા કહેવા. પૂરતા જ સારા કહીને છૂટી જવું? ના સારા લાગ્યા, દેખાયા અને ગમ્યા પછી તો સ્વીકારવા જોઇએ. જીવનમાં ઉતારવા જોઈએ. તે કેવી રીતે ઉતારવા? એ માટે નમો ભાવ, નમસ્કાર વૃત્તિ જ ઉપયોગી બનશે. નમસ્કાર ભાવ નમસ્કરણીય

વ્યક્તિની વધુ નજદીક લઈ જશે. એમને પોતાના જીવનમાં એ ગુણો કેવી રીતે વિકસાવ્યા છે? એ રીતે આપણને પણ વિકસાવવા–કેળવવાની કળા શીખવા મળશે. ગુણાનુરાગ જાગે તો જ નમસ્કાર સાચો એમ સમજવું. પંચપરમેષ્ઠિઓમાં જે ૧૦૮ ગુણો છે તે ગુણો પ્રત્યે આપણને આકર્ષણ જાગવું જોઇએ. અને ગુણોના બહાને ગુણોની જ ઉપાસના કરવાની છે. જાપ–ધ્યાનાદિ ગુણોના થશે. એમના ગુણોની જ માળા ગણવાની છે. કારણ કે આપણામાં અરિહંતાદિ પરમેષ્ઠિ વ્યક્તિઓ તો આવવાની કે ઉતરવાની નથી. એ મહાપુરૂષો તો મોક્ષે ગયા. હવે તો આપણામાં માત્ર એમના ગુણો આવે કે ઉતરે એજ સંભવ છે. તો પછી એજ દિશામાં પ્રયત્ન કરવો જોઇએ એમના ગુણોની જ માળા ફેરવવી જોઈએ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે કે—,'तेरे गुण की जपुं जपमाला"......હે ભગવન ! હું સદા તારા ગુણોની જ માળા ગણું છું. નામની માળા ગણવી અને ગુણોંની માળા ગણવી, બેમાં કેટલો તફાવત છે? જાપ નામનો થાય છે. અને ધ્યાન ગુણોનું ધરાય છે. એટલે જપમાળા નવકારવાલી ગુણોની ગણું છું. અર્થાત્ ધ્યાનની ધારામાં તારા ગુણોનું ધ્યાન ધરૂં છું. એટલા માટે નામ જપવા કરતાં ગુણોં જપવાની કક્ષા ઊંચી છે. અને એમાં જ સિદ્ધિ છે.

ગુણભક્તિથી જ દર્શન શુદ્ધિ પમાય છે. આ વાત સમજાવતાં દેવચન્દ્રજી મહારાજ કહે છે કે–સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે....દરિશન શુદ્ધતા તેહ પામે...! સ્વામી–અરિહતાદિ ભગવંતના ગુણોને ઓળખીને, ગુણોને જોતો જોતો જે સ્વામીની ભક્તિ–પૂજા વગેરે કરે છે તેજ ભાગ્યશાલી ભક્ત જીવ ! દર્શનની શુદ્ધિ પામે છે.—સાચા અર્થમાં પ્રભુ દર્શન પામે છે. પરમાત્મામાં ગુણ દર્શન એજ શુદ્ધ દર્શન છે. ગુણીના દર્શન અને ગુણોંના દર્શન બન્ને પ્રકારના દર્શન છે. આપણે બન્ને કરવાના છે. પ્રથમદર્શી ગુણીના દર્શન કરવાના છે. પછી આગળ વધીને ઊંડા ઉતરીને ગુણદર્શન કરવાના છે. જો કે મુખ્ય

સાધ્ય ગુણદર્શન છે. અને ગુણીના દર્શન સાધન છે. ઉભયના માટે નમોભાવ નિમિત્ત છે.

**નમસ્કાર સ્વલક્ષી છે—**

નમો પદની સાધના આત્માને સ્વસન્મુખ કરનારી છે. આત્મા નમસ્કાર વિના રાગ-દ્વેષની બાહ્ય પ્રવૃત્તિમાં સ્વનું ભાન ભૂલીને બાહ્ય પદાર્થોમાં રાચતો ફરતો હતો. એણે પોતાનું જ ભાન નથી રાખ્યું. એટલે હવે આ નમસ્કારભાવ આપણને આપણું પોતાનું જ ભાન કરાવે છે કે હે જીવ! તારે તારૂ લક્ષ રાખવાનું છે. તું તારી અંદર જોતાં શીખ.

નમસ્કારભાવ આપણને આપણી અંદર જોવાનું શિખવાડે છે. બીજા તરફ નહીં. આપણે નમસ્કાર પોતાના માટે કરીએ છીએ કે બીજા માટે? ના પોતાના માટે. આપણા નમસ્કારથી બીજાને લાભ નથી થવાનો આપણને પોતાને જ લાભ થશે. જેને નમસ્કાર કરીએ છીએ તે નમસ્કરણીયને શો લાભ થશે? કંઈ નહીં. લાભ કરનારને નમનાર ને થશે. માટે નમસ્કાર એ અન્તરમુખી સાધના છે. આપણને આત્માનુલક્ષી બનાવે છે. નમસ્કારના સાધકે સ્વલાભ જોવો છે. પરલાભ નહીં. નમસ્કાર કરવાથી સામે વાલા નમસ્કરણીયમાં શું પરિવર્તન આવ્યું? ના. મારામાં શું પરિવર્તન આવ્યું એ જોવાનું છે? મારી કષાયવૃત્તિ ઘટી કે નહીં? અભિમાન ઓગળ્યું કે નહીં? માનદશા ઢીલી પડી કે નહીં? નમ્રતા મારામાં વધી કે નહીં? વિનયનો ગુણ વિકસ્યો કે નહીં? આ પરિવર્તન આપણે આપણામાં જોવું અને લાવવું એ જ નમસ્કારની સાધનાનો મુખ્ય હેતુ છે.

**નમસ્કારભાવ નમાવનાર છે.**

ગૃહીણી સ્ત્રી પ્રભાતે ઘરમાં કાલનું વાસી પાણી ગાળીને શુદ્ધ કરે છે. જે ઘડામાં કાલનું વાસી પાણી છે. તેમાંથી પાણી કેવી રીતે

નીકળશે ? ઘડો નમાવવો પડશે. કેટલો નમાવવો ? જ્યાં સુધી પૂરેપૂરૂં પાણી ન નીકળી જાય ત્યાં સુધી નમાવવો જોઇએ. નમાવતાં....નમાવતાં.... જેમ જેમ ઘડો નમતો જશે તેમ તેમ એની અંદરનું જૂનું વાસી પાણી નીકળતું જશે. પછી ગાળીને નવું ભરી શકાશે. આ પ્રક્રિયાથી આપણે પણ શીખવાનું છે કે આ કાયા રૂપી ઘરમાંથી જૂનું વાસી બધું કાઢવું છે. કારણ કે કાયાને ઘટની ઉપમા તો ઘણે સ્થાને આપવામાં આવી છે. "घट घट में व्याप्त आत्मा" આ વાક્યમાં ઘટ શબ્દ કાયા માટે વપરાયો છે. અને એમાં વ્યાપ્ત થઇને રહેલ આત્મા એટલે આ કાયારૂપી ઘટને નમાવવાથી જ જૂનું-વાસી અંદરનું બધું બહાર નીકળશે. એ માટે જ પંચાંગ પ્રણિપાત છે.


પંચાંગ પ્રણિપાતમાં પ્રથમ હાથ જોડી કાયારૂપી ઘટને પકડીને નમાવતા જવાનું છે. પછી ઘુંટણીયે પડીને કાયાને અર્ધી નમાવવાની છે. પછી કેડથી નમાવીને ભૂમિ ઉપર બન્ને હાથની કોણી અડે એવી રીતે મૂકીને નીચે નમતા જવાનું છે, જેમ ઘડાનું મોઢું જમીને અડાડાય છે ત્યારે પાણી નીકળતું જાય છે. એમ આપણે પણ આ કાયાનું મોઢું-મસ્તક જમીને અડાડવું પડશે. આ મોઢું છે જે વડે અંદરનું જુનું બધું બહાર નીકળશે.

**નમસ્કારથી કર્મક્ષય**

આવી રીતે ઘડાની જેમ કાયારૂપી ઘડાને સંપુર્ણ નમાવવાથી અંદરના ભૂતકાળના જૂના વાસી પડેલા દુર્ભાવો, અહંકાર વૃત્તિના પાપો, અશુભ કર્મો નીકળતા જશે. આત્મા આવા અશુભ કર્મોને ઓકી કાઢશે. બસ આ પ્રક્રિયા સુન્દર છે. પંચાંગ પ્રણિપાત જ કાયાને સંપૂર્ણ પણે નમાવી દેનાર પૂર્ણ વંદન છે. હિન્દુ ધર્મમાં થતા સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરતાં પણ વધારે સારૂં પૂર્ણ વંદન છે. સાષ્ટાંગમાં શરીરના આઠે અંગ, દંડવત્ એટલે જેમ એક દંડા-દંડો કે લાકડી જમીન ઉપર સીધી પડી છે. સંપૂર્ણ પણે જમીન ઉપર સ્પર્શતી હોય તેમ આખા શરીરને દંડની જેમ જમીન ઉપર અડાડી દેવાનું હોય છે.

એટલે 'દંડવત્' શબ્દ વાપર્યો છે. અર્થાત્ "દંડની જેમ." સાષ્ટાંગ અર્થાત્ અષ્ટ–આઠ અંગ સહિત સીધા દંડની જેમ તે સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર.

આ પ્રમાણે 'સાષ્ટાંગ દંડવત્' અને પંચાંગ પ્રાણુપાત એ બન્નેમાં તફાવત જોતાં એમ લાગે છે કે વધુ નમાવનાર પંચાંગ પ્રણિપાત છે. એ કાયાને સીધી નહીં રાખે. કમરેથી વાળીને કમર–પીઠનો ભાગ ઉપસેલો ઉપર રાખીને મોઢું જમીને અડાડીને સંપૂર્ણ પણે નેતરની સોટીની જેમ વાળીને નમશે. એટલે અંદરથી જુનું બધું નિકળશે.



આ રીતે પંચાંગ પ્રણિપાતના નમસ્કારમાં જેટલું મહત્ત્વ કાયાને નમાવવાનું છે તેટલું જ મહત્ત્વ મનને નમાવવાનું પણ છે. પંચાંગ નમાવવા પૂર્વક દેવાતા ખમાસમણાની સાથે સાથે થોભવંદન સૂત્ર જે બોલાય છે તેમાં "વંદિઉ" શબ્દ વંદનનો ભાવ દર્શાવે છે. મન નમે છે. અને "જાવણીજજાએ"–શક્તિપૂર્વક–સુખ–શાતા પૂછવા પૂર્વક, અને "નિસીહિઆએ"–અર્થાત્ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરતાં, અથવા અવિનય–આશાતનાનો પણ ત્યાગ કરીને નમું છું, વંદન કરૂં છું.

વંદન કરવાના, નમવાના માટે વપરાતા આ નાના સૂત્રમાં પણ અહીં 'નિસીહિઆએ' શબ્દ શા માટે મૂકવો પડયો? કારણ એમને એમ નથી નમવાનું? પાપ ત્યાગ કરતાં કરતાં પાપોને છોડતાં છોડતાં, અવિનય–આશાતના ટાળતાં ટાળતાં નમવાનું છે. અવિનય કે આશાતના અહંકાર વૃત્તિમાં, કષાયવૃત્તિમાં થાય છે. અનુપયોગ ભાવે થાય છે માટે તેને ખપાવવાના છે. કાઢવાના છે. અને એ બધા પાપો નમસ્કરણીયને નમવાથી નિકળશે.

નમસ્કાર કરવાથી જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મ ખપશે. અને સૌથી વધારે તો મોહનીય કર્મ ખપશે. એમાં રહેલા કષાયાદિ દુર્ભાવો ટળશે અને તેજ આપણે કરવું છે. એ જ રીતે "જાવણીજજાએ" શબ્દ

શક્તિ પૂર્વકનો અર્થ સૂચવે છે અર્થાત્ અન્તરાય કર્મ તેમાં પણ વિશેષ વીર્યાન્તરાય કર્મ ખપાવવાનું છે. આ રીતે ચારે ઘાતી કર્મો ખપાવવાના છે. તે નમસ્કાર ભાવથી ખપે છે.

બાહુબલી મહાત્મા બારમહિનાની કાઉસ્સગ મુદ્રાની ધ્યાન સાધનામાં અન્તે નમસ્કાર ભાવ આવતાં તુરન્ત ચારે ઘાતી કર્મોને ખપાવીને કેવળ-જ્ઞાન પામે છે. પ્રક્રિયા નમસ્કાર ભાવની બની. કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં નમસ્કાર ભાવ સહાયક કારણ બન્યું.

**નમસ્કારજીવ ભાવે છે—**

નમસ્કારની ક્રિયા જીવ ભાવ સાથે સંબંધિત છે. અજીવભાવ સાથે સંબધિત નથી. જીવનાગુણોને લક્ષ રાખીને નમસ્કાર કરાય છે. અજીવના ગુણો તરફ લક્ષ નથી. ભલે આપણે અરિહંતાદિની પાષાણ પ્રતિમાને નમસ્કાર–વંદનાદિ જે કરીએ તેમાં પણ અજીવ —જડ–પાષાણને નમસ્કાર–વંદન નથી કરતા. તે પ્રતિમામાં પણ પુરૂષાકૃતિ બનાવી છે. તેમાં તે તે તીર્થંકર પ્રભુના ભાવો–શક્તિ વગેરે આરોપિત કર્યા છે. અને પછી જ દર્શન–પૂજા–સ્તુતિ–સ્તવના સમયે પણ તેના ગુણો ગાતાં ગાતાં. સંકીર્તન કરાતું જાય છે. માટે અજીવ–જડ–કે પાષાણરૂપે જોવાનો ભાવ નથી. પણ જીવ વિષયક ગુણો જોતાં નમસ્કાર કરાય છે. આવા રહસ્યો પાછળ હોવા છતાં અને પ્રત્યક્ષ આવાં હેતુઓ સ્પષ્ટ દેખાતા હોવા છતાં પ્રતિમા વિરોધીઓને પ્રતિમા જોતાંની સાથે કેમ અને કેવી રીતે અજીવ–કે જડ પાષાણ-ભાવ આવી જાય છે? સંભવ છે તેમની જડ બુદ્ધિના કારણે જ જડ-પણું જ દેખાતું હોય? માત્ર જડ ભાવે જ, કે પછી જ દૃષ્ટિથી જ પૂજવાની હોત તો ઘણા પત્થરો પડયા છે, ઘણી મોટી શિલાઓ પડી છે તેને જ પૂજી ના લેત? શા માટે નિરર્થક લાખો રૂપિયા ખર્ચીને આવી અદ્‌ભૂત મૂર્તિની રચના કરાવવી? મૂર્તિ ભરાવવી? અને પછી બીજા લાખો રૂપિયા ખર્ચીને પ્રાણપ્રતિષ્ઠા કરાવવી? આ બધું કોઇ કરત જ નહીં. શું આ કરનારા બધા મૂર્ખા હશે? એવું માની

લેવામાં પણ આપણી મૂર્ખતાનું પ્રદર્શન થાય છે. અને આવી રીતે જો પત્થરો જ પૂજવા હોત તો તો ડુંગરા ઘણાં મોટા છે? તો તો આખા હિમાલયને જ પૂજી લેત, પરન્તુ આવું નથી.

"નમો અરિહંતાણં"નો જ મંત્ર પદ આ પૂજામાં ચરિતાર્થ થઈ જાય છે. જાપમાં આ પદ બોલાય છે. પૂજામાં આ પદ આચરાય છે. ચરિતાર્થ થાય છે. દર્શનની પ્રક્રિયામાં પણ આ પદ આચરાય છે. માટે દર્શન–કે પૂજા પણ નમો ભાવે. પૂજ્યભાવે–નમસ્કાર મહામંત્રના આચરણની જ ક્રિયા થઇ ગઇ. નવકારને જ ચરિતાર્થ કરનારી ક્રિયા થઈ ગઈ. જાપમાં જે નવકાર Theoratical હતો તે જ નવકાર મહામંત્ર દેરાસરમાં દર્શન–પૂજાની ક્રિયામાં Practical થઈ ગયો છે. દેરાસરમાં આપણે નવકારમય બની જઇએ છે. પંચપરમેષ્ઠિની પૂજા એટલે પાંચે પરમેષ્ઠિ પ્રત્યેનો નમોભાવ, નમસ્કારગુણને ભાવકક્ષા સુધી વિકસાવી દઈએ છીએ. આ રીતે નમો ભાવમાં પૂજા રહેલી છે. પૂજ્યભાવ રહેલ છે. જીવલક્ષી ગુણોનું દર્શન રહેલું છે.... જીવહેતુક નમસ્કાર છે. અજીવ–જડ હેતુકનમસ્કાર છે.

**નમસ્કાર નમ્ર બનાવે છે—**

મનુષ્ય સામાજિક પ્રાણી છે. સમાજમાં જીવવા માટે સર્વ પ્રથમ સારા યોગ્ય સ્વભાવની જરૂરત પડે છે. સ્વભાવ ખરાબ હોય તો પોતાની જિન્દગી તો ખરાબ–દુઃખદાયિ થાય પરન્તુ સાથેની વ્યક્તિનું જીવન પણ નિરસ કરી નાંખતા હોઈએ છે. સારો સ્વભાવ કોને કહેવાય? અને ખરાબ સ્વભાવ કોને કહેવાય છે એ આપણને બધાને સારી રીતે ખબર છે. અને આપણો સ્વભાવ કેટલા ટકા સારો છે? અને કેટલા ટકા ખરાબ છે? એ જ પ્રમાણે બીજા ઘણાં લોકો છે તે ઘણાંમાંથી કેટલાના સ્વભાવો કેવા છે તેની પણ આપણને ખબર છે. સ્વભાવ સુધારીને સારી રીતે જીવીએ તો જીવવાની પણ મજા આવે છે અને નહીંતર ખરાબ સ્વભાવમાં તો જીવવું એ પણ એક સજા થઈ જાય છે.

૧૦

સ્વ + ભાવ = સ્વભાવ કહેવાય છે. સ્વ = એટલે આત્મા અને ભાવ = એટલે ગુણો. અર્થાત્ આત્માના ભાવ–ગુણો તે સ્વભાવ, ક્રોધાદિ કષાયો કરવા એ આત્માના ગુણો નથી. એ સ્વભાવ નથી. એતો બહિર્ભાવ છે. સ્વભાવમાં આત્મ ગુણો આવશે. પ્રથમ વિચાર કરીએ કે નમસ્કાર એ આત્માનો ગુણ છે. રેલગાડીમાં જેમ એન્જીન આગળ હોય છે અને તેની પાછળ બધા ડબ્બા હોય છે. તેમ બધા ગુણોમાં નમસ્કાર ગુણ બધા કરતાં આગળ હોય છે, નમોભાવ બધા ભાવોમાં સૌથી આગળ રહેનાર પ્રથમ ગુણ છે. નવકારના જાપથી, ચિંતન કે ધ્યાનથી જો એક નમસ્કાર ગુણથી, નમ્રતાની વૃત્તિ કે નમોભાવ પ્રગટ થઇ જાય તો બીજા બધા ગુણો તો તેની પાછળ રહેનારા છે.

નમ્રતા પ્રથમદર્શી જોયા પછી વ્યક્તિ સારી છે, નો ભાસ થાય છે. એમ નમ્રતાનો ગુણ નમોભાવ જોયા પછી એનો સ્વભાવ સારો હશે એ અનુમાન ઘણીવાર ખોટું નથી પડતું. કારણ કે નમ્ર વ્યક્તિએ પોતાના અહંકાર માન–અભિમાન, ઉદ્ધતાઈ, ઉચ્છૃંખલતા અવિનય આદિ દોષ–દુર્ગુણોને તિલાંજલિ આપી દીધેલ હોય છે. એટલે એવા ગુણીયલના મોઢે જે તે અપશબ્દો, ખરાબભાષા કે અભિમાન દેખાડવાપણું વગેરે નહીં દેખાય. માટે નમોભાવ પ્રગટ થાય તો સ્વભાવ સારામાં સારો થઈ શકે છે. નમોભાવની પાછળ બીજા બધા સ્વભાવોની સ્થિતિ રહેલી છે. એકને જ પ્રગટ કરવાની કોશિષ કરીએ તેજ લાભદાયિ છે. માટે જેટલા નમ્ર બનાય તેટલા વધુને વધુ નમ્ર બનવાની કોશિષ કરવી જોઇએ. આ સંકલ્પમાં નમસ્કાર મહામંત્ર પૂરતી મદદ પહોંચાડશે એમાં શંકા જ નથી.

### લઘુતા અને પ્રભુતા

અનેકાન્તવાદમાં અનેક વાદો–એટલે કથનો રહેલા છે. વસ્તુને અનેક રીતે જોવાની, અનેક અપેક્ષાઓથી વિચારવાની વિચારધારા અનેકાન્તવાદે આપી છે. પહેલાં જેમ આપણે વિચાર કર્યો હતો કે નમકાર સ્વપક્ષે લાભદાયી છે. અને પરપક્ષે નહીં. ત્યાં કહેવાનો

આશય જુદો હતો, અહીંયા આપણે લઘુતા અને પ્રભુતાના દૃષ્ટિકોણથી વિચાર કરી રહ્યા છીએ. નમસ્કાર ક્રિયાત્મક બન્યા પછી વારંવાર જો સતત ઉપયોગમાં આવતો થઈ જાય તો નમ્રતાના ગુણને પ્રગટ કરી દે. વારંવાર ઘસાતી અને ઘુંટાતી ઔષધ પણ ભસ્મ બની જાય છે. ગજબની શક્તિવાલી ભસ્મૌષધિ બની જાય છે. ઘણી ઉપયોગી બની જાય છે. એજ હેતુથી નમસ્કારને જ મંત્ર બનાવી દીધો છે. પ્રભુનું નામ એ મંત્ર છે? કે નમસ્કાર એ મંત્ર છે. ? 'નમો અરિહં-તાણું' પદમાં 'અરિહંત' એ પ્રભુનું વાચી પદ છે. અને નમસ્કારએ આપણી ક્રિયાનું દ્યોતક પદ છે.

એક જ પદમાં આપણું અને પ્રભુનું બન્નેનું સૂચન કરવામાં આવ્યું છે. આપણા માટે વાપરવામાં આવેલ 'નમો' પદ નમ્રતા–લઘુ-તાનો દ્યોતક છે, જ્યારે પ્રભુ માટે વપરાયેલ "અરિહંત" પદ પ્રભુતાનો સૂચક છે. હવે બે માંથી આપણે કોને મંત્ર બનાવવો ? કે પછી 'નમો અરિહંતાણું' બન્નેને સંયુક્ત કરીને મંત્ર બનાવવો વધારે સારો ? શું કરવું ? પ્રચલિતતા નમો અરિહંતાણુંની જ છે. બરોબર છે. કારણ કે બન્ને પદને છૂટા પાડીને જો કોઈ એક પદ સ્વીકારીશું તો પણ હેતુ નહીં સરે. માટે બન્નેને સાથે રાખવામાં જ વધુ લાભ છે. કારણ કે અરિહંત વિનાના એકલા નમસ્કારની કેટલી કીંમત ? પછી નમસ્કાર જ કોને ? અને નમસ્કાર વિના એકલું અરિહંત પદ રાખીએ તો શું કરવું ? કઈ ક્રિયા કરવી ? માંગ્યા વિના મા પણ નથી પિરસતી, તો નમસ્કાર કર્યા વિના તો અરિહંતના યોગે પણ નહીં તરાય. માટે 'નમો અરિહંતાણું' એ આખો મંત્ર જ લાભદાયિ બનશે.

નમો સ્વપક્ષે લાભદાયિ છે. કારણ કે નમોમાં લઘુતા દર્શાવી છે. જ્યારે પર પક્ષે પ્રભુતા દ્યોતક અરિહંત પદ છે. એક જ પક્ષમાં લઘુતા અને પ્રભુતા બન્ને પ્રગટ થાય છે. નમસ્કાર કરનારા નમનારા લઘુતા, નમ્રતા, વિનય–વિવેકનું સુચક પદ નમો પદ છે. નમો ગુણને જેવો હાથમાં લીધો, ઉપયોગમાં લઇને ક્રિયાન્વિત કર્યો ત્યાં આપણી લઘુતા–નમ્રતા ચોક્કસ તરી આવે છે.

આપણે નમસ્કાર કરીએ છીએ, કોને ? અરિહંતાદિને આપણો નમસ્કાર આપણા માટે લાભદાયિ કે અરિહંતાદિ માટે ? ચોક્કસ આપણને જ લાભ છે. પરન્તુ આપણા નમસ્કારથી પરપક્ષે અરિહંતાદિની પ્રભુતા, શ્રેષ્ઠતા, મોટાઈ, ગરિમા, વધે છે, જે છે તે વધે છે. વધારવામાં નિમિત્ત ભુત સહયોગિતાનો લાભ આપણા ફાળે જાય છે. જેમ જેમ પરપક્ષે અરિહંતાદિની પ્રભુતા શ્રેષ્ઠતા કે સર્વોત્કૃષ્ટતા વધતી જશે તેમ તેમ આપણામાં નમસ્કારની ગુણવત્તા પણ વધતી જશે. બન્ને પક્ષે લાભ લાભ છે.

**નમસ્કાર ફળદાયિ કે-મંત્ર ?—**

ક્રિયાત્મક રૂપે નમસ્કારને મંત્રથી જૂદો પાડીએ, અને મંત્ર ભાગને નમસ્કારથી છૂટો પાડીએ. કારણ કે નમસ્કાર વિના સ્વાહા, વષટ્, આદિથી પણ મંત્ર તો બને જ છે. પછી એવા ઘણા મંત્રો છે તેનો ઉપયોગ કરવામાં આવે. ઘણાં મોટા મોટા–લાંબા–ઘણાં અક્ષરોવાળા મોટા મંત્રો પણ ઘણાં હોય છે. જે જીવને આવા લાંબા મંત્રો ગણુતા જ ન આવડતા હોય ? ન ફાવતા હોય તો શું કરવું ? અને પાછા અશુદ્ધ ગણાઈ જાય તો પણ દોષ લાગે. તો પછી શું કરવું ? આ પરિસ્થિતિમાં કલ્પસૂત્રના રચયિતા પૂર્વધર મહાપુરૂષ ભદ્રબાહુસ્વામી પોતાની ઉવસગ્ગહરં સ્તોત્રની રચનામાં નમસ્કારનું મહત્વ જણાવતાં કહે છે કે—

> ચિટ્ઠઉ દૂરે મંત્રો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ ।
> નર તિરિએસુવિજીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ।।૩।।

ભાવ એવો જણાવે છે કે–હે પાર્શ્વનાથ ભગવાન ! તમારા નામનો બનેલો મોટો લાંબો મંત્ર તો દૂર રહો....અઢાર અક્ષરના લાંબા મંત્રો છે, અને એવી જ રીતે બીજા પણ લાંબા–મોટા મંત્રો અનેક છે. એવા મંત્રો ગણવા–જપવા પણ ન ફાવતા હોય તે તો દૂર રહો. પરન્તુ તમને ભક્તિભાવ પૂર્વક એક પ્રણામ–નમસ્કાર પણ કરવામાં આવે તો તે પણ ઘણાં ફળને આપનારો છે. તને પ્રણામ કરનારા પણ ઘણાં ફળ પામે છે. એવા પ્રણામ કરનારા માત્ર મનુષ્યો જ નહીં પણ તિર્યંચ જાતિના પશુ–પક્ષીઓ પણ પ્રણામ કરે તો બન્ને કક્ષાના જીવો દુઃખ અને દુર્ગતિ

પામતા નથી. દુર્દશા પામતા નથી. અર્થાત્ પ્રભુને પ્રણામ નમસ્કાર કરનારા જીવો દુઃખ–દુર્દશા–દુર્ગતિથી બચીને ઉપર ઉઠે છે. તને કરેલા પ્રણામમાં એટલો લાભ છે. તિર્યંચ પશુ-પક્ષીઓ પણ તરી જાય છે તો પછી મનુષ્યોની તો વાત જ ક્યાં રહી ?

"તુજઝ પણામો" એ શબ્દ સૂચવે છે કે પ્રભુને–તને કરેલ પ્રણામ તારે છે. નહીં કે એકલો નમસ્કાર, નહીં કે એકલા પ્રભુ, પણ બન્નેનો સંયુક્ત ભાવ તારે છે. પ્રભુ અને પ્રણામ બન્ને સંયુક્ત પણે તારનારા છે. માટે પ્રથમપદમાં "નમો અરિહંતાણં" સાથે મૂકયા છે. એકલો નમસ્કાર નહીં પણ અરિહંતને કરેલો નમસ્કાર એ ભાવ રાખેલ છે. એ તારે છે. એક નમસ્કાર પણ તારી શકે છે.

**એક નમસ્કાર તારે છે—**

એક નમસ્કાર પણ કેટલો સક્ષમ અને સબળ છે? એની પુષ્ટિનું પ્રમાણ સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્રમાં આવે છે-

**ઈકકો વિ નમુકકારો, જિણવર–વસહસ્સ વદ્ધમાણસ્સ ।**
**સંસાર સાગરાઓ, તારેઇ નરં વ નારિં વા ॥૩॥**

જિનેશ્વરોમાં પણ સર્વોત્તમ શ્રેષ્ઠ એવા શ્રી વર્ધમાન (મહાવીર) સ્વામી પ્રભુને કરાયેલો એક પણ નમસ્કાર નર–નારીઓને સંસાર સમુદ્રથી તારનારો બને છે. સંસાર એક ભયંકર સમુદ્ર છે. આવા ભયંકર સંસાર સાગરમાંથી કેવી રીતે તરવું ? કેવી રીતે બચવું ? મહાસાગરમાંથી ધર્મ વિના કેમ તરી શકાય? કેવી રીતે તરવું સંભવ છે ? જેમ વહાણ વિના સમુદ્ર તરવો સંભવ નથી. તેમ ધર્મ વિના સંસારસાગર પણ તરવો કેવી રીતે સંભવ છે ? આ જ ભાવને શાન્તિ સૂરી મહારાજ જીવવિચારમાં જણાવે છે

एवं अणोरपारे, संसारे सायरंमि भीमंमि ।
पत्तो अणंतखुत्तो, जीवेहिं अपत्त धम्मेहिं ॥४४॥

દુઃખે કરીને પણ પાર ન પામી શકાય એવા અપાર ભયંકર સંસારરુપી સમુદ્રમાંથી ધર્મને નહીં પામેલા જીવો તરી નથી શકયા. પણ અનન્તવાર મૃત્યુ ને પામીને મર્યા છે. વધુ ને વધુ ઉંડા ખૂંચી

ગયા છે. દેખીતી વાત છે ધર્મ પામ્યા વિનાના જીવો ચારગતિ રૂપ કાદવથી ભરેલા સંસારરૂપ સમુદ્રના ખાડામાં ડૂબી જાય છે. ખૂંચી જાય છે. તરી નથી શકતા. વાત સાવ સાચી છે.

નમસ્કાર ધર્મ છે. નમસ્કાર કરનાર ધર્મી છે. અને જેને નમસ્કાર કરાય છે. તે નમસ્કરણીય, વંદનીય, પૂજનીય, આદરણીય છે. આવા નમસ્કાર ધર્મ વિના જીવ ક્યાંથી તરવાનો? ન પામેલો પણ નથી તરવાનો અને પામેલો નમસ્કારનું આચરણ ન કરે, એ ક્રિયાને અમલમાં ન મૂકે તે પણ નથી જ તરવાનો. વાત સ્પષ્ટ જ છે. અને આ નમસ્કાર ધર્મ જે પામી ચુકયો છે. અને ભક્તિભાવ પૂર્વક નમસ્કાર કરે છે તે નમનાર જીવ ભલેને સ્ત્રી હોય કે પુરૂષ હોય? દરેક નમસ્કારધર્મી જીવો સંસાર સાગર ચોક્કસ તરી જાય છે. અને તે પણ એક નમસ્કાર માત્રથી જ.

એક જ નમસ્કાર એટલો પ્રબલ બની જાય, સક્ષમ અને સમર્થ બની જાય કે સંસારના નર નારીઓને આ સંસાર સાગરમાંથી પાર ઉતારી દે. પણ તે નમસ્કાર કેવો? કોને કરાયેલો? આવા ઘણાં પ્રશ્નો વિચાર માંગી લે છે. માટે કહ્યું છે કે જિનેશ્વરોમાં સર્વોત્તમ શ્રેષ્ઠ એવા શ્રી વર્ધમાન સ્વામી ભગવાનને કરાયેલો નમસ્કાર, અને તે પણ એક જ નમસ્કાર જો સબલ સક્ષમ હોય તો સંસારના નર-નારીઓને આ મહાસાગરથી તારવા માટે બસ છે. આવો એક નમસ્કાર કરનાર જીવ તરી જાય છે.

**સમર્થને કરાયેલો નમસ્કાર પણ સમર્થ—**

"સિદ્ધાણં-બુદ્ધાણં" સૂત્રની આ ત્રીજી ગાથામાં સ્પષ્ટ ધ્વનિ બન્ને પક્ષે નિકળે છે—એક તરફ તો વર્ધમાન સ્વામી કેવા? જિનેશ્વરોમાં વૃષભ સમાન સર્વોત્તમ શ્રેષ્ઠ છે. અને બીજી તરફ "ઇક્કો" શબ્દ પણ વાપર્યો છે. એક નમસ્કાર. તો વિચાર કરો કે એવો એક નમસ્કાર કેવો હોવો જોઇએ? હજારોમાંથી એક તારવવાની હોય ત્યારે કેવી સારી સુંદર સરસ વસ્તુ આપણે તારવીએ છીએ? એજ નિયમ પ્રમાણે વિચાર કરીએ તો સ્પષ્ટ દેખાશે કે—આપણે માળા ગણી એમાં

૧૦૮ નવકાર ગણ્યા. એમાં ૧૦૮ વાર નમસ્કાર કર્યા. અને ૧૦ માળા ગણીએ તો એક હજાર નમસ્કાર કરીએ પરન્તુ એ હજારમાં સારામાં સારો, ઊંચામાં ઊંચો, ઉત્તમ કોટિનો નમસ્કાર કયો ? એવો ૧ નમસ્કાર આપણે જુદો તારવી શકીએ કે નહીં ? અથવા તો પછી આજ દિવસ સુધી ૫૦-૬૦ વર્ષની ઉંમરમાં જેટલા નવકારો ગણ્યા છે એ બધા-માંથી તારવણી કરીને કહેવું હોય કે કયો શ્રેષ્ઠ-સારો ઉત્તમ નવકાર ગણાયો ? અથવા કયો નમસ્કાર શુદ્ધ ભાવપૂર્વકનો હતો ? આટલા બધા નવકાર ગણ્યા એમાં કયો નવકાર આપણી સ્મરણશક્તિમાં યાદ રહ્યો ? ઊંચા ભાવવાળો વિશુદ્ધનમસ્કાર જરૂર યાદ રહી જાય છે.

બાહુબલી મહાત્માએ એવો તે કેવો એક નમસ્કાર કર્યો, અને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું ? એવો કઈ કોટીનો ઉત્કૃષ્ટ નમસ્કારભાવ આવ્યો અને પગ ઉપાડતાં જ કેવળજ્ઞાન થઈ ગયું ? સ્પષ્ટ શબ્દોમાં લેખકને લખવું પડ્યું કે—"પગ ઉપાડયો રે વાંદવા....ઉપન્યું કેવળ-જ્ઞાન"....વાંદવા—વંદન કરવા જવા માટે જ્યાં પગ ઉપાડે છે ત્યાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. નમવા જવા....નમસ્કાર કરવાનો ભાવ આવતાં જ તેનો અમલ તુરંત કરવા લાગ્યા....નમસ્કારનો જેવો ભાવોલ્લાસ જાગ્યો એટલે તરત જ નમસ્કાર કરવા માટે ક્રિયાત્મક અમલ અને તે માટે પગ ઉપાડતાં જ, વંદનાર્થે પ્રભુ પાસે જવાની શરૂઆત એ જ કેવળ-જ્ઞાનમાં નિમિત્ત બને છે. હજી પ્રભુ પાસે પહોંચ્યા નથી કે ગયા નથી ? પરન્તુ "કડે માણે કડે" કરાતી ક્રિયા કરાઈ નો ભાવ વિચારીએ. ક્રિયાત્મક્તા.... સક્રિયતાનો ભાવ એમને કાયાથી ભલે સમવસરણે ન પહોંચાડે પરન્તુ મનથી-ભાવથી તો ત્યાં પહોંચાડી દીધા. મનોગત ભાવ. અને માનસિક રૂપે તો નમસ્કારની ક્રિયા થઈ જ ચુકી છે. ત્યારે એમ કહેવાય એ સાચું જ છે કે નમસ્કાર-વંદનથી અને તેવા ભાવથી બાહુબલીએ કેવળજ્ઞાન મેળવ્યું. માટે કેટલી ઉત્કૃષ્ટ કક્ષાનો નમસ્કાર હતો એ ?, એક નમસ્કાર અને તેનો ભાવ પણ કેટલો ઉત્કટ હતો ? આપણે પણ આપણી સમક્ષ આવો ઊંચો આદર્શ રાખવાનો છે. મન સામે ભાવ રાખવાનો છે કે....નમસ્કાર પણ કેવળજ્ઞાન આપનાર છે.

**એક પણ નમસ્કાર નિષ્ફળ નથી જતો—**

બે-ચાર છોકરાઓ ભેગા થઈને બગીચામાં ગયા. ત્યાં કેરી ખાવાની ઇચ્છા થવાથી કેરીના ઝાડ ઉપરથી કેરી પાડવાનો વિચાર કર્યો. નીચે પડેલા પથ્થરોમાંથી એક એક પથ્થર લઈને ઝાડ ઉપર ફેંકવા લાગ્યા. પહેલો પથ્થર, બીજો, ત્રીજો, પાંચમો, દશમો એમ કરતાં કરતાં બધા પથરા ફેંકે છે પણ કેરી નથી પડતી. છતાં પણ પ્રયત્ન નથી છોડતા. અને પંદરમો, વીસમો, પચ્ચીસમો પથ્થર ફેંક્યો અને અંતે સત્યાવીશમો પથ્થર એવો ફેંકાયો કે સીધો કેરીને લાગ્યો અને કેરી તરત જ નીચે પડી. એટલામાં એક સજ્જન ત્યાં આવ્યા અને કહ્યું-મૂર્ખ ! તો પછી પહેલેથી જ આ સત્યાવીશમો જ પત્થર ફેંકવો હતો ને ? આટલા બધા બીજા પથરાઓ શા માટે ફેંક્યા ? શું મળ્યું ? છોકરો કહે છે-પણ મને પહેલેથી એવી ક્યાં ખબર હતી ? કે આ પત્થરે જ કેરી પડશે ? માટે હું તો એક પછી એક એમ પત્થરો ફેંકતો જ ગયો.

આ પ્રસંગને ધ્યાનમાં લઈને આપણે વિચાર કરીએ કે.... શું એ બાળકે જે છવ્વીશ પત્થરો ફેંક્યા તે બધા નિરર્થક-નકામા હતા ? ના.... એક પણ પત્થર નકામો નથી. વિચાર કરતાં સ્પષ્ટ જણાશે કે પહેલો પત્થર ફેંક્યો ત્યારે તે બહુ જોરથી ફેંકાયો એટલે કેરીની આગળ જતો રહ્યો, એટલે સમજીને બીજો પત્થર ધીમે ફેંક્યો તો તે અધવચ્ચે જ પડી ગયો. એટલે ત્રીજો ફેંક્યો તો તે જમણી સાઈડ પડી ગયો, એટલે ચોથો ફેંક્યો તો તે ડાબી બાજુ ગયો, એટલે પાંચમો ફેંક્યો તો ડાળને અથડાઈને પડી ગયો. એ પ્રમાણે સમજી સમજી તે લક્ષ્ય તરફ ધ્યાન રાખીને પથરા ફેંકતો જ ગયો ત્યારે છેક સત્યાવીશમાં પત્થરે કેરી પડી.

આ પ્રસંગમાં ઝીણવટભરી નજરથી જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે હકીકતમાં એક પણ પત્થર નિરર્થક કે નકામો નથી ગયો. કારણ કે દરેક દરેક પત્થરે નિશાનો સાધવા માટે કંઈક ને કંઈક શીખવાડ્યું જ છે. એ પ્રમાણે બધા પત્થરો ઉપયોગી જ થયા છે.

આ ઉપમાઘટક દૃષ્ટાન્તને નવકાર મહામંત્રના વિષે વિચારીએ. કોઈ સાધક ૧૦૮ મણકાની માળા ગણે છે. અને કોઇ દિવસની ૮ થી ૧૦ માળા ગણે છે. અને કોઈ મહીનાની ૪૦૦ થી ૫૦૦ માળા પણ ગણુતા હશે. અને કોઈ વરસના ૧-૨ લાખ નવકાર પણ ગણુતા હશે. પ્રશ્ન એમ થાય છે કે... "સિદ્ધાણું બુદ્ધાણું સૂત્ર"માં કહ્યા મુજબ એક નમસ્કાર જ એવો કરવા પૂર્વક નવકાર ગણી લેવો કે જેથી પછી વારે વારે-રોજે રોજ વર્ષો સુધી નવકાર ગણુવા જ ન પડે. વાત તમારી સાચી છે.—પરન્તુ એ બાળકને જેમ ખબર નથી કે આ જ સત્યાવીશમો પથ્થર છે? તેમ આપણુને કયાં ખબર છે કે આજ એક છેલ્લો નવકાર છે. બસ હવે પછી ગણુવાની જરૂર નહીં રહે? એવી કક્ષાનો છેલ્લો નવકાર આવ્યો નથી ને? માટે રોજ ગણુવા જ પડે છે.

જેમ બાળકના ફેંકાયેલા પથ્થરોમાંથી એક પણ પથ્થર નિરર્થક કે, નિષ્ફળ નથી ગયો તેમ આપણા જેવા સાધકના તરફથી ગણાતા નવકારોમાંથી એક પણ નવકાર નિષ્ફળ નથી જતો એમ સમજીને ચાલીએ. ભલે ને નવકાર ગણુતાં ખરાબ વિચાર આવે છે, ખોટું બોલાય છે, ખોટા કામ થાય છે. બધી વાત સાચી પણ એની પણ ખબર કયાંથી —કયારે પડી? એક નવકાર ગણ્યા પછી એમ ખબર પડી કે આમાં તો આવા વિચાર આવ્યા છે માટે બીજામાં ધ્યાન રાખીએ, બીજામાં આવા વિચાર આવ્યા એટલે ત્રીજામાં ધ્યાન રાખીએ, અને ત્રીજામાં ઉંઘ આવી ગઈ માટે ચોથામાં જાગૃતિ રાખીએ, પાંચમામાં માળા હાથ-માંથી પડી ગઈ એટલે છઠ્ઠામાં વધુ સાવધાની રાખીએ. આ પ્રમાણે આઠમામાં, દશમામાં, પચ્ચાશમામાં, સોમાં, હજારમામાં થતું જ રહેશે. પરન્તુ આપણે લક્ષ્ય કે-સાધ્યને સામે રાખીને સાધના કરતા જ રહીશું તો સાવધાની આવતાં-આવતાં એક દિવસ અંતિમ નવકાર પણ આવી જશે. જેમ બાહુબલીને બાર મહિના લાગ્યા અને છેવટે એક અંતિમ નવકાર એવો આવી ગયો કે સીધું કેવળજ્ઞાન જ થઈ ગયું. બસ પછી

તો કોઇ સવાલ જ ન રહ્યો ? કેવળજ્ઞાન અપ્રતિપાતી છે. પછી તો સીધું મોક્ષે જ જવાનું રહે છે.

આ રીતે ધીરજ રાખી સાધના કરતાં જ જવું જોઇએ. ભણુતો વિદ્યાર્થી કદાચ નાપાસ થઈ પણ જાય તો તેને ઉઠાડીને ઘરે બેસાડી ન દેવાય જો ઘરે બેસાડી દેશો તો કયારેય પાસ નથી થવાનો સ્કૂલમાં હશે તો આ વર્ષે નહીં તો આવતા વર્ષે પણ પાસ થઇ જશે. એવી જ રીતે આ મન સાધના ક્ષેત્રે કદાચ નવકાર ગણુતાં નાપાસ થઈ પણ જાય તો માળા ગણવાની છોડી દઇને મનને બીજા કામમાં પરોવી ન દેવાય. બીજે કામે લગાડી ન દેવાય. જો માળા મૂકી દેશું, નવકાર છોડી દેશું ? તો ક્યારેય પણ આ મન સાધી નહી શકાય. માટે જયારે ત્યારે પણ આ મન નમસ્કારથી જ સધાશે. આજ એની ચાવી છે. એમ સમજીને સાધનામાં બાધા આવવા ન દેવી એ લક્ષ્ય રાખવાનું છે.

બીજું મનને તો અનાદિ અનન્ત કાળથી ભટકવાની ટેવ પડેલી છે. મનના સંસ્કાર તો ઇન્દ્રિયોના વિષયો પાછળ દોડવાના જ છે. વિષય વાસનામાં મહાલવાના છે. એને તો નવકારની સાધના કરવાના સંસ્કાર જ નથી. ટેવ જ નથી. અને હવે બળજબરી કરીને આપણે એને બેસાડવું પડશે, એટલે મનજીભાઈ થોડા નાટક તો કરશે. છોકરાને નિશાળે જવું અને ભણવું નથી ગમતું એને તો રમવું જ ગમે છે. તો શું કરવું ? નિશાળે ન મોકલવો ? ઉઠાડીને ઘરે બેસાડી દેશું તો શું પરિણામ આવશે ? એવું જ મનનું છે. એને પણ વિષય–કષાયનો, રંગ–રાગનો, મોઝ–મજાનો જ સંસાર ગમે છે. એમાં જ એને મજા આવશે. જેવી જેની ટેવ, જેના જેવા સંસ્કાર અને સ્વભાવ એમાં જ એને મજા આવતી હોય છે. ઉપાધ્યાયજી મહારાજ જ્ઞાનસાર અષ્ટકમાં ફરમાવે છે કે :

मज्जत्यज्ञः किलाज्ञाने, विष्ठामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥

આ રીતે સમજીને મનને મનાવી–સમજાવીને મન પાસેથી કામ લેવાનું છે. મનને ભુતકાળમાં આવા સુન્દર સાધનાના સંસ્કાર નથી

પડયા. એને વાસનાના જ સંસ્કાર પાડયા છે અને પડયા છે. એટલે બિચારું મન હવે શું કરશે? આપણે માળા હાથમાં લીધી એટલે મનજીભાઇને નિરાંતવળી. હરવા–ફરવા–રખડવા, ભટકવાની ફુરસદ મળી. નિરાંતે ફરવા જશે. પણ કયાં ફરવા જવું? એનો નિર્ણય એ મન એની ટેવો અને આદતો પ્રમાણે કરે છે. એમ મનને જવાની છૂટ મળી જાય છે. અને માળા ગણતાં મન ભટકવા મંડી જાય છે. ખોટા વિચારે ચઢી જાય છે. પરન્તુ એથી ગભરાવાનું નથી. કંટાળીને જો માળા જ મુકી દેશો કે નવકાર છોડી દેશો તો આ મન કયારેય પણ હાથમાં નહીં આવે. માટે મનને સાધવું જ હોય તો સાધના છોડવાથી કામ નહીં ચાલે.

માટે એમ સમજીને ચાલો કે... માળા ગણતાં પણ આ મન ખોટા વિચારે ચઢે છે. ન કરવાના વિચારો કરે છે...ચાલો માળા કે નવકાર ગણતા મનને ઓળખવા વિષેનું આટલું જ્ઞાન તો થયું? બહુ સારૂ થયું. એ રીતે મન ને પહેલા ઓળખવું પણ ખુબ જરૂરી છે. અને આ રીતે પણ, મનની આદતો, એની રમત, એની ટેવ અને સ્વભાવ સંસ્કાર વગેરે બધું જો ઓળખાઈ જાય તો. મનના વિષેની બધી જાણકારી–જ્ઞાન થઇ જાય પછી જ મનને સાધવો સંભવ છે. શકય છે સરલ છે અને આસાન થઈ પડે છે. માટે મનના કારણે નવકાર કે માળા મૂકી દેવાના નથી....નમસ્કાર બધા નિષ્ફળ કે નિરર્થક જ જાય છે. એવું માનવાની પણ જરૂર નથી. સાધનાનું ક્ષેત્ર છે. સાધનામાં ક્ષેત્ર નાનું છે. પણ કાળ લાંબો લાગે છે. ગણતાં ગણતાં આજે નહીં તો કાલે...એક દિવસ એક નવકાર એવો આવી જશે કે આપણે પણ બાહુબલીની જેમ કેવળજ્ઞાન પામી ને મોક્ષે જઈ શકશું.

**મનની સાધના માટે "નમ"**

મનः एव मनुष्याणां कारणं बंध–मोक्षयोः ।
क्षणेन सप्ततिं याति जीवस्तंदुलमत्स्येव ॥

મન એજ મનુષ્યો માટે કર્મબંધ અને મોક્ષ બન્નેનું કારણ છે. ક્ષણમાં તો સાતમી નરકે પણ લઈ જાય. જેમ તંદુલ નામના નાનકડા

માછલાને સાતમી નરકે જવું પડે છે. સમુદ્રમાં મોટા મહાકાય મગરની આંખની પાંપણના ખૂણામાં બેસી રહેનાર તંદુલ એટલે ચોખાના દાણા જેવડો નાનો પંચેન્દ્રિય મત્સ્ય પણ મગરને મોઢું ફાડીને માછલીઓનો આહાર અને પાણી લેતાં જૂએ છે. અને પછી પાણી બહાર ફેંકતા દાંતની વચ્ચેની જગ્યામાંથી જેમ નાના–નાના માછલાં જતાં રહે છે, આ દૃશ્ય જોઈને તંદુલ મત્સ્ય વિચાર કરે છે કે આની જગ્યાએ જો હું હોત તો એક પણ માછલાને છોડત નહીં....મુકત નહીં.

તંદુલ મત્સ્ય એટલો નાનકડો છે કે પોતે કંઇ જ ખાવાનો નથી. પરન્તુ વિચારધારાથી માનસિક પાપ એટલું ભયંકર ઉપાર્જન કરે છે કે....સાતમી નરકે જવાનો વખત આવે છે.

જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિ પણ મનના કારણે વિચારધારામાંજ માનસિક યુધ્ધે એવા ચઢયા કે....સાતમી નરક સુધી જવાની તૈયારી થઈ ગઈ. ભાન આવ્યું. આત્મદશા ફરી જાગૃત થઇ અને ફરીથી પશ્ચાતાપની ધારામાં ચઢયા....બસ....પછી તો શું જોઈતું હતું? સાતમી નરક તો તૂટી....સાતેય નરક તો સમાપ્ત થઈ ગઇ પણ....થોડી વારમાં કેવળજ્ઞાન પણ પામી ગયા...અને સર્વજ્ઞ કેવળી બની ગયા.

આવું છે આ મન. કર્મબંધનમાં પણ આ મન જ કારણ છે. અને કર્મક્ષયથી મોક્ષ મેળવવામાં પણ આ મન જ કારણ છે, સાતમી નરકમાં પણ મન જ લઇ જાય છે અને મોક્ષે પણ આ મન જ લઈ જાય છે. સારા–અને ખરાબ બન્ને કામો મનના જ છે. માટે મન ખરાબ જ છે. અથવા સારૂ જ છે. એવો એક પક્ષીય નિર્ણય કરી ન લેતાં. મન તો જડ છે. સારુ પણ છે અને ખરાબ પણ છે. સારા માર્ગે વાળો અને કર્મ નિર્જરા કરાવે તો સારામાં સારો અને ખરાબ રસ્તે વાળીને કર્મબંધ કરાવે તો ખરાબમાં ખરાબ પણ છે.

આવા મનને કેવી રીતે વાળવું? શું ઉપાય છે? એની શોધ આપણે કરવી પડશે. આ ઉપાય બહુ જ સ્પષ્ટ અને સરલ છે. સાવ સાદો છે. મન જે શબ્દ છે. તેને જ વિપરીત અક્ષર કરીને જોઈએ

તો ખ્યાલ આવશે. એટલે આગળનો 'મ' પાછળ મૂકો અને પાછળનો 'ન' અક્ષર આગળ મૂકો પછી જૂઓ શું શબ્દ બને છે?

મન, મ + ન. → નમ

નમ. ન + મ → મ ન

નમસ્કાર. નમ + સ્કાર, 'નમો' – न + म् + ओ.

સંસ્કૃત ભાષામાં મનઃ નો વિપર્યાસ નમઃ, અને નમઃ નો વિપર્યાસ 'મન' થશે. આ રીતે વર્ણ વિપર્યાસ કરીને અક્ષરો પાછળના આગળ, અને આગળના પાછળ મૂકીને શબ્દ વિપરીત કરીને જોવાથી ખ્યાલ આવશે કે—નમસ્કાર શબ્દમાંનો જ પ્રથમ નમ શબ્દ છે. અને નમ નું જ ઉંધુ કરવામાં આવે તો મન બને છે. અને મનનું જો ઉંધુ કરવામાં આવે તો નમ બને છે. માટે આ બન્ને શબ્દોને જોઈને—મેળવીને સારી રીતે વિચાર કરીએ તો એક બીજાના સહયોગી લાગે છે કે નહીં? એમ લાગે છે કે—મનને સાધવા માટે 'નમ'ની સાધના અથવા નમસ્કાર કરવાની સાધના કરવી પડે. નમસ્કાર શબ્દમાં મૂળમાં 'નમ' ધાતુ નમવાના અર્થમાં સંસ્કૃત વ્યાકરણમાં છે. નમ્ એટલે નમવું. આ રીતે મનને અન્દર જ સંબોધન કરીને સમજાવતા કહીએ કે....હે મન ! તું નમ, હે મન ! તું નમ...., નમતો જા, નમસ્કાર કરતો જા, નમન કરતો જા, નમસ્કાર મહામંત્ર જપતો જા, ગણતો જા, ધ્યાન જાપ વગેરે સાધના કરતો જા, જેથી સંભવ છે મનને વશમાં કરી શકાય. માટે મનને નમ–નમવાના કામે લગાડવાથી પણ મન સાધી શકાશે.

**મનને નમાવવા પૂર્વક નમસ્કાર**

હાથ જોડવા, માથું નમાવવું, પંચાંગપ્રાણિપાતના પાંચેય અંગો નમાવવા કે પછી સાષ્ટાંગ દંડવત્ નમસ્કારમાં આખું શરીર જ જમીન ઉપર સુવાડી દેવું...વગેરે શરીરના અંગો નમાવવાપૂર્વકની આ નમસ્કાર ક્રિયાને આપણે શારીરિક નમસ્કાર કહીશું. પરન્તુ

એનાં કરતાં પણ વિશેષ માનસિક નમસ્કાર કોને કહીશું ? શું નમસ્કાર માત્ર શારીરિક જ કરવો અને મનોજન્ય માનસિક નમસ્કાર ન કરવો ? શું મનથી નમસ્કાર નથી થતો ? ના... એવી વાત નથી. આપણો નમસ્કાર માત્ર કાયિક જ રહી જાય છે. અને માનસિક નથી થતો એટલે જ તો મન નથી જીતાતું અને એટલે જ તો આપણે માર ખાઈએ છીએ. આ હેતુથી આપણને સાધનાના ક્ષેત્રે એમ કહેવાય છે કે—

माला फेरत जुग गया, गया न मनका फेर ।
करका मनका डाल दे, मनका मनका फेर ।।

સાચું જ કહ્યું છે કે—હે જીવ ! માળા હાથમાં લઈને ફેરવતાં ફેરવતાં તો યુગોનાયુગો વીતી ગયા છે. (યુગ વર્ષવાચી સંજ્ઞા છે પાંચ વર્ષનો એક યુગ કહેવાય છે) આટલા યુગોના સેંકડો વર્ષો માળા ફેરવતાં–વીતિ ગયા છે, છતાં હજુ સુધી પણ મનનો ફેર ગયો નથી. મનમાં કંઇ જ ફરક પડયો નથી. તો પછી હાથમાં રહેલી જે મણકાની માળા છે તેને મૂકી દે. અને એની જગ્યાએ આ મનને જ મણકો બનાવીને હાથમાં રાખીને ફેરવવા માંડ. અહીંયા કવિ.... 'મણકો શબ્દ વાપરીને મનને જ મણકો બનાવીને ફેરવવાની વાત કરે છે. માળા શું છે ? ૧૦૮ મણકાને દોરામાં પરોવ્યા એટલે તે માળા બની ગઇ. અને એ માળાને હાથમાં લઈને એના મણકાને પકડીને આપણે માળા ફેરવીએ છીએ પણ એથી તો વર્ષો–યુગો વીતવા છતાં પણ મનમાં કોઈ ફેરફાર આવતો નથી. માટે વિચાર કરવા જેવો છે.

પકડવો તો મનને જ હતો, મનને જ મણકો બનાવીને એને જ હાથમાં અર્થાત્ વશમાં રાખીને માળા ફેરવવાની હતી પરન્તુ સાધકની ભૂલ થઈ ગઈ છે અને મનને તો છૂટો મૂકી દીધો અને માળાનો મણકો હાથમાં આવી ગયો તેને જ ફેરવવા લાગી ગયો છે. પરન્તુ એમાં તો વર્ષો–ના વર્ષો વીતિ જશે તો પણ સાધના સાધ્ય તરફ આગળ નહીં વધે, સાધ્યને સાધી નહીં શકે. માટે મનની જ સાધના કરવાની છે: અર્થાત્ મનને સાધવાની સાધના કરવાની છે.

**નમસ્કાર એ માનસિક સાધના—**

વર્ણ વિપર્યાસ કરીને જે મનને નમાવવાની વાત કરી છે તેમાં મનને જ મણકો બનાવીને તેને જ નમાવવાનો છે. શારીરિકની સાથે સાથે માનસિક નમસ્કાર કરવાના છે. શરીર નમે ત્યારે અંદર જોઇએ. આંતરદૃષ્ટા બનીને અંદર જોઇએ કે અંદરથી મન નમે છે કે નહીં ? અંદર શું થઈ રહ્યું છે? નમસ્કાર ભાવ જાગે છે કે નહીં ? જો ભાવ જાગે છે તો સમજવું કે મન નમી રહ્યું છે. અને નમસ્કાર ભાવ જ ન જાગતા હોય તો એમ સમજવું કે આ તો માત્ર કાયિક નમસ્કાર છે. શારીરિક છે પણ માનસિક નમસ્કાર નથી થયા. અને માટે જ કાયિક નમસ્કારને દ્રવ્ય અથવા બાહ્ય નમસ્કાર કહ્યા છે. અને માનસિક નમસ્કારને જ ભાવ અથવા આભ્યન્તર નમસ્કાર કહ્યા છે. દ્રવ્ય કે બાહ્ય કાયિક નમસ્કાર તો આપણે ઘણાં કર્યા, વર્ષોથી કર્યા, કરતા આવ્યા છીએ....પરન્તુ હવે સાધનાના ક્ષેત્રમાં થોડા આગળ વધીએ અને ભાવ આભ્યન્તર માનસિક નમસ્કાર કરતાં શીખીએ. એમ કરતાં-કરતાં આપણી આ નમસ્કારની સાધના સાર્થક અને સફળ થાય.

માટે નમસ્કાર એ મનને સાધવાની સાધના છે. મન પાસે કરાવવાની સાધના છે. માનસિક સાધના છે. એને માત્ર કાયિક જ ન રાખીએ. માનસિક સાધના થશે ત્યારે જ મન સુધી પહોંચશે. મનને અસર કરશે. તો કંઈક ભાવ આવશે. ચિન્તનની ધારા શરૂ થશે. અધ્યવસાયની શુદ્ધિ થશે, પરિણામોની વૃદ્ધિ થશે. અન્યથા સંભવ નથી. મનને કામે લગાડવાની, મનને પરોવવાની, નમસ્કારમાં મન ને પરોવવાની સાધના એ નવકારની સાધના છે. નવકાર માટે જ મનને નમસ્કારના કામમાં પરોવી શકશે. નમસ્કાર કરવાના કામમાં મનને લગાડી શકશે. માટે મનને સાધવાનો, મનને વશમાં રાખવાનો, મનને જીતવાનો સરલ સાદો ઉપાય અથવા સાધના તે નવકારની સાધના છે. સુંદર છે, સરસ છે, સરલ છે.

**“નમો”ની આજ્ઞા સૂચકતા—**

લોક વ્યવહારમાં શબ્દરચનામાં “ઓકાર” એ અક્ષરનો ઉચ્ચાર આજ્ઞા અર્થમાં આવે છે. શબ્દમાં અંતે ‘ઓ’ અક્ષર મૂકીને આજ્ઞા

આપવામાં આવતી હોય છે. આવો, જાઓ, ખાઓ, પીઓ, રહો, ચાલો, બેસો, ઉઠો, રમો, દોડો, કૂદો, નાચો, વગેરે. સેંકડો ધાતુઓને અંતે 'ઓકાર' લગાડીને બોલવામાં આજ્ઞાનો ધ્વનિ પાછળ રહેલો સ્પષ્ટ નજરે પડે છે. એજ પ્રમાણે 'નમો' ('णमो') શબ્દમાં પણ આજ્ઞા–આદેશનો ધ્વનિ રહેલો છે. નમ + ઓ = નમો. નમો અર્થાત્ નમતા જાઓ. નમસ્કાર કરતા જાઓ. પણ કોને ? એટલે આગળ 'અરિહંતાણ' પદ મૂકયું છે. અરિહંતોને નમો, સિદ્ધોને નમો, આચાર્યોને નમો, ઉપાધ્યાયોને નમો, સાધુ મહારાજોને નમો. આ પ્રમાણે મહામંત્રમાં નમો એ આજ્ઞા કરી છે. અને કોને નમો ? એ માટે પાંચે પરમેષ્ઠિ બતાવ્યા છે. એમને જ નમો. અને તેમાં પણ અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિ વાળા પદોમાં પણ નમો પહેલા આગળ મૂકયો છે. એ ક્રમ પણ પહેલા નમવાની આજ્ઞા કરે છે. અરિહંતાદિ પંચપરમેષ્ઠિ ભગવંતો પાસે જાઓ તો નમીને જાઓ. પહેલા નમો અને પછી તેમને મળો. આટલો ભાવપણ મનને સમજાવી દઈએ તો કેટલું સારૂં ?

**નમ: ની સિદ્ધિ—**

પ્રાકૃત ભાષામાં 'નમો' અને ન–નો ण થવાથી 'णमो' એમ બન્ને છે. નમો પ્રાકૃત ભાષાનો શબ્દ છે. એનું સંસ્કૃત 'નમ' થાય છે. સંસ્કૃત ભાષાના 'नमस्ः' અવ્યયથી 'नमो' બને છે. 'નમઃ' એ નૈપાતિક સિદ્ધ પદ છે, સંસ્કૃત વ્યાકરણમાં સાધ્નિકા ક્ષેત્રે 'નમઃ' ને નિપાત સિદ્ધ કહેવામાં આવેલ છે. સ્વયંસિદ્ધ છે. 'નમ્' ધાતુ સંસ્કૃતમાં નમવાના અર્થમાં વપરાયેલ છે. નમ ધાતુને 'असुच' પ્રત્યય લગાડવાથી 'नमस्' બને છે. स् નો र् અને (र पदान्ते विसर्गतयोः)ના નિયમથી નમઃ બને છે. नमस्ः नमर् અને અન્તે 'नमः' બને છે. આનો પ્રાકૃતમાં 'नमो' બન્યો. नमोએ નિપાત સિદ્ધ નૈપાતિક પદ છે. અને અવ્યય છે. અવ્યય સ્થિરભાવે સદા સર્વત્ર એક સરખું જ રહે છે. "यन्न व्येति तदव्ययम्" ના નિયમ મુજબ અવ્યય તેને કહેવાય જેને કયારેય વ્યય નષ્ટ ન થાય તે.

આપણે સર્વે આવા નમોભાવની સતત ઉપાસના કરીને અવ્યય અક્ષય પદની પ્રાપ્તિ કરીએ એજ શુભ ભાવનાં.

શ્રી ચિન્તામણી પાર્શ્વનાથાય નમઃ

વિ. સં. ૨૦૪૪ ના ચાતુર્માસમાં બિરાજમાન

## પ. પૂ. મુનિરાજ અરૂણવિજયજી મ. સા.

શિષ્ય પૂ. મુનિશ્રી ધનપાલવિજયજી મ., પૂ. મુનિશ્રી હેમંત-
વિજયજી મહારાજ આદિની પવિત્ર નિશ્રામાં

**શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે. મૂ પૂ સંઘ**

અમદાવાદ.

— ના ઉપક્રમે શ્રી સંઘ દ્વારા આયોજિત —

**卐 ચાતુર્માસિક રવિવારીય ધાર્મિક શિક્ષણ શિબિર 卐**

ના અંતર્ગત ચાલતી

**શ્રી નમસ્કાર મહામંત્ર**
**રવિવારીય સચિત્ર પ્રવચનમાળા**

— ની પ્રસ્તુત પ્રકાશિત પુસ્તિકા —

પ. પૂ. આચાર્ય શાસનસમ્રાટશ્રીના સમુદાયના આજ્ઞાવર્તિનિ
પ. પૂ. સાધ્વીજી શ્રી ચારિત્રશ્રીજી મ. ના સદુપદેશથી

## શ્રાવિકા સુશીલાબેન ચિમનલાલ

[illegible] ટ્રસ્ટ

Serving JinShasan
040544
gyanmandir@kobatirth.org

ચિન્તામણી સે[illegible] સં. ૨૦૪૪ ના
જ્ઞાન [illegible]૦/ પુરા
ના[illegible]થી
આ પુસ્તિકા છપાવીને પ્રસિદ્ધ કરાવવામાં આવી છે.

PRINTED BY DILA AHD. PH. 380067 BOM. PH. 313897